અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 109 , Dt.18-02-2023 (Saturday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

egistration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

સાયલા પાસે ધોળે દિવસે આંગડીયા પેઢીની ૧૪૦૦ કિલો ચાંદીની લૂંટ

રાજકોટથી અમદાવાદ જતી આંગડીયા પેઢીની કારનો પીછો કરીને લૂંટ ચલાવતા ઉતારુંઓ પોલીસની ચારેતરફ નાકાબંધીઃ ૩ કારમાં નાસી છુટેલી લૂટારૂ ટોળકીને ઝડપવા માટે પોલીસની ૧૭ ટીમો બનાવાઈઃ આંગડીયા પેઢીની બોલેરો પીકઅપ વાનના ડ્રાઈવર અને ક્લીનરની સખ્ત પૂછપરછ

તસવીરઃ પંકજ ડાભી

સમગ્ર વિસ્તારના સીસીટીવી ફૂટેજની ચકાસણી શરૂઃ ગુજરાત બહારની લૂંટારૂ ટોળકી હોવાની શંકા દર્શાવતા રેન્જ આઈજીઃ સુરેન્દ્રનગર ધસી જતા આઈજી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓઃ રાજકોટ અમદાવાદ હાઈ-વે પર સાયલા પાસે બનેલી મોટી લૂંટની ઘટનાથી રાજ્યભરમાં ખળભળાટ, રાજકોટથી જ આંગડીયા પેઢીને બોલેરો વેનનો લુંટારૂઓ ૩ કારમાં પીછો કરતા હોવાની શંકા

રાજકોટ, તા.૧૮

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં હાઈ-વે દિવસે દિવસે વધુને વધુ અસુરક્ષિત બની રહ્યાની હકીકતને સાકાર કરતી એક અત્યંત ચોંકાવનારી ઘટનામાં આજે વહેલી સવારે રાજકોટ-અમદાવાદ હાઈ-વે પર સાયલા નજીક રાજકોટની આંગડીયા પેઢીની કારને આંતરીને લૂંટારૂ ટોળકીએ એક હજાર કિલોથી વધુ ચાંદીના જથ્થાની લૂંટ ચલાવી હોવાનું પોલીસમાં જાહેર થયું હતું. એકદમ ટ્રાફિકથી ધમધમતા હાઈ-વે પર વહેલી સવારે લૂંટની દિલધડક ઘટના બનતા રાજ્યભરમાં ખળભળાટ મચી ગયો છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે ધસી ગયા છે. રાજ્યમાં ચારેતરફ હાઈ-વે પર નાકાબંધી કરવામાં આવી છે. પોલીસની અલગ અલગ ૧૭ ટીમો બનાવીને રાજ્યભરમાં લૂંટારૂઓનું પગેરું શોધવા માટે પોલીસની તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. સાયલા પાસે રાજકોટની આંગડીયા પેઢીની કારને આંતરીને લૂંટ ચલાવી ૩ કારમાં આવેલા લૂંટારૂઓ પલાયન થઇ ગયા હતા. અંદાજે રૂ.૩.૮૮ કરોડની કિંમતની ચાંદીની લૂંટ કરી જવાઈ હોવાની ફરિયાદ કરી છે. ઘટનાની જાણ થતા જ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા.

આ સનસનાટીભરી દિલધડક લૂંટની ઘટના અંગે રેન્જ આઈજી અશોકકુમાર યાદવે મીડિયાને વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યની તમામ સરહદો સીલ કરવામાં આવી છે. સમગ્ર વિસ્તારના સીસીટીવી ફૂટેજની ચકાસણી કરવામાં આવી છે. લૂંટમાં વપરાયેલી ગાડીની સીસીટીવીના આધારે તપાસ કરવામાં આવી રહી છે. પ્રારંભિક તપાસમાં લૂંટારૂ ગેંગ ગુજરાત બહારની હોવાનું પોલીસ માની રહી છે. ૩ કારમાં ૭ થી ૮ લૂંટારૂ હોવાનું પોલીસને અંદાજ છે. ત્રણેય કારમાં રાજકોટથી જ લૂંટારૂઓ આંગડીયા પેઢીની બોલેરોનો પીછો કરી રહ્યા હોવાનું પોલીસને જાણવા મળ્યું છે.

વહેલી સવારે રાજકોટથી બોલેરો પીકઅપ કારમાં રણછોડનગરની ન્યુઝએર સર્વિસ નામની આંગડીયા પેઢીમાંથી અંદાજે એક હજાર કિલોથી વધુ ચાંદી અને ઝવેરાતનો જથ્થો ભરીને પેઢીની વાન રાજકોટથી અમદાવાદ જઈ રહી હતી. ત્યારે વહેલી સવારે સાયલા નજીક ડોરયા બાઉન્ડ્રી પાસે લૂંટારૂઓએ વેનને આંતરી લીધી હતી. લૂંટ ચલાવી લૂંટારૂઓએ કાર હાઈ-વે પર રેઢી મૂકી દીધી હતી. બાદમાં ટોળકી પલાયન કરી ગઈ હતી.

ઘટનાની જાણ થતા જ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને સુરેન્દ્રનગરના પોલીસ વડા હરેશકુમાર દુધાત સ્થળ પર પહોંચી ગયા હતા. આંગડીયા પેઢીના ડ્રાઈવર અને ક્લીનરની સતત પૂછપરછ કરવામાં આવી રહી છે.

આટલી મોટી કિંમતનો ચાંદી અને ઝવેરાતનો જથ્થો લઇ જતી ન્યુઝએર સર્વિસ નામની કુરિયર કંપનીની બોલેરમાં ડ્રાઈવર અને ક્લીનર સિવાય અન્ય કોઈ ન હતું. અન્ય કોઈ સિક્યુરિટી રાખવામાં આવી ન હતી. રાજકોટથી કાર નીકળી ત્યારબાદ રાત્રીના લગભગ એક વાગ્યાના સુમારે લૂંટ થઇ હોવાનું જાણવા મળ્યું છે. રેન્જ આઈજી યાદવની સુચનાથી સ્થાનિક પોલીસ સુરેન્દ્રનગર જિલ્લા એસઓજી, એલસીબી અને અન્ય જિલ્લાની પોલીસની ૧૭ જેટલી ટીમો બનાવવામાં આવી છે અને લૂંટારૂઓના સગડ મેળવવામાં આવી રહ્યા છે. ચારેતરફ તમામ હાઈ-વે પર નાકાબંધી કરવામાં આવી છે. રાજ્યની બોર્ડરના તમામ હાઈ-વે પર વધુ બંદોબસ્ત ગોઠવી હાઈ-વે સીલ કરવાનો આદેશ અપાયો છે.

પોલીસને લૂંટારૂ ટોળકી ગુજરાત બહારની હોવાની શંકા છે. એટલે વિવિધ દિશામાં તપાસનો દૌર ચલાવવામાં આવી રહ્યો છે. મોરબી, રાજકોટ, જામનગર સહિતની એલસીબીની ટીમો પણ તપાસમાં કામે લગાડવામાં આવી છે. બાતમીદારોને પણ કામે લગાડવામાં આવ્યા છે. આસપાસના જિલ્લાની પોલીસને પણ એલર્ટ કરવામાં આવી છે. પોલીસે લૂંટારૂઓને પકડવા માટે ખાસ આયોજન કર્યું છે. ટેકનીકલ ટીમોને પણ કામે લગાડવામાં આવી છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

ન્યુઝ ફ્લેશ

૯ વર્ષમાં ૩ કરોડ પાકા ઘર બનાવ્યા, એટલી તો ઘણા દેશોની વસ્તી નથીઃ પીએમ મોદી

નવી દિલ્હી,તા. ૧૮ : ઈકોનોમિક ટાઈમ્સ ગ્લોબલ બિઝનેસ સમિટ ૨૦૨૩ શુક્રવારે શરૂ થઈ. ટાઈમ્સ ગ્રુપ બે દિવસીય સમિટનું આયોજન કરી રહ્યું છે. આ આયોજન દિલ્હીની હોટેલ તાજ પેલેસમાં કરવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગ્લોબલ બિઝનેસ સમિટને સંબોધિત કરી હતી. તેમણે કહ્યું કે અગાઉ તેમને ૬ માર્ચ ૨૦૨૦ના રોજ **ET** ગ્લોબલ બિઝનેસ સમિટમાં ભાગ લેવાની તક મળી હતી. ત્રણ વર્ષ બહુ લાંબો સમય નથી. પરંતુ આ ત્રણ વર્ષનો સમય જોઈએ તો લાગે છે કે આખી દુનિયાએ લાંબી સફર ખેડી છે. જ્યારે અગાઉ આપણે મળ્યા હતા ત્યારે માસ્ક રોજિંદા જીવનનો ભાગ ન હતા. લોકો માનતા હતા કે માસ્ક ગંભીર રીતે બીમાર દર્દીઓ માટે છે. આ એ સમય હતો જ્યારે લોકોએ પ્રવાસની તૈયારીઓ પણ કરી લીધી હતી. પરંતુ ૨૦૨૦ સમિટ પછી એ કોવિડને મહામારી જાહેર કરી. પછી આખી દુનિયા બદલાઈ ગઈ. આ ૩ વર્ષમાં સમગ્ર વિશ્વ બદલાઈ ગયું છે. વૈશ્વિક વ્યવસ્થાઓ બદલાઈ ગઈ છે.વડાપ્રધાન મોદીએ કહ્યું કે ચાર દાયકા પહેલા તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીએ કહ્યું હતું કે જ્યારે દિલ્હીથી કલ્યાણ માટે એક રૂપિયો મોકલવામાં આવે છે ત્યારે તે લાભાર્થી સુધી પહોંચતા સુધીમાં ૧૫ પૈસા થઈ જાય છે.

ખાદ્ય સુરક્ષા મજબુત કરવા સરકાર મોટા પાયે અનાજ ખરીદશે

કોરોના મહામારી અને વૈશ્વિક પુરવઠામાં ઘટના કારણે દેશના અનાજ ભંડાર પર મોટી અસર : ઘઉંના ઉત્પાદનમાં પણ ૧૦૬ મિલીયન ટન જેટલો ઘટાડો

નવી દિલ્હી,તા.૧૮

ખાદ્ય સુરક્ષાને મજબૂત બનાવવા માટે કેન્દ્ર સરકાર ૨૦૨૩-૨૪ માં મોટા સ્તરે અનાજ ખરીદીની યોજના બનાવી રહી છે. ખાદ્ય ભંડાર વધારવા માટે સરકાર નવા નાણાંકીય વર્ષમાં સરકારી ખરીદી વધારવાની સાથે કૃષિ ઉત્પાદનોની નિકાસ પર લગામ કસવાની તૈયારીમાં છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે કોરોના મહામારી અને વૈશ્વિક પુરવઠામાં ગરબડના કારણે અનાજ ભંડાર પર અસર પડી છે. તેને દુર કરવા માટે સરકાર ન્યુનતમ સમર્થન મુલ્ય (એમએસવી) પર અનાજ ખરીદીને પ્રોત્સાહન આપવાની તૈયારીમાં છે.

રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૨-૨૩ માં હવામાનમાં ઉતાર-ચડાવના કારણે ઘઉંનાં ઉત્પાદનમાં ૨.૫ ટકાથી ૧૦૬ મિલીયન ટન સુધીનો ઘટાડો નોંધાયો છે. આથી અનાજનો ભંડાર ૬ વર્ષના નીચલા સ્તર સુધી પહોંચી ગયો છે. સરકારે સ્થિતિને જોતાં મે ૨૦૨૨ માં ઘઉંની નિકાસ પર પ્રતિબંધ લગાવ્યો હતો.

ખાદ્ય સુરક્ષા મજબુત કરવા માટે કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે એ રાજયોમાં એફસીઆઈ કેન્દ્રો અને ગોદામોમાં તેજી લાવવાનું આહવાન કર્યુ છે. જે પારંપારીક રીતે કમજોર છે.આ બારામાં કોમટ્રેડના અરૂણ અગ્રવાલે જણાવ્યું હતું કે આ તૈયારી દેશની ખાદ્ય સુરક્ષા પર ધ્યાન કેન્દ્રીત કરવાની નીતિનો સંકેત કરે છે. સરકારે પોતાના બજેટ ૨૦૨૩-૨૪ માં ખાદ્ય સબસીડી બિલ માટે ૧.૯૭ લાખ કરોડ રૂપિયા ફાળવાયા છે. જોકે સુત્ર મુજબ આ પણ અપુરતી ફાળવણી માનવામાં આવે છે. નાણામંત્રી નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે કેન્દ્ર કોઈપણ કેનીને પુરા કરવા માટે પ્રતિબદ્ધ છે. આ બારામાં અધિકારીએ જણાવ્યું હતું કે એફસીઆઈને પોતાની ખરીદીનો વિસ્તાર વધારવાના કારણે આંતરીક અને વધારાના બજેટીય સંસાધન કે ઉધાર અને રોકડ અગ્રિમોનો સહારો લેવો પડશે.

જથ્થાબંધ અને છુટક ઘઉં અને લોટની વધતી કિંમતે સરકાર માટે ચિંતાજનક સ્થિતિ પેદા કરી પેદા કરી દીધી છે. કિંમતો પર લગામ માટે સરકારે પ્રયાસો વધારી દીધા છે.જાન્યુઆરીમાં સરકારે બફર સ્ટોકથી ૩૦ લાખ ટન ઘઉં વેચવાની જાહેરાત કરી હતી. આ ૩૦ લાખ ટનમાં એફસીઆઈ આટા-ચકકી જેવા ગ્રાહકોને ૨૫ લાખ ટન વેચશે અને બે લાખ ટન રાજયોને આપવાની તૈયારીમાં છે. તેમાં ઘઉંને લોટમાં બદલવા માટે વિભિન્ન ઉપકમોને ત્રણ લાખ ટન ઘઉં રાહત દરે આપવામાં આવી રહ્યા છે. વધતા ભાવનો સામનો કરવા માટે એફસીઆઈ ઘઉંની ઈ-હરરાજીની ઓફર કરી રહ્યું છે. સરકારે કિંમતો પર અંકુશ લગાવવા માટે ઘઉંનું અનામત મુલ્ય ઘટાડી દીધુ છે.

શુક્રવારે ખુલેલી બજાર વેચાણ યોજના (ઓએમએસીએસ) અંતર્ગત જથ્થાબંધ ગ્રાહકો માટે એફસીઆઈ ઘઉંનુ મૂલ્ય ૨૧૫૦ રૂપિયા પ્રતિ કિવન્ટલ કરાયું છે. આ ભાવ ૩૧ માર્ચ સુધી રહેશે. જયારે નબળી ગુણવતાવાળા ઘઉંનુ અનામત મુલ્ય ૨૧૨૫ રૂપિયા પ્રતિ કિવન્ટલ રખાયું છે. મંત્રાલય ગત ૧૦ ફેબ્રુઆરીએ હરરાજીથી પૂરા ભારતમાં એફસીઆઈ ઘઉંનું અનામત મુલ્ય સમાન રીતે ૨૩૫૦ રૂપિયા પ્રતિ કિવન્ટલ રખાયું હતું.

દેશમાં પ્રાથમિક શિક્ષણમાં વિદ્યાર્થી શિક્ષક રેશિયોમાં રાજ્ય ૧૫ માં ક્રમે

ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં દર ૩૦ વિદ્યાર્થીએ એક શિક્ષક

માધ્યમિક વર્ગો ધો.૬ થી ૮ માં પણ ૨૬ વિદ્યાર્થીદીઠ સરેરાશ એક શિક્ષક

વિદ્યાર્થી દીઠ શિક્ષકની સરેરાશમાં અન્ય રાજ્યોના પ્રમાણમાં અને રાષ્ટ્રીય સરેરાશમાં ગુજરાત ઘણું પાછળઃ ટોચ પર હિમાચલ પ્રદેશ અને ઓરિસ્સા તથા કર્ણાટક જેવા રાજ્યો

અમદાવાદ, તા.૧૮

વિદ્યાર્થીઓ દીઠ શિક્ષકોની સંખ્યાની સરેરાશની દ્રષ્ટિએ ગુજરાત રાજ્યનું સ્થાન પ્રાથમિક શિક્ષણ સંદર્ભમાં દેશમાં ૧૫ મું હોવાનું એક ખાસ અહેવાલ જણાવે છે. પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી શિક્ષક રેશિયોની દ્રષ્ટિએ ગુજરાતમાં દર ૩૦ વિદ્યાર્થીઓ દીઠ એક શિક્ષક ઉપલબ્ધ છે. જયારે ધો.૬ થી ૮ માં ૨૬ વિદ્યાર્થીઓ વચ્ચે એક શિક્ષક છે.

તાજેતરમાં જાહેર થયેલા એક ડેટા અનુસાર પ્રાથમિક શાળાઓ અને ધો.૬ થી ૮ સુધીના વર્ગોમાં રાષ્ટ્રીય સરેરાશ અનુક્રમે ૨૮ અને ૨૪ જેટલી છે. એટલે ગુજરાત બંને શ્રેણીમાં પાછળ રહી જાય છે. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની વાત કરીએ તો ગુજરાતનો દેખાવ થોડો સારો છે. ટોચના ૧૮ રાજ્યોમાં ગુજરાત ૧૨ માં સ્થાને છે. જયારે પ્રાથમિકમાં ૧૮ રાજ્યોમાંથી ૧૫ માં સ્થાને છે.

આ ડેટા ૨૦૨૨ નો છે. પ્રાથમિક શિક્ષણ વિભાગના નિયામક મહેશ જોષીએ જણાવ્યા મુજબ, જાહેર થયેલા ડેટામાં પ્રવાસી શિક્ષકોની સંખ્યાની ગણતરી કરવામાં આવી નથી. રાજ્યમાં ૯ હજાર જેટલા પ્રવાસી શિક્ષકો છે. રાજ્યમાં કુલ ૧.૭૧ લાખ શિક્ષકો છે. એટલે બહુ મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી નથી. ગુજરાત સરકારનો એ નિયમ છે કે, પ્રાથમિકમાં ૩૦ વિદ્યાર્થીઓ વચ્ચે એક શિક્ષક અને ધો.૬ થી ૮ માં ૩૫ વિદ્યાર્થીઓ વચ્ચે એક શિક્ષક હોવો જોઈએ.

જો કે શિક્ષક સંઘ અને શિક્ષણના સામાજીક ચળવળકારોનું મંતવ્ય કંઈક જુદું છે. તેઓ કહે છે કે, ગુજરાતમાં ધો.૮ ના માત્ર પર ટકા વિદ્યાર્થીઓ બીજા ધોરણના પાઠ્યપુસ્તકોનું વાંચન કરી શકે છે. આ સ્થિતિ ગામડામાં વધુ નિરાશાજનક જોવા મળી છે. કેમકે આ સ્થિતિને લર્નિંગ લોસ કહેવામાં આવે છે. જેમાં અગાઉ ભણી ગયા હોય એ પણ વિદ્યાર્થીઓ ભૂલી જતા હોય છે. એટલે વિદ્યાર્થી દીઠ શિક્ષકનો રેશિયો વધારવામાં આવે એ જરૂરી છે.

વિદ્યાર્થી શિક્ષક રેશિયોની દ્રષ્ટિએ દેશમાં હિમાચલ પ્રદેશ ટોચ પર છે એ પછી ઓરિસ્સા, કર્ણાટક અને મહારાષ્ટ્ર જેવા રાજ્યો આવે છે.(૨.૧૨)

વિધાનસભામાં વિપક્ષના પદની માંગણી કરતી કોંગ્રેસ

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખની બે વખત લેખિત રજૂઆત છતાં સ્પીકરનો કોઈ જવાબ નથી

ગાંધીનગર, તા.૧૮

વિધાનસભામાં વિપક્ષના પદ અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં ન આવતા કોંગ્રેસ દ્વારા રજૂઆતો કરવામાં આવી છે અને વિપક્ષના પદ અંગે સરકારના નિર્ણય અંગે સ્પષ્ટતાની માંગણી કરી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, નવી વિધાનસભાની રચના થયા બાદ હજુ સુધી વિધાનસભા વિપક્ષના પદ અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી અને અસમંજસ ચાલુ રહ્યો છે.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરે વિપક્ષી પદ અંગે વિધાનસભાના સ્પીકર શંકર ચૌધરીને બે વખત પત્ર પાઠવ્યો છે. જો કે સ્પીકરે હજુ સુધી કોંગ્રેસ પ્રમુખના એકપણ પત્રનો જવાબ આપ્યો નથી. કોંગ્રેસ વિધાનસભા વિપક્ષનું પદ માંગી રહી છે. પરંતુ સરકારને સ્પીકર તરફથી આ અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી અને હજુ કોઈ સ્પષ્ટતા પણ કરવામાં આવી નથી.

વિધાનસભા ગૃહમાં ભાજપ પછી સૌથી મોટો પક્ષ કોંગ્રેસ છે. એટલે કોંગ્રેસે વિધાનસભા વિપક્ષના નેતાનું પદ કોંગ્રેસને આપવા અવાર-નવાર માંગણી કરી છે.(૨.૧૨)

ગુજરાતમાં જંત્રીદર વધારો મોકૂફ રહેતા મિલ્કતની માંગમાં વધારો

નવો વધારો લાગુ થાય એ પહેલા ખરીદી કરી લેવા મોટાપાયે લોકોની દોડધામઃ પેઈડ એફએસઆઈ અને રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ મંજૂર કરાવવા બિલ્ડરો પણ ઉતાવળા, એફોર્ડેબલ હાઉસિંગ યોજનાના મકાનો ખરીદવા માટે લોકોનો ભારે ધસારો

અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં જંત્રીદરમાં રાતોરાત ઝીંકાયેલો સો ટકાનો વધારો ભારે વિરોધ વંટોળ વચ્ચે ૧૫ એપ્રિલ સુધી સ્થગીત કરવામાં આવ્યો છે ત્યારે તે ફરી લાગુ થયા પૂર્વે જુની જંત્રીનો લાભ લેવા પ્રોપર્ટી-ખરીદીમાં વૃધ્ધિ દેખાઈ રહી છે. છેલ્લા એક સપ્તાહમાં ખરીદી ઈન્કવાયરીમાં ૩૦ ટકાનો વધારો છે. બિલ્ડરોનાં સંગઠન ક્રેડાઈના રીપોર્ટ પ્રમાણે જંત્રીદર વધારો ૧૫ મી એપ્રિલ સુધી મુલત્વી રાખીને રાજય સરકારે આંશીક રાહત આપી છે. ત્યારે પ્રોપર્ટી ખરીદીનું મન બનાવી લેનારા લોકોએ સોદો વહેલી તકે ફાઈનલ કરવાના મૂડમાં માલુમ પડી રહ્યા છે.

એપ્રિલ પૂર્વે દસ્તાવેજ નોંધણીનાં સંજોગોમાં જ નવા જુની જંત્રીદર મુજબ સ્ટેમ્પ ડયુટી તથા રજીસ્ટ્રેશન ફીનું ભારણ ઓછુ પડવાનું સ્પષ્ટ છે. જંત્રીદરમાં આ ઘણો મોટો વધારો છે તેવા વિસ્તારોમાં પ્રોપર્ટી ઈન્કવાયરીમાં સરેરાશ ૩૦ ટકાનો વધારો છે. ખાસ કરીને રહેણાંક તથા કોમર્સીયલ પ્રોપર્ટીમાં મુખ્ય ઈન્કવાયરી છે. ક્રેડાઈ અમદાવાદનાં પ્રમુખ તેજસ જોશીએ કહ્યું કે જમીન ખરીદી લીધી હોય અને રેસીડેન્સીયલને કોમર્શીયલ પ્રોજેકટની યોજના હોય તેવા બિલ્ડરોએ પણ પ્લાન ઝડપભેર પાસ કરાવવાની તૈયારી કી છે.

કારણ કે નવા જંત્રીદરનાં રીડેવલપમેન્ટ તથા એફોર્ડેબલ હાઉસીંગ ક્ષેત્રને સૌથી મોટી અસર થવાની છે. પેઈડ એફએસઆઈ તથા રીડેવલપમેન્ટ કરારમાં વધારાનો બોજ ન પડે તે માટે ઉતાવળ કરવામાં આવી છે.એફોર્ડેબલ હાઉસિંગમાં ગ્રાહકો વહેલી તકે બુકીંગ કરીને સાટાખત કરાવી લેવાનો વ્યુહ અપનાવી રહ્યા છે એટલે નવા દરનો અમલ શરૂ થયા પછી પણ જુની જંત્રી પ્રમાણે દસ્તાવેજ કરાવી શકાય.સુત્રોના કહેવા પ્રમાણે એકાદ અઠવાડીયામાં હોળાષ્ટક શરૂ થઈ જવાના છે તે પૂર્વે જ સોદા ફાઈનલ કરવાનો પણ એક વર્ગનો મૂડ

વાસણના ઘા કરી શિક્ષિકા પાસે પૈસાની માંગણી કરી પતિનો ત્રાસ

રાજકોટઃ પરિણીતા ઉપર ત્રાસ આપવાના વધુ બનાવની રૈયા રોડ, શિવાજી પાર્કમાં આવેલા સુમતીનાથ એપાર્ટમેન્ટમાં રહેતા ૫૪ વર્ષીય ઉર્મિબેન નામના પરિણીતાએ રૈયા રોડ પર સિટી ઇલાઇટ એપાર્ટમેન્ટમાં રહેતા પતિ કૌશિક કાંતિલાલ અજાબિયા સામે મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. અઢી મહિનાથી અલગ રહેતા અને ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરતા ઉર્મિબેનની ફરિયાદ મુજબ, તેમના લગ્ન તા.૧૦-૧૨-૧૯૯૩ના કૌશિક સાથે થયા છે. લગ્નજીવન દરમિયાન સંતાનમાં એક દીકરી, દીકરો છે. દીકરી પરિણીત છે.

લગ્ન બાદ જામનગર સંયુક્ત પરિવારમાં ૧૦ વર્ષ રહ્યા બાદ રાજકોટ રહેવા આવ્યા હતા. પતિ કૌશિક નોકરી ક્યાંય લાંબી કરતા નહિ. જેને કારણે પોતે એમ.બી.એ. સુધીનો અભ્યાસ કર્યો હોય ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરતા હતા. જેથી પોતે ઘર ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. પતિ કોઇ કામધંધો કરતા ન હોવાને કારણે અવારનવાર પોતાની પાસે પૈસા માંગી ઝઘડાઓ કરતા રહેતા હતા. છેલ્લા એક વર્ષથી પતિ કૌશિકનો એટલો બધો ત્રાસ વધી ગયો કે તેઓની પૈસાની માંગણી ન સંતોષે તો તેઓ ઘરમાં રહેલા વાસણના પોતાના ઉપર છૂટ્ટા ઘા કરી માર મારતા રહેતા હતા. પતિના અનહદ ત્રાસથી પોતે પુત્રને લઇ અલગ રહેવા જતા રહ્યા હતા. ત્યારે પતિ ગત ઓક્ટોબર મહિનામાં અમે જે એપાર્ટમેન્ટમાં રહીએ ત્યાં આવી ચોકીદાર સાથે અભદ્ર વર્તન કરી ગાળાગાળી કરી દેકારો મચાવ્યો હતો. જેથી પોલીસમાં અરજી આપી હતી. અરજી આપ્યાની ખબર પડતા પતિએ શુક્રવારે ઘરે આવી ઝઘડો કરી માર પણ માર્યો હતો. અંતે કંટાળીને પતિ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

કોર્પોરેશનના ડિમોલીશન બાદ અજાણ્યા શખ્સોએ અસરગ્રસ્ત પરિવારના સામાનમાં આગ લગાવી

પાંચેક પરિવારનો સામાન ત્યાં પડ્યો હોય સોસાયટીના ત્રણ કે ચાર શખ્સોએ આગ ચાંપી હોવાનો આક્ષેપઃ ફાયર બ્રિગેડે આગ બુઝાવીઃ પોલીસમાં ફરિયાદ નોંધાઈ

રાજકોટ, તા.૧૮

મવડીના રામધણ આશ્રમની પાછળ શાંતીનિકેતન કોલેજ પાસે આવેલા ઝુંપડાઓ રાજકોટ કોર્પોરેશન દ્વારા દબાણ હટાવ ઝુંબેશમાં ખાલી કરાવ્યા હતા. બાદમાં ત્યાં રહેતા લોકોએ ઝુંપડામાં રહેલ સામાન હટાવી લીધો હતો જે સામાનમાં કોઈ અજાણ્યા ચારેક શખ્સોએ આગ લગાડી સળગાવી દેતા નુકશાન થયાની મહિલાએ રાજકોટ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવમાં રામધણ પાસે ઝુંપડામાં રહેતા સોનાબેન દીલાભાઇ વાઘેલા(ઉ.વ.૪૫)એ અજાણ્યા ત્રણથી ચાર શખ્સો સામે કલમ ૪૩૫, ૧૧૪ હેઠળ ફરિયાદ નોંધાવી છે. તેઓએ જણાવ્યું હતું કે, મારા પતિ પાંચેક માસ અગાઉ મૃત્યુ પામ્યા છે. મારે સંતાનમા ચાર દીકરી અને બે દીકરા છે. હું મવડીરોડ રામધણ આશ્રમની પાસે રેકડી રાખી શાકભાજીનો વેપાર ધંધો કરૂ છું અને અમે સરકારી જમીનમાં ઝુપડા બાંધીને રહેતા હતા અને આજથી આઠ દશ દીવસ અગાઉ રાજકોટ કોર્પોરેશન દ્વારા દબાણ હટાવ ઝુંબેશમાં અમારા ઝુંપડાઓ ખાલી કરાવી નાખ્યા હતા અને અમો સરસામાન હટાવી લીધા હતા અને ત્યાં ઝુંપડાઓના લાકડા તેમજ અમારો સરસામાન ત્યાં પડેલ હોય અને અમો ત્યાંજ ખુલ્લામાં રહેતા હતા.

(તસવીરઃ દિલીપ ગોહેલ)

ગઇકાલ રાત્રીના અમારા લાકડા તેમજ ઘરવખરી સર સામાન ખુલ્લામા પડેલ હોય જે જગ્યાએ લાકડામાં જે.કે.સાગર સોસાયટીના રહેવાસીઓ અજાણ્યા ત્રણ થી ચાર ઇસમોએ ત્યાં આગ લગાડી હોય અમારા ઝુપડાના લાકડા તેમજ ઘર વખરીનો સરસામાન સળગતો હોય ત્યારે મે ૧૦૦ નંબરમાં ફોન કરી આગ લગાડયા અંગેની જાણ પોલીસને કરી હતી અને થોડીવારમા પોલીસ તેમજ ફાયર બ્રીગેડની ગાડી આવી ગયેલ અને ત્યા લાગેલ આગ બુઝવી નાખી હતી. આ આગ લગાડવાનુ કારણ આ કામના આરોપીઓની સોસાયટી આગળ અમે ઝુપડા બાંધીને રહેતા હોય જે બાબતે તેઓને ગમતુ ન હોય જેથી કોપોરેશન દ્વારા પાડી દીધા હોય તેમ છતા અમારા ઝુપડાઓના સામાનમાં આગ લગાડી હતી. આ મામલે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

ગીરગઢડાના કરેણી ગામે બે માસુમ બાળકોના નદીમાં ડુબી જવાથી મોત

શાળામાં ચાલુ કલાસમાંથી લઘુશંકાની રજા લઈ નીકળેલા બંને વિદ્યાર્થીઓનાં રાત્રે મૃતદેહ મળ્યાઃ શાળાના આચાર્ય-શિક્ષિકાએ સમયસર ગ્રામજનોને ગેરહાજરીની જાણ નહીં કર્યાનો વાલીઓનો આક્ષેપ

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

ઉના, તા.૧૮

ગીરગઢડા તાલુકાના કરેણી ગામે શાળામાંથી લઘુશંકાના બહાને ઉબેણ નદીએ પહોંચેલા બે માસુમ બાળકોના પાણીમાં ડુબી જતા મોત થયાના બનાવના પગલે ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. આ બનાવની પ્રાપ્તી વિગત અનુસાર ગીરગઢડા તાલુકાના કરેણી ગામે પ્રાથમિક શાળામાં ધો.૨માં અભ્યાસ કરતા કેવલ રમેશભાઈ વંશ (ઉ.વ.૭) અને નીતીન બચુભાઈ બાંભણીયા (ઉ.વ.૭) બંને ગઈ કાલે શાળાના કલાસરૂમમાં અભ્યાસ કરતા હતા ત્યારે બપોરે ૩.૪૫ કલાકે લઘુશંકા માટે બંને રજા લઈ શાળાએથી નીકળ્યા બાદ શાળા છુટવાના સમય સુધી પરત નહીં કરતા શાળાના આચાર્ય જગદીશભાઈ ડોડીયા, શિક્ષિકા હંસાબેન ભીમાણીએ ગામ આગેવાન માનસીગભાઈ મેરામણભાઈ શિયાળ અને પૂર્વ સરપંચ નારણભાઈ શિયાળને જાણ કરતા ગ્રામજનો શાળાથી ૩૦૦ મીટર દુર ઉબેણ નદી કાંઠે તપાસ કરતા બંને બાળકોના ચંપલ મળી આવતા આસપાસના ગામોના તરવૈયાની મદદથી નદીના ઉંડા પાણીમાંથી કેવલ અને નીતીનનાં મૃતદેહ મળતા ગામમાં ગમગીની ફેલાઈ હતી. પોલીસને જાણ કરવામાં આવતા બંને બાળકોના મૃતદેહને પી.એમ.માટે ઉના દવાખાને મોકલ્યા હતા.બનાવની જાણ થતા ધારાસભ્ય કે.સી.રાઠોડ દોડી આવ્યા હતા. અને પરિવારજનોને સાત્વના આપી હતી.

એકના પુત્ર નીતીનના મોતથી તેના પિતા બચુભાઈ બાંભાણીયા બેભાન થયા હતાં.ગ્રામજનોએ શાળાના આચાર્ય અને શિક્ષિકાએ બંને બાળકો અંગેની જાણ નહી કરતા આ ઘટના બની હોવાનો આક્ષેપ કર્યો છે. તો બીજી તરફ શાળાના શિક્ષિકા હંસાબેને બંને બાળકો રજા લઈ ૩૦ મિનિટ સુધી પરત નહી આવતા અન્ય એક વિદ્યાર્થીને તપાસ કરવા મોકલ્યો હતો પણ તેને કોઈ વાત મળી ન હતી. તેવું જણાવી બચાવ કર્યો છે. બંને બાળકોના મોતના બનાવના પગલે કરેણી ગામમાં ગમગીની ફેલાઈ જવા પામી છે. પોલીસે વાલીઓના નિવેદન આધારે તપાસ આગળ ધપાવી છે.

ગાયને અડપલા કેમ કરતો હતો તેમ કહી ત્રણ શખ્સોએ આધેડને બેફામ માર માર્યો

પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરીઃ આરોપીઓની ધરપકડની તજવીજ

રાજકોટ, તા.૧૮

આટકોટ નજીકના કાનપરમાં ગાયને અડપલા કેમ કરતો હતો તેમ કહીં ત્રણ શખ્સોએ આધેડને ઢીકા પાટુનો બેફામ માર માર્યો હતો. આટકોટ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે અને આરોપીઓની ધરપકડની તજવીજ કરાઈ છે. કર્મકાંડનો વ્યવસાય કરતા ભગવાનભાઇ વાલજીભાઇ શ્રીમાળી (બ્રામ્હણ) (ઉ.વ. ૪૮, રહે, કાનપર, જુનાપીપળીયા રોડ, તા.જસદણ)એ ફરિયાદમાં જણાવ્યું કે, ગઇ તા.૧૫/૨/૨૩ ના રોજ રાત્રીના અગિયારેક વાગ્યે ઘરે આવેલ અને મારા ઘરે હાજર હતો તે વખતે મારા ઘરનો દરવાજો કોઇએ ખખડાવેલ જેથી મેં દરવાજો

ખોલતા અમારા ગામના જ મુકેશભાઇ નાનજીભાઈ મકવાણા, બઘાભાઈ રાજાભાઈ ઘુઘલ તથા બાબુભાઇ જશાભાઇ મારૂ ત્રણેય ઉભેલ હતા. તેના હાથમાં લાકડીઓ હતી અને આ ત્રણેય જણાએ મને ઘરની બહાર બોલાવી, ખોડીયાર માતાજીના મંદીર પાસે, વાલ્મીકી સમાજના સ્મશાને બોલાવ્યો હતો. જેથી હું ત્યાં જતા આ મુકેશભાઈએ મને કહેલ કે, તુ તારા ઘર પાસે આવતી ગાયોને અડપલા કેમ કરે છે? તેમ કહી મને જેમફાવે તેમ અપશબ્દો કહીં બે લોકોએ મને પકડી મુકેશભાઇએ તેના હાથમાં રહેલ લાકડી વડે મને માર માર્યો અને અન્ય આરોપીઓએ ઢીકા પાટુનો માર માર્યો હતો. મુકેશભાઇએ મને કહેલ કે, હવે પછી તું ગાય સાથે કાંઇ કરીશ તો તને જાનથી મારી નાખીશ. જે પછી બાબુભાઇ મને મારા ઘર પાસે મુકી ગયા હતા. અને બીજે દિવસે મેં જસદણ સરકારી હોસ્પિટલમાં દાખલ થઈ સારવાર લીધી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે.

જામવાડી પાસેથી એક હજાર લિટર દેશી દારૂ સાથે એક ઝડપાયો

શાપરમાં સપ્લાય કરે તે પહેલા જ ગોંડલ તાલુકા પોલીસ ટીમે રમેશ રબારીને દબોચી દારૂ અને કાર મળી રૂ.૭.૨૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

રાજકોટ, તા.૧૮

જામવાડી પાસે નેશનલ હાઈવે પરથી પસાર થતી ઈનોવા કારમાંથી એક હજાર લીટર દેશી દારૂ સાથે રાણાવાવના રમેશ રબારીને દબોચી પોલીસે રૂ.૭.૨૬ લાખનો મુદામાલ કબ્જે કરી કાર્યવાહી કરી હતી. દરોડાની વિગત અનુસાર ગોંડલ તાલુકા પોલીસ મથકના પીએસઆઈ એમ.એચ. ઝાલા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે જામવાડી પાસે નેશનલ હાઈ-વે પર દેશી દારૂનો જથ્થો ભરેલ કાર પસાર થવાની છે. તેવી મળેલ ચોકકસ બાતમીના આધારે હેડ કોન્સ્ટેબલ એ.આર. ગંભીર અને કોન્સ્ટેબલ શકિતસિંહ જાડેજા સહીતનો સ્ટાફ જામવાડી પાસે હાઈ-વે પર વોચમાં હતો ત્યારે પસાર થતી ઈનોવા કાર નં. જીજે ૦૧ આરએ ૯૦૪૩ને અટકાવી ડ્રાઈવરને નીચે ઉતારી તેનું નામ પુછતા રમેશ રામા કોડીયાતર (ઉ.૨૩) (રહે. આદીત્યાણા, રાણાવાવ) જણાવ્યું હતું પોલીસે કારમાં તપાસ કરતા અંદરથી ૨૫ બાચકા મળી આવ્યા હતા. જેમાંથી દેશી દારૂ એક હજાર લીટર મળી આવતા આરોપીની દેશી દારૂ અને કાર મળી રૂ.૭.૨૬ લાખના મુદામાલ સાથે દબોચી પુછપરછ હાથ દરી હતી. આરોપીએ જણાવ્યું હતું કે તેને દારૂનો જથ્થો તે રાણાવાવના ટીંબી નેશ રહેતો ગોવિંદ ગળચર ભરી દીધો હતો અને શાપર સપ્લાય કરવાનું કહ્યું હતું અને શાપર પહોંચ્યા બાદ તેને ફોન કરી સપ્લાયરનું નામ અને સરનામું જણાવવાનો હતો. પોલીસે ગોવિંદ ગળચરની શોધખોળ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે પકડાયેલા રમેશ રબારી રબારી વિરૂધ્ધ પોરબંદર જીલ્લાના અલગ અલગ પોલીસ મથકમાં દારૂના અનેક ગુના નોંધાયેલ છે.

કુછડી ગામના સરપંચ સહિત પર શખ્સ સામે ગુન્હો દાખલ

પોરબંદરના ઈતિહાસમાં પ્રથમ વખત ખનીજ ચોરીમાં ૩૩ શખ્સોની અટકાયતઃ સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડી કુલ રૂ. ૧.૩૦ કરોડથી વધુ રકમની મશીનરી સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

પોરબંદર, તા.૧૮

પોરબંદરમાં ખાણ ખનીજ તંત્ર ઊંઘતું ઝડપાયું છે. સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા કુછડી ગામે દરોડો પાડી ૧૫ જેટલી ગેરકાયદેસર ખાણ ઝડપી પાડીને રૂ. ૧.૩૦ કરોડથી વધુની મશીનરી સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે અને પોરબંદરના ઈતિહાસમાં પ્રથમ વખત ખનીજ ચોરીમાં ૩૩ શખ્સોની અટકાયત કરી કુછડી ગામના સરપંચ સહિત ૫૨ શખ્સ સામે ગુન્હો દાખલ કર્યો છે. પોરબંદરના કુછડીથી મિયાણી સુધી દરિયાઈ પટ્ટી પર ગેરકાયદેસર ખાણો ધમધમતી હોવાની અનેક ફરિયાદો ઉઠતી હોય છે ત્યારે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે સ્થાનિક ખાણ ખનીજ વિભાગને સાથે રાખી કુછડી વિસ્તારોમાં ગેરકાયદેસર ખાણોમાં દરોડા પાડવામાં આવ્યા હતા, જેમાં ૧૫ ગેરકાયદેસર ખાડા સામે આવ્યા હતા અને સ્થળ પરથી ૪૦ ચકરડી મશીન, ૧૧ ટ્રેકટર, ૪ ટ્રક તથા ૧ જેસીબી કબ્જે કરી છે. આ મશીનરી વિસાવાડા આઉટ પોસ્ટ પોલીસ મથક ખાતે રાખવામાં આવી છે. સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દરોડો પાડી પોરબંદરના ઈતિહાસમાં પ્રથમ વખત ગેરકાયદેસર ખાણ માં કામ કરતા મળી આવેલ ૩૩ શખ્સો સામે કાર્યવાહી કરી અટકાયત કરી છે અને કુછડી ના સરપંચ સહિત ખાણ માલિક સહિત કુલ ૫૨ શખ્સ વિરુદ્ધ ફરિયાદ કરી ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. જેમા સ્ટેટ મોનીટરીંગ સેલના તરુણસિંહ જીતુભા સરવૈયા, જનકસિંહ અગરસિંહ ઝાલા અને વિજય ગોવિંદભાઈ ધાંધર એ કુલ ૩ ફરિયાદ નોંધાવી છે

જેમાં અલગ અલગ ખાણોમાં ખાણ ચલાવનાર નાશીજનાર શખ્સોએ પૂર્વ આયોજન મુજબ કાવતરું રચી, ખનીજ ચોરી માટેના સાધનો વસાવી, ખાણોમાં મજૂરો મારફત લીઝ કે સરકારની સંમતી વિના લાઇમસ્ટોન બેલાની ચોરી કરી અને ખોદકામ કરી મજૂરો, ડ્રાઇવરોએ ગેરકાયદેસર ખનન કર્યું છે. જેથી કુલ ૫૨ શખ્સ સામે પોલીસ ફરિયાદ નોંધાવતા હાર્બર મરીન પોલીસે આરોપીઓ સામે ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છેકે, દરોડા દરમ્યાન મજૂરો સહિતના કુલ ૩૩ શખ્સ ઝડપાઈ જતા તેમની અટકાયત કરી છે જ્યારે ૧૯ શખ્સ નાશી જતા પોલીસે તેને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા છે.

સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા કુછડી ગામે દરોડો પાડવામાં આવ્યો હતો જેમાં આ સેલ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે જેમાં કુછડી ગ્રામ પંચાયતના સરપંચ નાગા ભીખા, પ્રતાપ કારા કુછડિયા, રામભાઈ, લાખણશી છગન ઓડેદરા, રાજુ, પોરબંદરનો અજય ખુંટી, અરજણ મોઢવાડીયા, લાખા મોઢવાડીયા, કરણ દૂલા કૂછડિયા, રામ મોરી, મિલન નાગા ચૌહાણ, મશરીબાપા કેશવાલા, રાણાવાડાનો પ્રતાપ પરબત રાતીયા, માધવપુરના બાલુ ઉર્ફે મામો, પોરબંદરનો ભાવિન વેલજી કોટીયા, એભા દાસા, ઓડદરનો હમીર અરસી, હાજા, સુમિત નાગા તથા તપાસમાં જે ખુલશે તેના વિરૂદ્ધ ગુન્હો નોંધાશે.

આરવ વામજાનો આજે જન્મદિવસ

રાજકોટઃ વામજા પરિવારના લાડકવાયા આરવનો આજે જન્મદિવસ છે. પાપા પગલી કરી બે વર્ષ પૂર્ણ કરી ત્રીજા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આરવાના જન્મદિવસે દાદા કિશોરભાઇ, દાદી મધુબેન, મમ્મી મનાલીબેન, પપ્પા આનંદભાઇ, નાના અશોરભાઇ, નાની કાજલબેન, મામા ભાર્ગવ અને વેદાંત તેમજ સમ્રગ વામજા પરિવાર દ્વારા આર્શિવાદની ધોધ વરસી રહ્યો છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી આરવને જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ...

ધોરાજીમાં ખનીજ વિભાગ એક્શન મોડમામાં ૧૪ લાખનો મુદ્દામાલ કબ્જે

ધોરાજીઃ ભૂમાફિયાઓ અને રેતીચોરોની મનમાની ફાટીને ધુમાડે ગઇ હોઇ ખાણ ખનીજ વિભાગ એલર્ટ મોડમાં આવી ગયો છે અને નાયબ કલેક્ટર, મામલતદાર સહિતના અધિકારીઓની ટીમે ખનીજ ચોરી ડામવા કડક ચેકિંગ ઝુંબેશ આદરી છે અને પ્રારંભિક તબક્કામાં જ ૧૪.૯૦ લાખનો મુદામાલ કબ્જે લઇને આગળની કાર્યવાહી આરંભાઇ છે.

૨૦ દિવસ સુધી પાણી ન આપવું પડે તેવા માટીના નવા કુંડાનું સર્જન કરતા નિલ-વૃતિકા

ગામડાઓમાં અને અંતરિયાળ જગ્યાઓમાં આ કુંડા ખૂબજ ઉપયોગી સાબિત થશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૮

છેલ્લા ઘણા સમયથી જળ એ જ જીવન એ અભિયાન સાથે પાણી બચાવો અભિયાન ચલાવતા ભાઈ બહેન નીલ અને વ્રીતીકા એ પ્રકૃતિ માટે પણ શુ સારું થાય તેવું સતત વિચારતા રહે છે તો તેમને જોયું કે ઘણી વખત આપડે ખુબ નાના છોડ ને પાણી ન આપતા તે તરત જ મૂર્જાય જાય છે તે પરથી તે બંનેને ને વિચાર આવ્યો કે ઘણીવાર વૃક્ષારોપણ આપણે એવી જગ્યાએ જ કરીએ છીએ જ્યાં પાણી જલ્દી આપી શકાતું નથી. તેમજ ખાલી જગ્યા હોય ત્યાં કરીએ છીએ જયાં પાણી જલ્દીથી પહોંચતું નથી. તો શરૂઆત માં આ કુંડાની પધ્ધતિ ખુબ જ ઉપયોગી થાશે. જે આપડે વૃક્ષારોપણ કરીએ છીએ જે ફોટા પાડીએ તે લગભગ ૭૦ થી ૮૦%સક્સેસ ન જાય શહેર માં તો અમુક સંસ્થાઓ પિંજરા મૂકીને એવું બનાવી ને કાળજી રાખે છે અને પ્રકૃતિ નું ધ્યાન રાખે છે. આમ બંને બાળકોએ થોડા સમય સુધી માટીના કુંડાનું સતત નિરીક્ષણ કરી એવું કુંડું વિકસાવવાનું વિચાર્યું કે જેથી તમે જો તે કુંડા માં કોઈ છોડ રોપો તો તેમાં તમારે પાણી આપી

દીધા બાદ ફરી ૨૦ થી ૨૫ દિવસે પાણી આપવું પડે અને તે ઝાડ નું જતન કરે ગામડાઓમાં અને અંતરિયાળ જગ્યાઓ માં આ કુંડા ખૂબજ ઉપયોગી સાબિત થશે. ઉપરાંત હસ્તકલા અને માટીકામ કરતા સમાજ ના લોકો ને પણ અઢળક રોજગારી ઉભી થશે. લોહાણા મહાપરિષદ પ્રમુખ સતિષભાઈ વિઠલાણી અને પર્યાવરણ સમિતિ પ્રમુખ કિરીટભાઈ ભીમાણી પ્રકૃતિ અને પર્યાવરણ પ્રત્યે ઊંડો સ્નેહ ધરાવે છે.તેમજ નીલ-વ્રીતીકાને યોગેશ પોપટ, સુમિત કારિયા , ભાર્ગવ મજેઠીયા અને ભગવાનદાસ બંધુ બનાસકાંઠાનો પણ ખુબ સહયોગ મળી રહ્યો છે. પ્રકૃતિ માટે લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિના પ્રમુખ કિરીટભાઈ ભીમાણી ખુબજ કામ કરે છે. અને આવું કાર્ય કરતા લોકોને સતત પ્રોત્સાહન પૂરું પાડે છે. અને અન્ય સમાજે પણ પ્રેરણા લઇ પોતાના સમાજની પર્યાવરણ સમિતિ બનાવી જોઈએ. જો કોઈને આ મેજિક કુંડા ખરીદવા હોય તો બાલુભાઈ નો સંપર્ક કરવા સંપર્ક : ૯૩૧૬૦૭૯૯૭૧, ૯૫૧૦૪૯૦૭૯૮ અનુરોધ કરાયો છે.

પ્રાયમરી શેર માર્કેટમાં અદાણીનો એફપીઓ કેન્સલ થયા પછી મોટો શૂન્યાવકાશ

ફેબ્રુઆરી મહિનામાં એકપણ મેઈન બોર્ડ આઈપીઓ નહીંઃ માર્કેટ સ્તબ્ધ, ફક્ત નાના - નાના આઈપીઓ આવી રહ્યા છે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

જાન્યુઆરી ની ૨૭ મી તારીખે ખુલેલા અને જાન્યુઆરી ની ૩૧ તારીખે બંધ થયેલા અદાણી એન્ટરપ્રાઇઝના ૨૦૦૦૦ કરોડ ના આઇપીઓના કેન્સલ થવાના કારણે શેરબજારમા પ્રાયમરી માર્કેટમાં એક મોટો શુન્યવકાશ સર્જાયો છે. આઇપીઓ માર્કેટ સ્તબ્ધ છે. ફેબ્રુઆરી મહિનામાં એકપણ આઇપીઓની જાહેરાત કે તારીખો હજુ સુધી જાહેર થઈ નથી. ફક્ત નાના - નાના આઇપીઓ આવી રહ્યા છે અને તે અનેક ગણા ભરાઈ પણ જાય છે.બાકી મેઇન બોર્ડ આઇપીઓ ની જાહેરાતો થઈ રહી નથી.

ભારત સરકાર દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩માં ડીસ ઈન્વેસ્ટમેન્ટ ટાર્ગેટ ૬૫૦૦૦ કરોડ ની સામે અત્યારસુધી ફક્ત ૩૧૦૦૦ કરોડનું જ અચીવમેન્ટ થયું છે. જે ઘણું ઓછું છે. માર્ચ મહિનામાં કંપનીના એટલે કે પબ્લિક સેક્ટર યુનિટ્સના આવવાની શક્યતા પુરેપુરી છે. જે કદાચ ૫૦૦૦૦ કરોડ સુધી પહોંચી શકે છે. પરંતુ ૬૫૦૦૦ કરોડ રૂપિયા નો ડીસ ઇન્વેસ્ટમેન્ટ્ના ટાર્ગેટ પૂરો થવાની શક્યતા નથી. સરકાર દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪ ના બજેટમાં ડીસ ઇન્વેસ્ટમેન્ટ ટાર્ગેટ ઘટાડીને ૫૧૦૦૦ કરોડ કરવામાં આવ્યો છે. તેનું કારણ પણ ચાલુ નાણાકીય વર્ષ માં પુરા ન થઈ રહેલા ટાર્ગેટ જ છે. સેકન્ડરી માર્કેટમાં આઇપીઓ માં વોલ્યૂમ વધી રહ્યું છે. સેન્સેક્ષ ૬૧૫૦૦ આસપાસ ટ્રેડ કરી રહ્યો છે તો નિફ્ટી પણ ૧૮૦૦૦ ઉપરજ ટ્રેડ કરી રહી છે. હેવી વેઇટ શેરોમાં ઘટાડો જોવા મળતો નથી. ખાસ કરીને દિગ્ગજ કંપનીઓના ત્રીજા ત્રિમાસિક પરિણામો સારા આવી રહ્યા હોઈ બજાર ઘટતું નથી. જ્યા સુધી પ્રાયમરી બજારને લાગે વળગે છે ત્યા સુધી એક મોટા મેઇન બોર્ડની જરૂર છે. શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણીના જણાવ્યા અનુસાર પ્રાયમરી માર્કેટની સ્થિતી હાલમાં સારી નથી પરંતુ એક બે હિટ આઇપીઓ આવશે એટલે ફરી બજારમાં રોનક આવી જશે માર્ચ - એપ્રિલ થી ફરી પ્રાયમરી માર્કેટ ધમધમતું થઈ જશે તેમાં કોઈ શંકા નથી.

તંત્રી સ્થાનેથી...

Editorial

શિયાળાની વિદાય ક્યારે...?

છેલ્લા એકાદ મહિનાથી ભારતીય પ્રજાને મોસમનો જુદા જ પ્રકારનો અનુભવ થઈ રહ્યો છે, તેનું પ્રથમ કારણ એ છે કે પ્રજાનો શિયાળા માટેનો રોમાંચ ઓછો થઈ ગયો છે. ખરેખર તો શિયાળો અદ્ભુત તંદુરસ્તીની મોસમ છે તો પણ આ વખતે સમગ્ર ભારતમાં જેની નોંધ ન લેવાય એવી નાની મોટી બીમારીઓના લાખો કેસો હોસ્પિટલોની પ્રદક્ષિણા કરતા જોવા મળ્યા છે. એનું એક બીજું કારણ એ છે કે એક તો નાગરિકોની સરેરાશ રોગપ્રતિકારક ક્ષમતા એટલે કે ઈમ્યુનિટી ઘટી ગઈ છે. ઉપરાંત પાછલાં વર્ષોમાં આવેલી કોરોનાની નાની-મોટી લહેરે પ્રજાના શરીરને આરોગ્યની એરણ પર ચડાવીને આકરી કસોટી કરેલી છે. એટલે લોકજીવનના આરોગ્યમાં હજુ પણ કોરોનાનો આછો પડછાયો જોવા મળે છે. સાપ ગયો ને લિસોટા રહ્યા જેવી આ વાત છે. એની સામે બીજી એક સકારાત્મક બાબત એ છે કે લોકોની આરોગ્ય સભાનતા અભૂતપૂર્વ રીતે અભિવૃદ્ધ થઈ ગઈ છે.

પહેલાની તુલનામાં લોકોનો આહાર શુદ્ધિ માટેનો આગ્રહ વધ્યો છે. એને કારણે દેશના વિવિધ રાજ્યોની મહાપાલિકાના મોટા પેટવાળા ફૂડ ઇન્સ્પેક્ટરોએ દરોડાઓ પણ વધારી દીધા છે અને દરરોજ લાખો ટન અખાદ્ય સામગ્રીનો વિનાશ કરવામાં આવે છે. દેશમાં કેટલીક બ્રાન્ડેડ કંપનીઓના આઉટલેટ પરથી પણ વાસી, પડતર અને ફેંકી દેવાપાત્ર સામગ્રીઓ ઝડપાઈ રહી છે. એનો અર્થ એ છે કે ખાણીપીણીમાં કોઈપણ બ્રાન્ડ ભૂલચૂકથી મુક્ત નથી અને બ્રાન્ડનો અર્થ એ નથી કે એનો આહાર શુદ્ધ હશે. આપણી પ્રજામાં આહારનું મૂલ્યાંકન કરવા માટેનાં ધોરણો સ્વતંત્ર રીતે છે જ નહીં. સરકાર પાસે આગવું વ્યવસ્થા તંત્ર છે, પરંતુ ગુજરાતી પ્રજા તો ઉકરડાની બાજુમાં ઊભેલી લારીમાંથી પણ બેધડક પાણીપુરી ખાઈ શકે છે. સાંસ્કૃતિક બાબતોમાં જે ગુજરાત વિશ્વભરમાં એના રાસ-ગરબાથી ઓળખાય છે, એ જ ગુજરાત એક જમાનામાં ખાણીપીણીમાં બાજરાના રોટલા, ઊંધિયાનું શાક કે ફાફડા-જલેબીથી ઓળખાતું હતું, પરંતુ હવે પાણીપુરીથી ઓળખાય છે. કેન્દ્ર સરકારે આ વર્ષને મિલેટ વર્ષ તરીકે જાહેર કરેલું છે. આમ તો આ આંતરરાષ્ટ્રીય મિલેટ વરસ છે. મિલેટનો અર્થ થાય છે બરછટ ધાન્ય. હિન્દીમાં એને મોટા અનાજ તરીકે ઓળખવામાં આવે છે. આ કેટેગરીમાં બાજરો, જવ, કાંગ, સામો અને એ પ્રકારના ધાન્યનો સમાવેશ થાય છે. જુવાર પણ આ જ કેટેગરીમાં આવે છે. વિશ્વભરના આરોગ્ય નિષ્ણાંતો ઘણી સદીઓ પછી હવે મિલેટ તરફ પાછા ફર્યા છે. હિમાલયની જાળવણી કરવામાં સરકારે હિમાલય જેવડી ભૂલો કરેલી છે. તળેટીનાં જંગલોની ઔષધિઓ કોર્પોરેટ સન્યાસીઓએ લૂંટી લીધી છે. ત્યાં નવાં વાવેતર કરવાની કોઈને પડી નથી. આ વખતની ભારે બરફવર્ષાને કારણે નગાધિરાજ પર બરફના નવા થર બાઝ્યા છે, પરંતુ સરેરાશ દરેક દાયકે એ શ્વેત ચાંદની સરીખા પડળ આછા થતાં જાય છે એ ચિંતાનો વિષય છે. શિયાળો ફાગણ સુદ પૂનમ સુધી એનો રાતનો પડાવ ચાલુ રાખશે. હોળીના તાપણે તપ્યા પછી જ શીતકાળ વિદાય લેશે.

રાજકોટ જિલ્લાના વિકાસ માટે મુખ્યમંત્રી સાથેનો સંવાદ પરિણામ રૂપ સાબિત થશે : ભુપત બોદર

વિકાસલક્ષી અસરકારક રજૂઆતોના નિરાકરણ માટે મુખ્યમંત્રીની વિભાગોને સુચના

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે જિલ્લા પંચાયતના પદાધિકારીઓનો પરીસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભુપત બોદર, ઉપપ્રમુખ સવિતાબેન વાસાણી અને કારોબારી ચેરમેન સહદેવસિંહ જાડેજા આ સંમેલનમાં હાજર રહ્યા હતા.

આ પરિસંવાદ કાર્યક્રમમા રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના વિવિધ વિકાસલક્ષી કામો જેવા કે રાજકોટ જિલ્લા પંચાયતના નવા બિલ્ડીંગની દરખાસ્તને ઝડપી મંજૂરી આપવા અંગે, રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના વિવિધ ગામથી ગામને જોડતા નોન પ્લાન રોડ રસ્તાઓ ગઢકા ખાતે નવનિર્માણ થવા જઈ રહેલા અમુલ ફેડ-૨ પ્લાન્ટ માટે જરૂરી એવા ગઢકાથી ફાડદંગ અમુલ જોઈનિંગ રોડને વાઇડનીંગ કરવા અંગે ,રાજકોટ તાલુકાના ૧૦ વર્ષ ૭ વર્ષ ૫ વર્ષ થી વધુ સમયથી રીસર્ફેસ ન થયા હોય તેવા પ્લાન ,નોન પ્લાન રસ્તાઓની દરખાસ્ત મંજૂર થવા અંગે ,ગ્રામ્ય વિસ્તારમાં મંજૂર થતા નવા રોડ રસ્તાઓની ટ્રીટમેન્ટ તથા થીકનેસ જૂની ટ્રાફિક પેટર્ન ના બદલે હાલના સંજોગોમાં ગ્રામ્ય વિસ્તારમાં પણ ભારે વાહનોની અને મોટા પ્રમાણમાં ટ્રાફિકની અવરજવર રહેતી હોય નવી ટ્રાફિક પેટર્ન પ્રમાણે વધારે થિકનેસ અને ગુણવત્તા યુક્ત રોડ રસ્તાઓ બનાવવા અંગે,જિલ્લા પંચાયત સ્વ ભંડોળમાંથી ગ્રામ્ય વિસ્તારમાં બાંકડાઓ મુકવા અંગે,રાજકોટ જિલ્લાના રૂડા વિસ્તારના ગામોમાં **PMJAY** યોજના અંતર્ગત નિર્માણ થયેલા આવાસોના બાકી હમાઓની ગ્રાન્ટ રિલીઝ કરવા અંગે ,રાજકોટ તાલુકાના વિવિધ નવા એસ.ટી.રૂટો ચાલુ કરવા તેમજ જુના રૂટો પુનઃ શરૂ કરવા અંગે તેમજ કસ્તુરબા ધામ ત્રંબા ખાતે નવા એ.ટી.બસ સ્ટેન્ડ અંગે લેખિત રજૂઆત કરી હતી.

આ તમામ રજૂઆતોના નિરાકરણ અંગે મુખ્યમંત્રીએ જિલ્લા પંચાયત પદાધિકારીઓ તરફથી આપવામાં આવેલ વિકાસલક્ષી અસરકારક સૂચનો અંગે જેતે વિભાગ અને અધિકારીઓને જરૂરી અમલ માટે સૂચના આપી હતી.

નવા રીંગ રોડ પર ડખ્ખામાં કોલ આધારે ગયેલ પીસીઆર ડ્રાયવર પર ધોકાથી હુમલો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

વિકસતા રાજકોટમાં ગુનાખોરીએ માઝા મૂકી છે તો બીજી તરફ પ્રજાના રક્ષણની જવાબદારી જેના સિરે છે તેવી પોલીસ પોતે જ અસલામત હોય તો પ્રજા કોના ભરોશે પ્રશ્ન ઉઠવા પામે તેવો એક કિસ્સો પોલીસ ચોપડે નોંધાયો છે જેમાં નવા રીંગ રોડ ઉપર ડખ્ખામાં ગયેલ પીસીઆરના ડ્રાયવર પર બે શખ્સોએ ધોકાથી હુમલો કરતા પોલીસે ફરજમાં રૂકાવટનો ગુનો નોંધી એકને દબોચી લીધો છે.

શહેરના અક્ષરનગરમાં રહેતા અને યુનિવર્સિટી પોલીસમાં પીસીઆરમાં આઉટ સોર્સમાં ડ્રાયવર તરીકે નોકરી કરતા રવિરાજસિંહ હતી.

સિદ્ધરાજસિંહ જાડેજા (ઉ.વ.૨૨)એ યુનિવર્સિટી પોલીસમાં નીતિન હરેશભાઈ ચાવડા અને નીતિન ચૌહાણ સામે ફરજમાં રૂકાવટ અંગે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, નવા રીંગ રોડ પર બાઈક ચાલક અને ટ્રક ચાલક સામે હોર્ન વગાડવા મુદ્દે માથાકૂટ થઇ છે તેવો કોલ મળતા તુરંત ત્યાં પહોચી સમાધાન કરાવ્યું હતું બાદમાં અમે ન્યારીડિમ તરફના રસ્તે ઉભા હતા ત્યારે ટ્રકચાલક અન્ય એક શખ્સને લઈને આવ્યો હતો અને મારા ઉપર ધોકાથી હુમલો કર્યો હતો ત્યારે નીતિન ચૌહાણ ભાગી ગયો હતો. જ્યારે નીતિન ચાવડાની ધરપકડ કરી હતી.

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનના પ્રજાલક્ષી બજેટના આવકારતા કોર્પોરેટર આશાબેન ઉપાધ્યાય

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

રાજકોટ મહાનગરપાલિકાના વર્ષ રૂ. ૨૫૮૬.૩૨ કરોડના વિકાસલક્ષી બજેટને આવકારતા વોર્ડ નં.૯ ના કોર્પોરેટર આશાબેન ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, સ્ટેન્ડિંગ કમિટી દ્વારા આ પ્રજાલક્ષી બજેટમાં શહેરીજનોનું જીવનધોરણ વધુ સુવિધાસભર બને તે દિશામાં પ્રયત્ન કરવામાં આવ્યા છે. રાજકોટ મહાનગર પાલિકા આગામી વર્ષમાં શહેરને વિકાસની નવી ઊંચાઈએ લઈ જવા કૃતનિશ્ચયી છે. ત્યારે આ બજેટ થકી શહેરીજનોને સ્વચ્છતા, આરોગ્યલક્ષી, શિક્ષણ, બાગબગીચા, રમત- ગમતના સંકુલ કોમ્યુનિટી હોલ, શહેરી ટ્રાન્સપોર્ટેશન, પર્યટન સહિતની ગુણવત્તાયુક્ત સુવિધાઓ પૂરી પાડવા કટિબદ્ધ છે. આમ આ બજેટથી લોકોની પ્રાથમિક સુખાકારી અને સુવિધામાં વધારો થાય અને ભારતીય જનતા પાર્ટીના શાસકોએ આપેલા વચનો પૂર્ણ કરનારું બની રહે તે માટે આશાબેન ઉપાધ્યાયે શુભેચ્છા પાઠવી છે.

રાજકોટ ક્રાઈમ

અણીયારા પાસે હીટ એન્ડ રનમાં વૃધ્ધાનું મોત

રાજકોટ: સરધારના અણીયારા ગામે રહેતા ચંદ્રિકાબેન ચુનીભાઈ પરમાર (ઉ.વ.૬૫) ગત ૩૧/૧ના સાંજે રસ્તો ઓળંગી ઘરે જતા હતા ત્યારે અજાણ્યા કારના ચાલકે હડફેટે લેતા ગંભીર ઈજા થતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. અહીં ગત રાત્રે મોત નિપજતા આજી ડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી પ્રાથમિક તપાસમાં ચંદ્રિકાબેન માણાવદર દીકરીને મળી પરત આવી ઘરે જતા હતા ત્યારે બનાવ બન્યો હતો સંતાનમાં બે પુત્ર અને ત્રણ પુત્રી હોવાનું જાણવા મળ્યું છે.

બાળકોને શેરીમાંથી ઘરે જવાનું કહેતા પિતા-પુત્ર પર હુમલો

રાજકોટ: શહેરની લોધેશ્વર સોસાયટીમાં રહેતા માધવભાઈ ગાંડુભાઈ મોટલીયાએ ગત તા.૧૪ શેરીમાં રમતા બાળકોને ઘરે જવાનું કહેતા આ બાબતનો ખાર રાખી અંકુશ કરમસીંગભાઈ જરીયા, તેનો ભાઈ નટુ, વિવેક યોગેશભાઈ જરીયા અને કમલેશ દીપકભાઈ જરીયાએ આવી તેને તથા પુત્ર વિશાલને ગાળો ભાંડી ટીકાપાટુનો માર માર્યો હતો બાદમાં પ્રકાશ ભરતભાઈ જરીયા. દીપક કરમસીંગભાઈ જરીયા અને મહેશ ઉમેદભાઈ જરીયાએ આવી ગાળો ભાંડી ઘર ઉપર પથ્થરોના ઘા કર્યા હોવાની ફરિયાદ માલવિયાનગર પોલીસમાં નોંધાવી છે.

કોઠારિયામાં વૃધ્ધાને ત્રણ ભાઈની ધમકી

રાજકોટ : કોઠારિયા આણંદપરમાં રહેતા શાંતાબેન મોતીભાઈ રાઠોડ (ઉ.વ.૫૫) નામના વૃધ્ધાએ પોતાના કબ્જાના વાડામાં કાંટાળી વાડ નાખી હોય જેથી પ્રફુલ લાલજીભાઈ જાદવ અને તેના બે ભાઈઓ અશોક અને મહેશએ વાળ શુકામ નાખો છો કહી ગાળો ભાંડી તલવાર લઇ પાછળ મારવા દોડી મારી નાખવાની ધમકી આપતા આ અંગે કુવાડવા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

કુખ્યાત શખ્સ પાસા તળે જેલમાં ધકેલાયો

રાજકોટ: રાજકોટમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે ગુનેગારો સામે પાસાનું શસ્ત્ર ઉગામવામાં આવી રહ્યું છે ત્યારે અપહરણ, મરવા મજબુર કરવા, મારામારી, હત્યાની કોશિષ સહિતના ગુનાઓમાં સંડોવાયેલ શ્રીહરિ સોસાયટીના દિનેશ ઉર્ફે મુડી રતિભાઈ ચાવડા સામે પોલીસ કમિશનરે પાસા વોરંટ ઇસ્યુ કરતા તાલુકા પીઆઈ એમ આર ગોંડલીયાએ ધરપકડ કરી પાસા તળે અમદાવાદ જેલમાં ધકેલી દીધો છે.

લોહાનગરમાંથી જુગાર રમતા ૧૪ શખ્સો ઝડપાયા

રાજકોટ: શહેરના ગોંડલ રોડ પર આવેલ ગંજીપાના વડે જુગાર રમતા અશોક સવજી રાણી, જયેશ હિંમતલાલ પંડયા, આકાશ ધીરૂભાઈ સાંગાણી, કરણગીરી રાજેશગીરી ગોસાઈ, ભરત કાંતિભાઈ અગ્રાવત, કૈલાશ કાંતિભાઈ અગ્રાવત, પ્રહલાદ રામભાઈ યાદવ, અજય ગુણવંતભાઈ જાદવ, અતુલ પ્રવીણભાઈ રાઠોડ, જયંતી જાદવભાઈ બાવળીયા, મેહુલ દીનેશભાઈ ગણાત્રા, ધવલ મનોજભાઈ જોશી, સુભાષ મનસુખભાઈ કર્રાસણીયા, મહેશ રતીલાલ શીશાળાએ એ ડિવિઝન પોલીસે ઝડપી લીધા હતા.

લગ્નના ફૂલેકામાં બે યુવાન પર છરી વડે હુમલો

રાજકોટ : શહેરના રૈયા રોડ ઉપર શીવપરામાં રહેતા મયુરસિંહ ભરતસિંહ ઝાલા (ઉ.વ.૨૦) અને ભગીરથસિંહ ભરતસિંહ જાડેજા (ઉ.વ.૨૫) રાત્રીના લગ્નના ફૂલેકામાં બ્રહ્મસમાજ ચોક પાસે હતા ત્યારે નામચીન શખ્સ અંકીત શાહ અને અજાણ્યા માણસોએ ધસી આવી ઝગડો કરી છરી વડે હુમલો કરતા બંનેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાતા ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી કરી છે.

પોરબંદરના ધારાસભ્ય મોઢવાડીયા બન્યા એક દિવસના શિક્ષક

એમ.કે.ગાંધી સ્કૂલના બાળકો સાથે જન્મદિવસની ઉજવણી કરી

પોરબંદર, તા.૧૮

પોરબંદર અને ગુજરાતની પ્રજાના પ્રશ્નોને વાચા આપવા માટે હંમેશા ગુજરાત વિધાનસભામાં ગર્જના કરનાર ધારાસભ્ય અર્જુનભાઇ મોઢવાડિયાએ જન્મદિવસની ઉજવણી સ્કૂલના બાળકો સાથે કરી,એક દિવસના શિક્ષક બની સ્કુલમાં બાળકોને ભવિષ્યમાં આગળ વધવા પ્રોત્સાહિત કર્યા. વર્ગખંડમા બાળકો સાથે કેક કટિંગ કરતા તાડીઓના ગડગડાટ અને **Happy Birthday** ની ગુંજ વર્ગખંડમા ગુંજી ઉઠી..

ધારાસભ્ય હંમેશા શિક્ષણ પ્રેમી રહ્યા છે શિક્ષણને હંમેશા પોરબંદર પંથમાં પણ અગ્રિમતા આપી છે. તેમના જન્મદિવસની ઉજવણી એમ.કે ગાંધી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ધો.૮ ની વિદ્યાર્થીનીઓ સાથે કરી.. વર્ગખંડમા ૩૦ મિનિટનો એક વિષય પર લેક્ચર ધારાસભ્ય દ્વારા લેવામાં આવ્યો.

હંમેશા બાળકો/વિધાર્થીઓ પાસેથી કઇ શીખવા મળતું હોય છે તેવું ધારાસભ્ય એ જણાવ્યું, એમ.કે ગાંધી ઇંગ્લિશ મિડીયા સ્કૂલમાં શિક્ષકો સાથે પણ સ્કુલની પરિસ્થિતિ અંગે માહિતી મેળવી સ્કુલમાં કાયમી ધોરણે શિક્ષકોની નિમણૂક કરવામાં આવે તે માટે થઇ વિધાનસભામાં સરકાર સમક્ષ રજૂઆત કરશે. ગ્રાન્ટની માધ્યમિકમા પણ બિલ્ડિંગ બાબતે વ્યવસ્થા કરવા તેમજ નવી બિલ્ડીંગ માટે સરકાર પાસે રજૂઆત કરી વહેલી તકે મળી રહે તે માટે પુરતા પ્રયાસ કરવામાં આશ્વાસન આપવામા આવ્યું હતું.

શિક્ષકો દ્વારા પણ ધારાસભ્ય અર્જુનભાઇ મોઢવાડિયાનું પુષ્પગુછ તેમજ સાલ ઓઢાળી અભિવાદન કરી જન્મદિવસની શુભકામનાઓ આપવામાં આવી હતી.

શાપરના વેપારી સાથે ઓનલાઈન ફ્રોડ કુરિયરના રૂ.૫ ગુગલ પે કરવાનું કહી ગઠીયાએ ૧.૩૧ લાખ ઉપાડી લીધા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

રાજકોટ તાલુકાના ધમલપર ગામે રહેતા અને શાપર વેરાવળમાં સેફ્ફયર ટાવર ગ્રાઉન્ડ ફ્લોરમાં મેટકેમ લેબોરેટરી સર્વિસ નામે મેટલની ક્વોલીટી ચેક કરવાનું કામ કરતા મનીષભાઈ મોહનભાઈ કંડોલીયા (ઉ.વ.૪૬)એ પ્રદીપ દેશમુખ નામના શખ્સ સામે ૧.૩૧ લાખની છેતરપીંડી અંગે શાપર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે, ચેન્નાઈ મેટકો પાસેથી ૪૦ નંગ પોલીસીંગ ક્લોથ મંગાવેલ જે કુરિયરમાં આવેલ હોય પરંતુ પાર્સલ નહીં મળતા ક્વેન કરતા પ્રદીપ નામના શખસે વાત કરી હતી અને તમારું પાર્સલ આવી ગયું છે તેની ડીલીવરી કરાવી આપું છું તમને એક લીંક મોકલું છું તે લીંકમાં ગુગલ પેમાં ડિલીવરી બોયનો ચાર્જ ૫ રૂપિયા નાખી તેમ કહેતા મેં પેઢીના ખાતામાંથી પૈસા નાખવા પ્રયાસ કર્યો હતો પરંતુ ઓટીપી નહીં મળતા પત્નીના ખાતામાંથી ૫ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા બાદ રાત્રે પેઢીમાંથી ૯૭ હજાર અને પત્નીના ખાતામાંથી ૩૪ હજાર ઉપડી ગયાનો મેસેજ આવતા આ અંગે ફરિયાદ નોંધાવી હતી.

મનપા જનરલ બોર્ડમાં કેબિનેટમંત્રી ભાનુબેન બાબરીયાનું કરાયું બહુમાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

તા.૧૭ ફેબ્રુઆરીના રોજ રાજકોટ મહાનગરપાલિકાની જનરલ બોર્ડની મિટિંગ બોલાવવામાં આવેલ. આ બેઠકમાં ભાગ લેવા વોર્ડ નં.૧ના કોર્પોરેટર અને ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા રાજકોટ મહાનગરપાલિકામાં આવેલ હતા. ભાનુબેન બાબરીયા કેબિનેટ મંત્રી બન્યા બાદ પ્રથમ વખત જ રાજકોટ મહાનગરપાલિકામાં આવતા રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, મેયર ડો.પ્રદિપ ડવ, ડે.મેયર અને ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડીંગ કમિટી પુષ્કરભાઈ પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા તેમજ જુદી જુદી કમિટીના ચેરમેનો અને કોર્પોરેટરો વગેરેએ મંત્રીને પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરેલ.

જામનગરઃ હરિદ્રા ગણપતિ મંદિરે યોજાશે મહારૂદ્ર યજ્ઞ

સાત દિવસ સુધી ૧૦ યજ્ઞ કુંડમાં ૧૩૨ બ્રાહ્મણો આપશે આહૂતિ, દર્શનનો લાભ લેવા સૌને આમંત્રણ

જામનગર, તા.૧૮

જામનગર-કાલાવડ રોડ પર આલિયાબાડાના પાટીયા પાસે વીજરખીના કંકુનગર ખાતે આવેલા સુપ્રસિદ્ધ સાક્ષાત શ્રી હરિદ્રા ગણપતિ મંદિર પરિસરમાં ભગવાન શિવને પ્રિય મહારૂદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહારૂદ્ર યજ્ઞના દર્શને પધારવા સૌ ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

તા. ૨૧ થી ૨૭ ફેબ્રુઆરી દરમિયાન શ્રી હરિદ્રા ગણપતિ મંદિરે યોજાનાર આ મહારૂદ્ર યજ્ઞમાં ૧૦ યજ્ઞ કુંડમાં ૧૩૨ બ્રાહ્મણો સાત દિવસ સુધી સવારે ૭ વાગ્યાથી સાંજના ૭ વાગ્યા સુધી આહૂતિ આપશે. રૂદ્રી યજ્ઞનો ધુમાડો શરીરમાં જવો એ સારા આરોગ્યનું નિર્માણ કર્તા છે. સાથોસાથ લક્ષ્મીજીનો કનકધારા સહસ્ત્ર તથા ચંડી યજ્ઞ પણ છે જે શક્તિ સાથે સોનાનો વરસાદ કરનાર છે. બ્રાહ્મણો સ્વમુખેથી જ રૂદ્રીના શ્લોકો સંભળાવશે. તો આ રૂદ્રી યજ્ઞમાં આહૂતિ નિહાળવા, જવ, તલ, ચોખા, શુધ્ધ ઘી, સુગંધિત દ્રવ્યોની આહૂતિનો આનંદ માણવા સૌને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ મહારૂદ્ર યજ્ઞના યજમાન કંકુનગરના જોષીભાઈ છે. તો આ મહારૂદ્ર યજ્ઞનો લ્હાવો લેવા માટે શ્રી હરિદ્રા ગણપતિ મંદિરના સંચાલક એન.એચ. બગડીયા (વકીલ) દ્વારા સૌને આમંત્રણ પાઠવાયું છે.

મહત્વનું છે કે, શ્રી હરિદ્રા ગણપતિ મંદિર દ્વારા ચાલી રહેલા અન્નક્ષેત્રને પણ જોગાનુજોગ ચાર વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ અન્નક્ષેત્રમાં દરરોજ ૨૦૦ જેટલા બાળકોને પ્રિય ભોજન કરાવવામાં આવી રહ્યું છે. સાથે જ મંદિર પરિસરમાં પક્ષીઓ માટે ચબુતરો બનાવવામાં આવ્યો છે જેમાં નિયમિત પક્ષીઓને ચણ નાખવામાં આવી રહી છે. શ્રી હરિદ્રા ગણપતિ મંદિર પરિસરમાં શ્રી સંકટમોચન હનુમાનજી મંદિર પણ આવેલું છે. વધુ માહિતી માટે સંપર્ક- ૮૨૦૦૧ ૮૮૫૧૨ અથવા ૯૩૧૩૧ ૨૩૯૪૮ અથવા ૯૮૨૫૯ ૫૩૫૨૦ પર સંપર્ક કરવા જણાવાયું છે.

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનના સંપૂર્ણ પ્રજાલક્ષી બજેટના આવકારતા બાંધકામ સમિતિના ચેરમેન કેતન પટેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

રાજકોટ મહાનગરપાલિકાનું નાણાંકીય વર્ષનું રિવાઇઝડ અંદાજપત્ર અને આગામી નાણાંકીય વર્ષનું રૂ.૨૬૩૭.૮૦ કરોડનું બજેટ સામાન્ય સભામાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પુષ્કરભાઇ પટેલ દ્વારા રજુ કરવામાં આવેલ. આ બજેટમાં શહેરની સ્માર્ટ સિટી તરફની કૂચમાં શહેરના છેવાડાના વિસ્તારોને પણ પૂરતુ પ્રાધાન્ય મળે એ બાબતની વિશેષ કાળજી રાખવામાં આવેલ છે.

પ્રજાલક્ષી અને વિકાસલક્ષી બજેટની ભેટ રાજકોટવાસીઓને આપવા બદલ બાંધકામ સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલએ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ તેમજ સ્ટેન્ડિંગ કમિટીના તમામ સભ્યોને અભિનંદન સાથે આભાર માની, બજેટને આવકારેલ છે અને રાજકોટ શહેરના સમતોલ તેમજ સર્વાંગી વિકાસમાં આ બજેટ ખૂબ જ અગત્યનો ભાગ ભજવશે તેવું જણાવેલ છે.

રાજકોટ જિલ્લાના વારસાને સાચવવા ઈન્ટેક સંસ્થા દ્વારા 'હગ ધ હેરિટેજ' સ્પર્ધાનું આયોજન

ઈતિહાસ પ્રેમીઓ ૨૮ સુધીમાં ફોટો અથવા વીડિયો મોકલી ભાગ લઈ શકશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

રાજકોટ જિલ્લાના સાંસ્કૃતિક વારસાની વિવિધતાની શોધ અર્થે ઈન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજનાના રાજકોટ ચેપ્ટર દ્વારા 'હગ ધ હેરિટેજ' સ્પર્ધા શરૂ કરવામાં આવી છે. કલેક્ટર અરૂણ મહેશ બાબુ અને મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરાના માર્ગદર્શના હેઠળ સમગ્ર આયોજન કરાયું છે.

આ સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છુકો સ્થાનિક વારસા સાથે એક તસવીર ક્લિક કરી,તેના વિશે ૧૦૦ થી વધુ શબ્દોમાં વર્ણન લખીને મોકલી શકે છે અથવા વારસાની વિગતો રજૂ કરતો ટૂંકો વિડિયો (૧ મિનિટથી ઓછો) બનાવી, તેના વિશે જાણકારી મોકલી શકે છે. સ્પર્ધકો તા.૨૮ સુધીમાં પોતાનું નામ, હેરિટેજનું નામ અને વિગતો સાથે ફોટો અથવા વીડિયો **intachrajkotgmail.com** અથવા ૭૮૫૯૯ ૩૩૭૯૧ ઉપર વોટ્સએપમાં મોકલી શકશે.

આ સ્પર્ધાના માધ્યમથી રાજકોટ જિલ્લાના ઇતિહાસ પ્રેમીઓને જાહેર ઇમારતો, મહેલો, બજારો, ટાવર, ધાર્મિક સંસ્થાઓ, વનસ્પતિ, ઘાસના મેદાનો, વૃક્ષો, જળાશયો,પવિત્ર સ્થળો, કલાની વસ્તુઓ, ચિત્રકામ, પરફોર્મિંગ આર્ટસ, હસ્તકલા પરંપરા, કાપડ, રાંધણકળા પ્રત્યેનો પ્રેમ દર્શાવવા માટે હેરિટેજના ફોટો અથવા વિડીઓ મોકલીને ભાગ લેવા સંસ્થાની યાદીમાં અપીલ કરવામાં આવી છે.

આઈ.ટી.આઈ.ધોરાજી ખાતે ટેકનો એકઝીબિશન યોજાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

આઈ.ટી.આઈ.ધોરાજી ખાતે આચાર્ય કે.વી. વાઘમશીના માર્ગદર્શન હેઠળ તા.૧૬ અને ૧૭ ના રોજ ટેકનો એકઝીબિશન - ૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં વિવિધ ટ્રેડના તાલીમાર્થીઓ દ્વારા ૫૦ થી વધુ પ્રોજેક્ટ્સ /મોડેલનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.આ ટેકનો એકઝીબિશનનું ઉદઘાટન ધોરાજી

તાલુકાના પ્રાંત અધિકારી જે.એન.લીખીયા દ્વારા કરવામાં આવ્યું હતું.તેમજ બહોળી સંખ્યામાં જાહેર જનતાએ આ એક્ઝિબિશન નો લાભ લીધો હતો.આ તકે સ્પોર્ટ્સ વિક-૨૦૨૩ના વિજેતાઓને સન્માનિત કરાયા હતા.

પેડક રોડ ગાંધી સ્મૃતિમાં વહેલી સવારે ધડાકા સાથે આગઃ દંપતિ દાઝ્યું

(તસવીરઃ પંકજ ડાભી)

ભુલથી ગેસ ચાલુ રહી જતાં સવારે સાડા પાંચે સંજયભાઇ સિતાપરાએ ચા બનાવવા લાઇટર કરતાં જ ધડાકા સાથે ભડકોઃ બચાવવા જતાં પત્નિ ગીતાબેન સિતાપરા પણ દાઝ્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૧૮

શહેરના સામા કાંઠે પેડક રોડ પર ગાંધીસ્મૃતિ સોસાયટી-૩માં મારૂતિ મધરલેન્ડ સ્કૂલ સામે ચામુંડા પ્રોવિઝન સ્ટોરવાળી શેરીમાં આવેલા મકાનમાં ગેસ લિકેજને કારણે ધડાકા સાથે આગ લાગતાં દંપતિ દાઝી ગયું હતું અને ઘરવખરી પણ સળગી ગઇ હતી. રાતે ગેસ બંધ કરતાં ભુલાઇ ગયું હોઇ આખી રાત રૂમમાં ગેસ લિક થઇને ભરાયો હતો. વહેલી સવારે પતિએ ચા બનાવવા માટે લાઇટર કરતાં જ ધડાકા સાથે આગ લાગી હતી. તેમને બચાવવા જતાં પત્નિ પણ દાઝ્યા હતાં.

જાણવા મળ્યા મુજબ ગાંધી સ્મૃતિ-૩માં રહેતાં સંજયભાઇ જયંતિભાઇ સિતાપરા (ઉ.વ.૫૦) અને તેમના પત્નિ ગીતાબેન સંજયભાઇ સિતાપરા (ઉ.વ.૪૮) વહેલી સવારે સાડા પાંચેક વાગ્યે દાઝી જતાં બંનેને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂએ બી-ડિવીઝન પોલીસમાં જાણ કરી હતી.

હોસ્પિટલના બિછાનેથી સંજયભાઇ સિતાપરાએ જણાવ્યું હતું કે હું રીક્ષા હંકારી ગુજરાન ચલાવુ છું. મારે સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. વહેલી સવારે મારે ભાડા કરવા જવું હોઇ હું સાડા પાંચેક વાગ્યે જાગીને રસોડામાં ચા બનાવવા માટે ગયો હતો. ગેસ રેગ્યુલેટર ચાલુ કરી લાઇટરને સ્પાર્ક આપતાં જ ધડાકો થયો હતો અને આગ ભભૂકી ઉઠી હતી. જેમાં હું લપેટાઇ ગયો હતો. દેકારો સાંભળી મારા પત્નિ ગીતા સિતાપરા છેલ્લા રૂમમાં હોઇ તે મને બચાવવા દોડી આવતાં તેણી પણ દાઝી ગયા હતાં. આગને કારણે આખા ઘરમાં ઘરવખરીને પણ નુકસાન થયું હતું. આસપાસના લોકોએ પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી. તેમ વધુમાં સંજયભાઇએ કહ્યું હતું. ગીતાબેને પણ ગેસ લિકેજને કારણે જ આગ લાગી હોવાનું કહ્યું હતું. બી-ડિવીઝન પોલીસ મથકના હિતેષભાઇ કોઠીવાર સહિતે હોસ્પિટલે અને ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. પોલીસ પુછતાછમાં પણ દંપતિએ આગ ગેસ લિકેજને કારણે ભભૂકી હોવાનું નિવેદન આપ્યું હતું. પોલીસ જરૂર જણાયે એફએસએલની મદદથી તપાસ કરાવશે.

મહાનગરપાલિકાનું બજેટ શહેરીજનોની અપેક્ષા પરિપૂર્ણ કરવામાં મહત્વનો ભાગ ભજવશેઃ બજેટને આવકારતા ઉદય કાનગડ

રાજકોટ દેશના અગ્રીમ હરોળના શહેરોમાં પોતાનું સ્થાન વધુ મજબુત કરી રહ્યું છે : બજેટમાં શહેરીજનો માટે વિવિધ પ્રોજેકટસ, પાયારૂપ કાર્યો અને લોકોની સુવિધા-સુખાકારીમાં વધારો થાય તેવી યોજનાઓ આકાર લેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

રાજકોટ વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડે રાજકોટ મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૩-૨૪ના રૂા.૨૫૮૬.૩૨ કરોડના બજેટને આવકારતા જણાવ્યું હતું કે ગત વિધાનસભા ચૂંટણીમાં રાજયમાં ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ બહુમતીથી વિજય હાંસલ થયો છે, ત્યારે આ જનાદેશ ગુજરાતની વણથંભી, સર્વગ્રાહી અને સર્વસમાવેશક વિકાસયાત્રાને આગળ ધપાવી રહેલ ભારતીય જનતા પાર્ટી પર જનતાએ મુકેલા વિશ્વાસનું પ્રતિક છે. ત્યારે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત ન્યુ ઈન્ડીયા બનવા તરફ આગેકૂચ કરી રહયું છે જેમાં ગુજરાત પણ પોતાનું યથોચિત યોગદાન આપી રહયું છે ત્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના સફળ નેતૃત્વ અને માર્ગદર્શનમાં રાજકોટ દેશના અગ્રીમ હરોળના શહેરોમાં પોતાનું સ્થાન વધુ મજબુત કરી રહ્યું છે.ત્યારે રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓએ જયા માનવી ત્યા સુવિધાના મંત્રને સાર્થક કરતા આ બજેટમાં રૂા.૩૯.૨૫ કરોડની નવી યોજનાઓ ઉમેરીને એક પ્રબળ રાજકીય ઈચ્છાશક્તિ દર્શાવી છે. જેમાં ટ્રાફીક સમસ્યાના નિવારણ માટે નવા ફલાયઓવર બ્રીજનું નિર્માણ, શહેરમાં નવા ભળેલા મોટામવા સ્મશાન પાસે વોકળામાં સ્લેબ ભરી, વાહન પાર્કીંગની સુવિધા, શહેરીજનોનું શારીરિક સ્વાસ્થય જળવાય રહે તે માટે વોકિંગ ટ્રેક સાથેના પ્લે ગ્રાઉન્ડ, રંગીલા રાજકોટના વિવિધ પર્યટન સ્થળોને શહેરીજનો-પ્રવાસીઓ માણી શકે તે માટે દર રવિવારે રાજકોટ દર્શન નામથી સિટી બસની સુવિધા, રોડની બંને તરફ સાઈડ સોલ્ડરમાં પેવીંગ બ્લોક નાખી ડસ્ટ ફ્રી બનાવવાનું કામ, રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ સેવાઓનો લાભ લેવા માટે શહેરીજનોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે ત્રણેય ઝોન કચેરી તથા સિટી સિવિક સેન્ટર ખાતે માર્ગદર્શન તથા ફોર્મ ભરવાની સુવિધા સાથેનું હેલ્પ ડેસ્ક સેન્ટર, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની એક સ્કુલને સ્માર્ટ સ્કુલ તરીકે વિકસાવવી, તેમજ યુવાઓને રમત-ગમતમાં અભિરૂચી વધે તે માટે ત્રણેય ઝોનમાં એક બોક્સ ટેનિસ ક્રિકેટનું નિર્માણ, તેમજ શહેરીજનોને કોઈપણ મુશ્કેલી ન પડે તે માટે કાઉન્સીલર્સ મોનિટરીંગ એપ વિકસાવાસે જેમાં કોર્પોરેટરોને વોર્ડના નાગરિકો દ્વારા કરવામાં આવતી ફરિયાદો અને સ્ટેટસની જાણકારી મળી રહેશે. આમ આ બજેટમાં શહેરીજનો માટે વિવિધ પ્રોજેકટસ, પાયારૂપ કાર્યો અને લોકોની સુવિધા-સુખાકારીમાં વધારો થાય તે દિશામાં આયોજન હાથ ધરવામાં આવ્યું છે તેમ મહાનગરપાલિકાના આ બજેટને આવકારી રાજકોટ મહાનગર પાલિકાના પદાધિકારીઓને અભિનંદન પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડએ અંતમાં જણાવ્યું હતું.

જેતપુરના ઉદ્યોગકારો સાથે સ્થાનિક પ્રશ્નો અંગે સમીક્ષા કરતા મંત્રી મુળુભાઈ બેરા

સાંસદ રમેશભાઈ ધડુક અને ધારાસભ્ય જયેશ રાદડિયાની વિશેષ ઉપસ્થિતિ

જેતપુર, તા.૧૮

પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ જેતપુરના પ્રિન્ટિંગ ઉદ્યોગ સાથે સંકળાયેલ કારખાનેદારો અને એસોસિએશનના અગ્રણીઓ સાથે ધારાસભ્ય જયેશ રાદડિયા તેમજ સાંસદ રમેશભાઈ ધડુકની ઉપસ્થિતિમાં જેતપુરના સાડી પ્રિન્ટિંગ ઉદ્યોગ અને સ્થાનિક પ્રશ્નો અંગેની સમીક્ષા કરી હતી.

આ સમીક્ષા બેઠકમાં ઉદ્યોગોને લગતા પ્રશ્નો અંગે જેતપુર ડાઇન્ગ એન્ડ પ્રિન્ટિંગ એસોસિએશન પ્રમુખ જેન્તીભાઈ રામોલિયા,અગ્રણી મનસુખભાઈ ખાચરિયા તેમજ ઉદ્યોગપતિ રાજુભાઈ પટેલે પ્રિન્ટિંગ ઉદ્યોગને લગતા પડતર પ્રશ્નો અંગે મંત્રી મુળુભાઈ બેરાને રજૂઆતો કરી હતી. પોરબંદર સાંસદ રમેશભાઈ ધડુક તેમજ ધારાસભ્ય અને પૂર્વ મંત્રી જયેશભાઈ રાદડિયાએ જેતપુરના પ્રિન્ટિંગ ઉદ્યોગનો વિકાસ અંગેના પાયાના પ્રશ્નોનું નિરાકરણ આવે તે બાબત પર ભાર મૂકી વિસ્તૃત ચર્ચા કરી હતી. આ પ્રસંગે યુવા અગ્રણી પ્રશાંતભાઈ કોરાટ તેમજ જેતપુર પ્રિન્ટિંગ ઉદ્યોગના અગ્રણી ઉદ્યોગપતિઓ તેમજ ગુજરાત પોલ્યુશન બોર્ડના અધિકારીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢ કૃષિ યુનિ.ની મુલાકાત લેતા પોલેન્ડના શિક્ષકો અને વિદ્યાર્થીઓ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)જૂનાગઢ, તા.૧૮: જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે પોલેન્ડથી આવેલા શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ તારીખ ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ મુલાકાત લીધેલ. આ પ્રસંગે ડો.આર.બી.માદરીયાએ પોલેન્ડથી આવેલ ડો.ફિલિપ, ડો.મારીયા અને ડો.ઓલા તેમજ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીએ યુનિવર્સીટીએ મેળવેલા જુદા જુદા એવોર્ડો, સિદ્ધિઓ તેમજ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ પ્રવૃતિઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનું કૃષિ દર્શનાલય મ્યુઝીયમ જોઈ ખુબજ પ્રભાવિત થયા હતા. તેઓએ જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના કુલપતિ, ડો.વી.પી.ચોવટીયાની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

અર્હમ યુવા સેવા ગ્રુપ-રાજકોટ અને કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટના સહયોગે અર્હમ અનુકંપા જીવદયાનો નવો પ્રયાસ

ઘવાયેલા અને કાયમી અપંગ પશુઓને કૃત્રિમ પગ ફીટ કરી આપવામાં આવ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગ્રુપ-રાજકોટ અને કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટના સહયોગે અર્હમ અનુકંપા જીવદયાનો એક નવો પ્રકલ્પ ગત વર્ષે ઓક્ટોબરમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો.

અર્હમ અનુકંપા અભિયાનમાં એક્સિડન્ટથી ઘવાયેલા અને કાયમી અપંગ થયેલા પશુઓને એમના માપના કૃત્રિમ પગ ફીટ કરીને એમને ફરી ચાલતા કરવામાં આવે છે. વર્તમાનમાં જ રાજકોટમાં આવેલી શેણી એનિમલ હોસ્પિટલ, જામનગર રોડ ખાતે કાયમી અપંગ એવી ૪ ગૌમાતાઓને ફરીથી ચાલતી કરાઈ છે. જેમાં જિગરભાઈ શેઠનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો. આમ સમગ્ર પણે ૪૬ પશુઓને ફરીથી ચાલતા કરાયા છે. ઘાયલ પશુઓ તેમજ ઓપરેશન બાદ પણ કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલમાં પશુઓની સારસંભાળ કરવામાં આવે છે. ગૌશાળા સંચાલકો, પાંજરાપોળ સંચાલકો. અન્ય જીવદયા પ્રેમીઓ સૌ ને વિનંતી કરવામાં આવે છે કે આ પ્રકારનું કોઈ પણ જીવ તમને જોવા મળે તો સત્વરે અમારો સંપર્ક કરો જેથી કરીને અબોલ જીવોને શાતા મળે અને તેમને જીવવા માટે નવો માર્ગ મળે. જીવદયા પ્રેમી વિમળાબેન દિલીપભાઈ મહેતા, હિતેનભાઈ મહેતા અને જીગરભાઈ શેઠ (મુંબઈ) દ્વારા આ અભિયાનને આર્થિક સહયોગ પ્રાપ્ત થાય છે.

મહાશિવરાત્રી પર્વ અંતર્ગત નંદવાણા બોડીંગ ખાતે

સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સર્વજ્ઞાતિ પાઠાત્મક લઘુરૂદ્ર યોજાયો

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેન પુષ્કર પટેલ ઉપસ્થિત રહ્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

સમસ્ત બ્રહ્મસમાજ, રાજકોટના પ્રવક્તા જયંતભાઈ ઠાકર અને મીડીયા ઈન્ચાર્જ હરેશભાઈ જોષીની યાદીમાં જણાવાયું છે કે મહાશિવરાત્રીના પાવન પર્વ અંર્તગત સમસ્ત બ્રહમસમાજ, રાજકોટના પ્રમુખ દર્શિતભાઈ જાની, પૂર્વ પ્રમુખ કશ્યપભાઈ શુકલના માર્ગદર્શન હેઠળ દર વર્ષની જેમ આ વખતે પણ મહાશીવરાત્રી પર્વની ઉજવણીના ભાગરૂપે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા રાજકોટ શહેરની નંદવાણા બોડીંગ ખાતે સર્વજ્ઞાતિ પાઠાત્મક લઘુરૂદ્ર યોજાયો હતો. જેમાં આચાર્ય તરીકે શાસ્ત્રીજી સચિનભાઈ દ્વારા પૂજન-અર્ચન કરાવેલ હતું. આ ભક્તિસભર કાર્યક્રમમાં સર્વ જ્ઞાતિ, સર્વ સમાજના આગેવાનો જોડાયા હતા અને શિવજીનું પૂજન-અર્ચન કરી ધન્યતા પ્રાપ્ત કરી હતી. આ પુજામાં બેસનાર શ્રધ્ધાળુઓ માટે ફરાળની વ્યવસ્થા રાખવામાં આવેલ. આ તકે આ લઘુરૂદ્રમાં શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન પુષ્કર પટેલ તેમજ શૈલેષભાઈ ઠાકર, નિતીનભાઈ રાયચુરા, સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના ભુપતભાઈ તલાટીયા, મુખ્ય યજમાન શિલ્પા જવેલર્સવાળા હિરેનભાઈ પારેખ, ડો. અતુલભાઈ પંડયા, નેહલભાઈ શુકલ, ડો.દર્શનાબેન પંડયા, અલ્પાબેન દવે, રૂચીતાબેન જોષી, જયંતભાઈ ઠાકર, હરેશભાઈ જોષી, રાજુભાઈ ત્રિવેદી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કશ્યપભાઈ શુકલ તેમજ દર્શિતભાઈ જાનીના માર્ગદર્શન હેઠળ મહામંત્રી દિપકભાઈ પંડયા, પ્રવક્તા જયંત ઠાકર, મીડિયા ઈન્ચાર્જ હરેશભાઈ જોષી, જયેશભાઈ જાની, જીજ્ઞેશભાઈ ઉપાધ્યાય, જયેશભાઈ ભટ્ટ, યોગેશભાઈ ભટ્ટ, યોગેન્દ્રભાઈ લહેરૂ, શૈલેષભાઈ જાની, અતુલભાઈ વ્યાસ, નલીનભાઈ જોષી, કનૈયાલાલ ભટ્ટ, કમલેશભાઈ ત્રિવેદી, પ્રશાંતભાઈ જોષી, દક્ષસ પંડયા, સુરભીબેન આચાર્ય, નીલમબેન ભટ્ટ, ધાત્રીબેન ભટ્ટ, ભાવનાબેન જોષી સહિતનાએ જહેમત ઉઠાવી હતી. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

સમગ્ર ગુજરાત શિવભક્તિમાં તલ્લીન ઠેરઠેર હર હર મહાદેવનો જયઘોષ

ભક્તો ઓનલાઈન નિહાળી શકશે. લાખો ભક્તોને દેવના શ્રુંગારમાં વપરાયેલ બિલ્વપત્ર, ભષ્મ અને રૂદ્રાક્ષનો પ્રસાદ ટ્રસ્ટ લાખો ભક્તોને પહોંચાડશે. ભજન, ગરબા, લોકસંગીત અને લોકનૃત્યો દ્વારા ૨૨૫ કલાકારો શિવજીની આરાધના કરશે. રાજકોટઃ રાજકોટના સુપ્રસિદ્ધ રામનાથ મહાદેવ, પંચનાથ મહાદેવ, જાગનાથ વગેરે શિવાલયોમાં સવારથી ભક્તોની ભીડ જામી છે. વિવિધ ધાર્મિક અનુષ્ઠાન ચાલી રહ્યા છે. ભાંગ પ્રસાદનો ભક્ત ભાઈઓ-બહેનો લાભ લઇ રહ્યા છે. બપોરે દશનામ ગોસ્વામી સમાજના નેજા હેઠળ ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જામખંભાળીયાઃ સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકા નજીક આવેલા દ્વાદશ જ્યોતિર્લિંગ નાગેશ્વર મંદિર ખાતે દેશ-વિદેશના શિવભક્તોનો મેળો જામ્યો છે. દૂધ અને જળોથી અભિષેક થઇ રહ્યો છે. જાણીતા સંગીત કંપનીના માલિક ટી-સીરીઝના સ્વ.ગુલશનકુમાર દ્વારા તૈયાર કરવામાં આવેલી ૮૫ ફૂટ ઉંચી શિવજીની પ્રતિમાના દર્શન કરીને ભક્તો પ્રભાવિત થયા છે. ૫૫૦૦ વર્ષ જુના આ મંદિરનો ગુલશનકુમારે જીર્ણોધ્ધાર કરાવ્યો હતો. દ્વારકાના મંદિરે પણ ભક્તોની લાઈન લાગી છે. અહીં સવારે ૬ વાગ્યાની મહાઆરતી થઇ ગઈ છે. રાત્રે ૮ વાગ્યે મહાપૂજા થશે. દરેક સ્થળે ભક્તો માટે ચા-નાસ્તો, પ્રસાદ અને ફળાહારની વ્યવસ્થા કરવામાં આવી છે. ગોંડલઃ ગોંડલમાં અતિપ્રાચીન સુરેશ્વર મહાદેવ મંદિરે વહેલી સવારે પ્રભાત આરતી થઇ હતી. બપોરે મધ્યાન આરતી થઇ હતી. સાંજે ૭ વાગ્યે સંધ્યા આરતી અને રાત્રે ૧૨ વાગ્યે મહાઆરતી થશે. ભાંગ પ્રસાદનું વિતરણ ચાલુ રહેશે. રાત્રે ફરાળ પ્રસાદ અપાશે. દાળેશ્વરધામ ખાતે પણ લઘુરૂદ્ર મહાઆરતી અને મહાપ્રસાદ ફળાહારનું આયોજન કરેલ છે. જેનો લાભ લેવા ચિભડીયા બ્રહ્મસમાજ પરિવારે ભક્તોને અપીલ કરી છે. અમરેલીઃ અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લામાં શિવાલયોમાં રંગતભર્યો શણગાર કરવામાં આવ્યો છે. વહેલી સવારે પ્રાતઃ આરતી સાથે દર્શન શરૂ થતા ભાવિકો ઉમટી પડ્યા છે. ઠેરઠેર યજ્ઞ અને બપોરે શિવ શોભાયાત્રા યોજાશે. અમરેલીમાં નદીકાંઠે બિરાજમાન કામનાથ મહાદેવ મંદિરમાં તથા અન્ય શિવાલયોમાં શિવભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે.(૨.૧૨)

(અનુ.પહેલા પાનાનુ ચાલુ)

સાયલા પાસે ધોળે દિવસે આંગડીયા પેઢીની ૧૪૦૦ કિલો ચાંદીની લૂંટ

અને હ્યુમન સોર્સના આધારે ગેંગને ઝડપી લેવા માટે સઘન તપાસ કરવામાં આવી રહી છે. રાજકોટમાં પાંજરાપોળ પાસે આવેલી ન્યુઝએર સર્વિસ કુરિયર કંપની છે. કંપનીમાંથી ચાંદી અને ઝવેરાતનો જથ્થો બોલેરો પીકઅપવાનમાં રાખીને અમદાવાદ એરપોર્ટ રવાના કરવામાં આવ્યો હતો. બોલેરોમાં ઈમીટેશનનો માલ પણ હોવાનું જાહેર થયું છે. રાત્રે એક વાગ્યે બોલેરોના ક્લીનરે કંપનીના મેનેજર પીન્ટુભાઈને ફોન પર લૂંટની ઘટનાની જાણ કરી હતી. લુંટારૂ ટોળકી પાસે પણ બોલેરો સહિતની ૩ કાર હોવાનું ક્લીનર અને ડ્રાઈવરે પૂછપરછમાં જણાવ્યું હતું. લૂંટની ઘટનાને ૧૨ કલાકથી વધુ સમય વીતી ગયા છતાં હજુ સુધી લુંટારૂ ઝડપાયા નથી પણ પોલીસ પગેરું દબાવી રહ્યા હોવાનું ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યું હતું.(૨.૧૨)

ગુજરાતમાં જંત્રીદર વધારો મોકૂફ રહેતા મિલ્કતની માંગમાં વધારો

સોદા-ખરીદી ફાઈનલ સ્ટેજ પર હોય તેમાં વહેલીતકે આખરી કરાર કરવાનો ટ્રેંડ છે. જુની જંત્રી પ્રમાણે જ દસ્તાવેજ શકય બને તે માટે ગ્રાહકો સોદા ફાઈનલ કરીને સાટાખત કરાવી લેવાના મુડમાં છે. રીડેવલપમેન્ટ પ્રોજેકટને મોટી અસર થાય તેમ હોવાથી તેમા પણ ઝડપ મળી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજય સરકારે ગત ૪થી ફેબ્રુઆરીએ રાતોરાત જંત્રીદર ડબલ કરવાની જાહેરાત કરી હતી તે સામે ગ્રાહકોથી માંડીને બીલ્ડર સુધીનાં તમામ વર્ગોમાં વિરોધ ઉઠતા સરકારને પીછેહઠ કરવી પડી છે અને નિર્ણય ૧૫ એપ્રિલથી લાગુ કરવાનું જાહેર કર્યું છે.

ભાંગનો વિવેકપૂર્ણ ઉપયોગ ફાયદામાં, અતિરેક નુકસાનકારક !

રાજકોટ, તા.૧૮

પ્રસાદી ભાંગનું નામ સાંભળતા જ આપણે ભંવો સંકોચવા લાગીએ છીએ, કારણ કે આપણે તેને તરત જ નશા સાથે જોડી દઈએ છીએ. ભાંગને નશાથી તો સૌ કોઈ જોડે છે, પરંતુ શું આપ જાણો છો કે ભાંગને દવા તરીકે પણ બહુ પ્રયોગ કરવામાં આવે છે? જી હા કેન્સરને રોકવામાં ભાંગ અગત્યનો ભાગ ભજવે છે.

હા જી, જો આપ ભાંગને જરૂર કરતા વધારે લો છો, તો સ્વાભાવિક છે કે તે આપને નુકસાન પહોંચાડશે, પરંતુ તેનું યોગ્ય ડોઝ આપને હજાર બીમારીઓથી પણ બચાવશે. અમે આ આર્ટિકલનાં માધ્યમથી ભાંગને પ્રમોટ નથી કરી રહ્યાં, પણ અમે આપને એક દેસી દવા વિશે જાણકારી આપવા માંગીએ છીએ, કારણ કે આ સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે. આજે અમે આપને તેના ઔષધિય ગુણોથી પરિચિત કરાવીએ છીએ.

જો કાનમાં દુઃખાવો થઈ રહ્યો હોય, તો ભાંગના પાંદડાઓ વાટી તેનો રસ કાઢી લો અને તેમાં રૂ પલાડી કાનમાં દબાવીને લગાવવાથી કાનના દુઃખાવામાં બહુ આરામ મળે છે. ભાંગમાં એંટી ઇનફ્લેમેટરી ગુણ હોય છે કે જે માંસપેશીઓમાં દુઃખાવાનાં કારણે થયેલ સોજો ઓછો કરે છે. રિસર્ચમાં સાબિત કરવામાં આવ્યું છે કે ગાંજામાં મળતું તત્વ મિર્ગી એંટેકને ટાળી શકે છે. આ શોધ સાયન્સ પત્રિકમાં પણ પ્રસિદ્ધ થયુ હતું. રિપોર્ટ મુજબ કેનાબિનોએડ્સ કંપાઉંડ માણસને શાંતિનો અહેસાસ કરાવનાર મસ્તિષ્કના ભાગની કોશિકાઓને જોડે છે. ઉંમરની સાથે-સાથે આપણું ઇમ્યુન સિસ્ટમ નબળુ પડી જાય છે કે જેથી આપણને બીમારીઓ ઘેરવા લાગે છે. તેનાથી અંગોમાં ઇનફેક્શન ફેલાઈ જાય છે. ભાંગમાં મળતા ટીએચસી ચેપ ફેલાવવા માટે જવાબદાર મોલિક્યુલનું ડીએનએ બદલી દે છે. ત્યારથી ઑટોઇમ્યુનના દર્દીઓ ભાંગની ખોરાક લે છે. તાવ આવતા જો આપ મર્યાદિત માત્રામાં ભાંગનું સેવન કરો, તો તાવનાં તમામ લક્ષણો ઓછા કરવાની સાથે ભાંગ શરીરનું તાપમાન ઘટાડવામાં પણ મદદ કરે છે. અમે આર્ટિકલની શરૂઆતમાં પણ જણાવ્યું છે કે ભાંગ કફ એક એંટી ઇનફ્લેમેટચરી રોપો છે કે જેનાં પાંદડાઓને લગાવવાથી સંધિવા દ્વારા થતો સોજો અને દુઃખાવો ઓછો કરવામાં મદદ મળશે. ભાંગનાં ભીનાં પાંદડાઓની પોટલી બનાવી અંડકોષોના સોજા પર બાંધવી જોઇએ. જો આપ આવું ન કરી શકો, તો સૂકી ભાંગને પાણીમાં ઉકાળી બફારો આપવાથી અંડકોષોનો સોજો ઉતરી જાય છે. શું આપ જાણો છો કે ભાંગ કેંસર સામે લડવામાં સક્ષમ છે ? કેંસરની વેબસાઇટચ કેંસર.ઓઆરજી મુજબ કેનાબિનોએડ્સ તત્વો કેન્સર કોશિકાઓને મારવામાં સક્ષમ છે. તે ટ્યૂમરનાં વિકાસ માટે જરૂરી રક્ત કોશિકાઓને રોકી દે છે. આ કોલન કેંસર, બ્રેસ્ટ કેન્સર અને લીવર કેન્સરનો સફળ ઇલાજ કરી શકે છે. જો આપને સતત ઝાડા થઈ રહ્યા છે, તો ભાંગ સૂંઠ અને જીરૂંને એક મર્યાદિત માત્રામાં લઈ સારી રીતે એક સાથે વાટી અને ગાળીને રાખી લો. આ ચૂર્ણ જમતા પહેલા ૧-૨ ચમચી ચાટી લો. આ પ્રયોગ ૪૦ દિવસ સુધી સવાર-સાંજ કરવાથી જૂનામાં જૂની સંગ્રહણી (ઝાડા) નષ્ટ થઈ જાય છે.

ભાંગનાં આ ફાયદાઓ હોવા છતાં એક વાતનું ધ્યાન રાખો કે તેને ક્યારેય નરણા કોઠે ન પીવો અને નશો કરવા માટે કદી ન વાપરો. ઔષધ તરીકે ઉપયોગ કરતા પહેલા વૈધ ની સલાહ લેવી. અંગત મતઃ ભાંગ પરનો પ્રતિબંધ યોગ્ય જ છે કેમકે લોકો ને તો જ નશો કરવો છે, પરંતુ એના ઔષધીય ગુણો ને લીધે મેડિકલ કંપનીઓ ને દવા બનાવવા માટે ભારતના કેટલાક પ્રદેશોમાં એની ખેતી માટે પરમિશન આપવામાં આવી છે. ભાંગ ઉછેરવી કે ખેતી કરવી એ કાયદાકીય ગુનો બને છે.

રાજકોટ જિલ્લામાં ૪,૧૩,૬૩૯ બાળકોને કૃમિનાશક ગોળીનું કરાયું વિતરણ

રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની સાપ્તાહિક ઉજવણીમાં યોજાયા કાર્યક્રમો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

રાજકોટ જિલ્લામાં તા.૧૦ થી તા.૧૭ દરમ્યાન રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ નિમિત્તે સાપ્તાહિક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧ થી ૧૯ વર્ષના બાળકોને દરરોજ કૃમિનાશક વિરોધી ગોળી (આલ્બેન્ડાઝોલ) ખવડાવવાનું અભિયાન શરૂ કરવામાં આવેલ હતું. જે અંતર્ગત ૧ વર્ષ થી ૧૯ વર્ષના કુલ ૪,૧૩,૬૩૯ બાળકોને કૃમિનાશક ગોળી ખવડાવવામાં આવી હતી.

આ કામગીરી રાજકોટ જિલ્લાના તમામ ૧૨ સામુહિક આરોગ્ય કેન્દ્રો, ૫૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તેમજ ૯-અર્બન હેલ્થ સેન્ટરો, ૩૪૭ સબ સેન્ટરો અને તેમના સેજાના ૬૦૫ ગામોમાં કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લાના ૧ વર્ષથી ૧૯ વર્ષના બાળકોને કૃમિનાશક ગોળી ખવડાવવા માટે બુથ બનાવી આરોગ્યની ટીમો અને અંતરીયાળ વિસ્તાર, વાડી વિસ્તાર વગેરેમાં કામગીરી કરવા માટે મોબાઇલ ટીમો બનાવવામાં આવેલ હતી. એક પણ બાળક છૂટી ન જાય તે માટે ટીમ દ્વારા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી હતી.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી નીલેશ રાઠોડે જણાવ્યું હતું કે, તા.૧૦ થી તા.૧૭ સુધી રોજ રાષ્ટ્રીય કૃમિનાશક દિનની ઉજવણીના ભાગરૂપે રાજકોટ જિલ્લાના ૧ થી ૧૯ વર્ષની વયજુથના આંગણવાડી, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, શાળામાં જતા કે શાળામાં ન જતા કુલ ૪,૧૩,૬૩૯ એટલે કે જિલ્લાના ૯૧% બાળકોને કૃમિનાશક ગોળી આપી કૃમિથી થતા ચેપ સામે રક્ષણ આપેલ છે. કૃમિના ચેપથી બાળકોના સ્વાસ્થ્ય પર લોહીની ઉણપ, કુપોષણ, ભુખ ન લાગવી, બેચેની, પેટમાં દુઃખાવો, ઉલ્ટી તથા ઝાડા, વજન ઓછુ થવુ જેવી અનેક હાનિકારક અસરો જોવા મળે છે. ભારત સરકાર દ્વારા બાળકોને વિટામીન-એ ના રાઉન્ડની સાથે કૃમિનાશક ટેબલેટ વર્ષમાં બે વખત આપવામાં આવે છે.

આ અભિયાનમાં પત્રિકાઓનું વિતરણ, પોસ્ટરો,બેનરો,જુથ ચર્ચા, ગ્રૂપ મિટિંગ, રોલ પ્લે, કાઉન્સેલીંગ સેશન, શોર્ટ ફીલ્મોનુ નિદર્શન, કેમ્પ વર્કશોપ વગેરેનું આયોજન કરાયું હતું. સમધારાથી સ્વાસ્થ્ય અંતર્ગત રજુ કરવામાં આવેલ કાર્યક્રમમાં આરોગ્ય કર્મચારીઓ ટીમે લોકોને રાષ્ટ્રીય કૃમિનાશક દિનની વિસ્તૃત સમજ આપી હતી.

યુવા સેના ટ્રસ્ટ દ્વારા ઘરે-ઘરે જઈ સશકત વૃધ્ધોની કરાશે વડીલ વંદના

વડીલોનું માન-સન્માન, આદર આપવા યોજાશે વડીલ વંદના કાર્યક્રમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

રાજકોટની માત્ર એવી એક સંસ્થા યુવા સેના ટ્રસ્ટ દ્વારા સમાજને નવી રાહ મળે અને ભારતીય સંસ્કૃતિનું જતન થાય તે હેતુથી અશકત (અસ્વસ્થ) વડીલોનું તેઓના ઘરે જઈ સન્માન કરાશે. જે વડીલો પોતાના ઘરે લાંબી બિમારી હોય, કમરના દુઃખાવા હોય, ઘુંટણના દુઃખાવા હોય, પેરાલીસીસ હોય, અસ્થીર મગજ હોય તથા અન્ય કોઈ એવી બિમારી વડીલોને હોય જે વડીલોનું સન્માન રાજકોટની યુવા સેના ટ્રસ્ટ તેઓના ઘરે જઈ અને ભારતીય સંસ્કૃતિ મુજબ માન-સન્માન, આદર આપવું એ આપણી નૈતિક ફરજમાં આવે છે. જે યુવા સેના ટ્રસ્ટ એવા વડીલોનું તેઓના ઘરે જઈ સન્માન કરશે.

જેઓ પોતાના વડીલોનું સન્માન કરાવવા માંગતા હોય તેઓએ અમારી ઓફિસ, સેવાભવન, ભોલેનાથ સોસાયટી, શેરી નં.૪, અંકુર વિદ્યાલય મેઈન રોડ, ગુરૂપ્રસાદ ચોકની બાજુમાં, રાજકોટ ખાતે સોમ થી શુક્ર સવારે ૯:૩૦ થી ૧૨ અને સાંજે ૪:૩૦ થી ૭ દરમ્યાન રૂબરૂ આવી ફોર્મ ભરી જવાનું રહેશે. યુવા સેના ટ્રસ્ટ તરફથી વડીલોને સન્માન પત્ર, ખેશ, તેમજ શુભેચ્છા ભેટ આપવામાં આવશે. તેમજ આપના વડીલનો સન્માન કરતો ફોટોગ્રાફ (ફ્રેમ સાથે) સંસ્થા તરફથી આપને આપવામાં આવશે. વધુ વિગત માટે સંસ્થાનાના પ્રમુખના મો.૯૯૧૩૩ ૧૦૧૦૦ તથા કાર્યાલયના મો. ૯૮૨૫૧ ૩૨૦૨૪ પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

ગુણવત્તા સભર કામો નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરી વિકાસમાં અગ્રેસર રહેવા કૃષિમંત્રી પટેલનો અનુરોધ

જિલ્લા પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ જિલ્લા આયોજન મંડળની બેઠક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

રાજકોટ જિલ્લાના પ્રભારી તથા રાજયના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં કલેકટર કચેરી ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઇ હતી. જેમાં ગુણવત્તા સભર કામો નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરી વિકાસમાં અગ્રેસર રહેવા મંત્રી પટેલે ઉપસ્થિત અધિકારીઓને અનુરોધ કર્યો હતો. મંત્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલી આ સમીક્ષા બેઠકમાં ગત બેઠકની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી તથા બેઠકમાં રજૂ થયેલ નવી દરખાસ્તોને યોગ્ય સમીક્ષા બાદ મંજૂરી આપવામાં આવી હતી. મંત્રી રાઘવજીભાઈએ પ્રગતિ હેઠળના તમામ વિકાસ કામોની સમીક્ષા કરી હતી અને વિવિધ જોગવાઈઓ હેઠળની નવી દરખાસ્તોને મંજૂર કરવા અંગે અધિકારીઓને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

રાજકોટ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં રાજ્ય સરકારની વિવિધ જોગવાઈઓ હેઠળ મંજુર થયેલા અને દરખાસ્ત માટે આવેલા વિવિધ વિકાસ કામો અંગે મંત્રી રાઘવજીભાઈએ સંબંધિત વિભાગો પાસેથી સવિસ્તાર માહિતી મેળવી હતી અને પેન્ડિંગ કામો નિયત સમય મર્યાદામાં સત્વરે પૂર્ણ કરવા અધિકારીઓને તાકીદ કરી હતી. પીવાના પાણીની રજૂઆતોને ટોચ અગ્રતા આપવા મંત્રીએ ઉપસ્થિતોને અનુરોધ કર્યો હતો.આજી રિવરફ્રન્ટ, રામનાથ મહાદેવ મંદિર, ધોરાજી સર્કિટ હાઉસનું નવું બિલ્ડીંગ વગેરે બાબતો અંગે પણ આ બેઠકમાં પરામર્શ કરાયો હતો.ખંઢેરી ગામ ખાતે વિધવા મહિલાની તરફેણમાં પાંચ એકર જમીન અંગેનો હુકમ કરવા બદલ મંત્રી રાઘવજીભાઈ પટેલે પ્રાંત અધિકારી વિવેક ટાંકની સરાહના કરી હતી.

માધવ ફ્લેટ ઓનર્સ એસોસિએશનના સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફ્ટી અંગે તાલીમ અપાઈ

હાઈરાઈઝ બિલ્ડીંગમાં સ્થાનિક રહેવાસીઓને તથા સ્કૂલના બાળકોને ફાયર સેફ્ટી અંગે તાલીમ અપાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઈરાઈઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફ્ટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે શહેરની સમ્યક ફ્લેટસ, પટેલ ચોક નાગેશ્વર જામનગર રોડ તથા કાલાવડ રોડ ફાયરસ્ટેશન ખાતે ગ્રીનવુડ ઈન્ટરનેશનલ સ્કૂલ વિદ્યાર્થીઓને તાલીમ રાજકોટ ચીફ ફાયર ઓફિસર આઇ.વી.ખેર અને ડે.ચીફ ફાયર ઓફિસર બી. જે. ઠેબાના સુપરવિઝન હેઠળ ફાયર સેફ્ટી અંગે મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ હતું.

આ બાબતે વધુને વધુ લોકો ભાગીદાર થાય અને ફાયર સેફ્ટીની તાલીમ મેળવે જેથી આપણા ગૌરવશાળી રાજકોટને વધુને વધુ સુરક્ષીત બનાવવા આગળ આવે તેવો જાહેર જનતાને અનુરોધ કરવામાં આવે છે. જે બિલ્ડીંગ દ્વારા પોતાની બિલ્ડીંગમાં મોકડ્રીલ આયોજન કરવા સ્વૈચ્છીક અરજી કરશે તેમને પહેલી તક આપવામાં આવશે.

પોરબંદરના સોઢાણા હાઈ-વે ઉપર થતાં વારંવાર અકસ્માતો

પોરબંદર, તા.૧૮

પોરબંદર અડવાણા હાઈ-વે પર સોઢાણા નજીક આવેલ કુંજવેલ ઓળખાતા કોઝ-વે ઉપર ગોલાઈ આવેલી છે. જ્યાં વારંવાર વાહન અકસ્માતો સર્જાઈ રહ્યા છે અને વાહનો રોડથી નીચે ઉતરી જાય છે તેમ જણાવીને પોરબંદર કોંગ્રેસે અકસ્માતો અટકાવવાની માંગણી સાથે તંત્રને રજૂઆત કરી છે. પ્રદેશ કોંગ્રેસના પૂર્વ સેક્રેટરી અને પોરબંદર જીલ્લાના સિનિયર આગેવાન રામદેવભાઈ મોઢવાડિયાએ વહીવટીતંત્રને કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે,પોરબંદરથી અડવાણા તરફ જતા રસ્તે કુંજવેલ તરીકે ઓળખાતો કોઝ-વે આવેલો છે. આ કોઝ-વે પાસે જ સોઢાણા તરફ એક ગોલાઈ આવેલી છે અને આ ગોલાઈ શરૂ થાય છે ત્યાં તેનું માહિતી દર્શાવતું ભયસૂચક સિગ્નલનું બોર્ડ મુકવામાં આવ્યું નથી. એટલું જ નહીં પરંતુ ગોલાઈ બન્ને સાઈડ સ્પીડબ્રેકર પણ બનાવાયા નથી તથા કોઝ-વે ઉપર રેલીંગ પણ બનાવવામાંઆવી નથી તેથી અહીંથી વાહનચાલકો પસાર થાય છેત્યારે અકસ્માતનો ભોગ બને છે અને વાહન સીધા જ ખેતરમાં ખાબકે છે.

તાજેતરમાં જ આ પ્રકારના બનાવમાં એક કાર પલટી ખાઈને નીચે ઉતરી ગઈ હતી આ પ્રકારના બનાવ રેલીંગ અને દિશા સૂચક બોર્ડના અભાવે વધી રહ્યા છે. તેથી અકસ્માતમાં કોઈનો જીવ જાય તેપહેલા જ તંત્રએ યોગ્ય સ્વરૂપ ગોઠવવી જરૂરી બની છે.

ટ્રાફિકની સમસ્યાના નિરાકરવા માટે મનપાના પદાધિકારીઓની રેલવે વિભાગ સાથે ચર્ચા

જામનગર રોડનો સાંઢીયા પુલ નવો બનાવવા ડિઝાઈન તૈયાર કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

તા.૧૭ ના રોજ રેલવે વિભાગ સાથેના જુદા જુદા પ્રશ્નો અંગે મિટિંગ મળેલ હતી. આ મિટિંગમાં સાંસદ મોહનભાઈ કુંડારીયા, મેયર ડો.પ્રદિપ ડવ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, રેલવે વિભાગના ડી.આર.એમ. અનિલકુમાર જૈન, મ્યુનિ.કમિશનર અમિત અરોરા, ડે.કમિશનર આશિષ કુમાર, રેલવેના સિનિયર ડિવિઝનલ એન્જીનિયર ઇન્દ્રજીતસિંહ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા, બાંધકામ સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ, સિટી એન્જીનિયર એચ.એમ.કોટક, એચ.યુ.દોઢિયા તેમજ રેલવે વિભાગના અન્ય સબંધક સ્ટાફ હાજર રહેલ હતા.

જામનગર રોડ પર સાંઢિયા પુલ આશરે ૧૯૭૮માં બનેલ છે. આ પુલ ઘણા વર્ષ જુનો છે. જેથી આ પુલ નવો બનાવવા માટે ૧૬.૪૦ મીટરનો ફોરલેન કરવા માટે જરૂરી ડીઝાઈન તૈયાર કરવામાં આવેલ છે. ફોરલેન બનાવવા માટે રેલવે વિભાગ હેઠળ આવતા રેલવે સ્પાન અંગે રેલવેના અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવેલ. જરૂરી ચર્ચા બાદ ડ્રોઈંગમાં જરૂરી સુધારા વધારા કરવાના થતા હતા. જે સુધારા વધારા કરી રેલવે વિભાગને ડ્રોઈંગ આપવાનું તેમજ રેલ્વે વિભાગ દ્વારા પણ વહેલાસર વિભાગની મંજુરી મેળવવા સાંસદએ તથા પદાધિકારીઓએ રેલ્વે વિભાગના અધિકારીને જણાવેલ હતું. આ ઉપરાંત શહેરની ટ્રાફિકની સરળતા માટે હૈયાત એસ્ટ્રોન નાલાની બાજુમાં દસ્તુર માર્ગ સામે નવું નાલુ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. તે માટે પણ જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતું.

પારિવારિક હુંફ ન મળતા ગેરમાર્ગે દોરાઈ છે બાળકો

સગીરાનું પરિવાર સાથે પુનઃમિલન કરાવતી ૧૮૧ અભયમ ટીમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

ગુજરાત સરકાર દ્વારા મહિલાઓની સુરક્ષા માટે અવિરત કાર્યરત ૧૮૧ અભયમ હેલ્પલાઇન ફક્ત મહિલાઓ જ નહીં પરંતુ તેમના પરિવારને પણ મદદરૂપ થાય છે. આવો જ એક કિસ્સો રાજકોટ જિલ્લાની શાળામાં અભ્યાસ કરતી ૧૬ વર્ષની કિશોરીને અભયમ ટીમે યોગ્ય કાઉન્સેલીંગ કરીને પરિવાર સાથે મિલાપ કરાવ્યો હતો.

આજની યુવા પેઢી અભ્યાસ દરમ્યાન અન્ય પ્રવૃત્તિ તરફ વધુ આકર્ષિત થતી હોય છે. રાજકોટની ૧૬ વર્ષની કિશોરી વેલેન્ટાઇન ડેના દિવસે શાળામાં ગેરહાજર રહી તેના મિત્ર સાથે સમય પસાર કરતી હતી. આ કિશોરી બે દિવસ શાળામાં ગેરહાજર રહેતા શાળાના શિક્ષકે ઘરે ફોન કરીને ગેરહાજરીનું કારણ પૂછ્યું હતું. કિશોરીની માતાને આ વાતની જાણ થતા આઘાત લાગ્યો અને તેમની તબિયત બગડી હતી.કિશોરીના મોટા ભાઈઓ ચિંતિત થયા હતા. ભાઈઓએ કિશોરીને ફોન કરીને માતાની તબિયત વિશે જાણ કરી ત્યારે કિશોરી ગભરાઈ જતા તેણીએ ૧૮૧ અભયમ ટીમનો મદદ માટે સંપર્ક સાધ્યો હતો.

અભયમની ટીમને સંપર્ક કરીને કિશોરીએ જણાવ્યું કે તેણીને ઘરે જવામાં સુરક્ષા લાગતી નથી. આ સંજોગોમાં કિશોરીની મદદ માટે અભયમ ટીમના કાઉન્સેલર શિવાનીબેન પરમાર, કોન્સ્ટેબલ શાહિનબેન, ડ્રાઈવર કિર્તિદાનભાઈએ સ્થળ પર પહોંચીને તમામ વિગતો મેળવી હતી. કિશોરીએ ખુબ ગભરાયેલી હાલતમાં કહ્યું હતું કે, શાળાના સમય દરમ્યાન મિત્ર સાથે ગયેલી હતી તેની જાણ મોટાભાઈઓને થતા તેઓ ખૂબ ગુસ્સે થશે અને તેણીને માર મારશે.યુવતી સાથે શાંતિ અને સંયમપૂર્વક ચર્ચા કરી ત્યારે જાણવા મળ્યું હતું કે તેમના પિતાના સ્વર્ગવાસ બાદ ઘરમાં જીવન જરૂરી દરેક વસ્તુઓ મળતી હતી.પરંતુ પરિવાર તરફથી પહેલા જેવી હુંફ અને માન મળતું ન હતું.આ ઉપરાંત તેણીના કોઈ નિર્ણય કે વાતને મહત્વ મળવું ન હતું તેથી કિશોરી તેના મિત્રની વધુ નજીક ગઈ હતી અને તેના જીવનની દરેક બાબત મિત્રને જણાવતી હતી.

આ ઉપરાંત ટીમ દ્વારા સ્થળ પર યુવતીના મિત્ર સાથે ચર્ચા થતાં જાણવા મળ્યું કે તેઓ ૨૪ વર્ષના છે. કાઉન્સિલીંગ કરતા બન્નેને પોકસો એક્ટની માહિતી તેમજ અન્ય કાયદાકીય માહિતી અંગે જાણકારી આપી હતી. અભયમની ટીમે કિશોરીને ઘરે પહોંચાડી હતી અને ટીમ દ્વારા કિશોરીના માતા અને મોટાભાઈઓનું કાઉન્સિલીંગ કરાયું હતું. કાઉન્સિલીંગ બાદ પરિવારજનોએ ભૂલ સ્વીકારી માફી માગી હતી. કાઉન્સિલીંગ બાદ સગીરાએ વચન આપ્યું હતું કે, તે ફક્ત અભ્યાસમાં જ ધ્યાન આપશે. આમ ૧૮૧ ટીમ દ્વારા સગીરાને ગેરમાર્ગે જતા અટકાવી તેમજ તેમના પરિવારજનોને તેમની ભુલથી વાકેફ કરાવી પરિવાર સાથે પુનઃ મિલન કરાવ્યું હતું.

પદાધિકારીઓ અધિકારીઓના પરસ્પર સુચારૂ સંકલનથી વિકાસ કામોને નવી ગતિ આપવા મુખ્યમંત્રીનું આહવાન

રાજયની જિલ્લા પંચાયતના પ્રમુખો પદાધિકારીઓ સાથે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કર્યો પરિસંવાદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યની જિલ્લા પંચાયતોના પદાધિકારીઓ અને પંચાયતી અધિકારીઓના પરસ્પર સુચારૂ સંકલનથી વિકાસ કામોને નવી ગતિ આપવા પ્રેરક આહવાન કર્યુ છે. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, જિલ્લા પંચાયત સ્તરે જિલ્લાના વિકાસ કામોનું આયોજન પ્લાનિંગ કરતા પૂર્વે વિકાસ કામોની યાદી, અગ્રતા વગેરેમાં પદાધિકારીઓને સહભાગી બનાવવા યોગ્ય સંકલન થવું જરૂરી છે. મુખ્યમંત્રીએ જિલ્લા પંચાયતોના પ્રમુખો, ઉપપ્રમુખો અને કારોબારી સમિતિના અધ્યક્ષો માટે રાજયના પંચાયત વિભાગ દ્વારા ગાંધીનગરમાં આયોજીત પરિસંવાદમાં સંબોધન કર્યુ હતું. અમૃતકાળમાં સ્વર્ણિમ ભવિષ્ય તરફ વિષય વસ્તુ સાથે યોજાયેલા આ પરિસંવાદમાં મુખ્યમંત્રીએ નિર્ધારીત કાર્યક્રમ કરતાં નવતર એક અભિગમ અપનાવ્યો હતો. તેમણે આ પરિસંવાદમાં સહભાગી એવા જિલ્લા પંચાયત પ્રમુખો, ઉપપ્રમુખો અને કારોબારી અધ્યક્ષો સાથે પ્રવચન શ્રેણીને બદલે વાતચીત પરસ્પર સંવાદનો ઉપક્રમ યોજ્યો હતો.

મુખ્યમંત્રીએ ૧૦ જેટલા જિલ્લાઓના પદાધિકારીઓ પાસેથી તેમની કામગીરી, રાજ્ય સરકાર તરફથી મળતા પ્રોત્સાહન, ફિલ્ડ લેવલે ઉદભવતા સ્થાનિક પ્રશ્નો વહીવટી બાબતોની વિશદ જાણકારી પ્રશ્નોત્તરીના માધ્યમથી મેળવી હતી. મુખ્યમંત્રીએ વિકાસ કામોના લોંગ ટર્મ પ્લાનિંગ લાંબાગાળાના આયોજનથી સાતત્ય પૂર્ણ કામો દ્વારા નાણાંનો પૂરેપૂરો સદુપયોગ થાય તે માટે પદાધિકારીઓને અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીએ આ પરિસંવાદના પ્રારંભ પ્રસંગે પંચાયત વિભાગ દ્વારા પંચાયતી રાજને વધુ સુદ્રઢ અને સક્ષમ બનાવવા માટે પંચાયતી રાજ ઇન્ફોરમેશન એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ પોર્ટલનું ઈ લોકાર્પણ કર્યું હતું.

આ પોર્ટલ દ્વારા તાલુકા કક્ષાએથી રાજ્ય સરકાર સાથે સીધો પેપરલેસ સંવાદ થશે, એક સેન્ટ્રલાઈઝ સિસ્ટમથી કર્મચારીની આંતરીક જિલ્લા ફેર બદલી, બઢતી અને અન્ય યોજનાઓનું રીયલ ટાઈમ મોનીટરીંગ અને મેનેજમેન્ટ શક્ય બનશે. એટલું જ નહીં. પરીનામને ભવિષ્યમાં ઈ-સરકાર સાથે જોડીને, પંચાયત વિભાગ અને રાજ્ય સરકાર સંપૂર્ણ રીતે પારદર્શક અને પેપરલેસ થવા તરફ હરણફાળ ભરશે.

રાણાવાવના સસ્તા અનાજના કૌભાંડને લીધે અનાજ વિતરણની કામગીરી ઠપ્પ

ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થા નહીં થતાં અનાજ અપાયું નહીંઃ કોંગ્રેસ દ્વારા ઉચ્ચ કક્ષાએ થઇ રજૂઆત

પોરબંદર, તા.૧૮

રાણાવાવ ગામે સસ્તા અનાજનો જથ્થોસગેવગે કરી જવાના બનાવમાં સરકારી અધિકારી સહિત એક ડઝન જેટલા લોકો સામે ગુન્હો નોધાયા બાદ ધરપકડ સહિત રિમાન્ડની કાર્યવાહી થઇ છે પરંતુ પાડાના વાંકે પખાલીને ડામ જેવો ઘાટ સર્જાયો છે અને પોરબંદર જીલ્લાના મોટાભાગના વિસ્તારોમાં ફેબ્રુઆરી મહિનો અડધો વીત્યો હોવા છતાં હજુ સુધી ચાલુ મહિનાનો અનાજનો જથ્થો જરૂરીયાતમંદોના ઘર સુધી પહોચ્યોનથી.તેમ જણાવીને કોંગ્રેસ દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત થઇ છે.

પ્રદેશ કોંગ્રેસના પૂર્વ સેક્રેટરી અને પોરબંદર જીલ્લાના સિનિયર આગેવાન રામદેવભાઈ મોઢવાડિયાએ રાજય સરકારને રજૂઆત કરતા જણાવ્યું છે કે,પોરબંદરના રાણાવાવ ગામે પુરવઠા વિભાગના અનાજના ગોડાઉનમાંથી સસ્તું અનાજ બારોબાર પગ કરી જવાના બનાવમાં અધિકારી સહિત એકાદ ડઝન શખ્સો સામે ગુન્હો દાખલ થયો હતો અને તેના આરોપીઓ જેલ હવાલે થઇગયા છે.પરંતુ તેઓના આ કૌભાંડને લીધે આમ જનતાને અનેતેમાં પણ ખાસ કરીને ગરીબને અસહ્ય પરેશાની વેઠવી પડી રહી છે કારણકે એ કૌભાંડ બહાર આવ્યા બાદ તંત્ર દ્વારા ટ્રાન્સપોટેશનની પુરતી વ્યવસ્થા થઇ શકી નથી જેના કારણે જીલ્લાના મોટાભાગના વિસ્તારોમાં અનાજનો પુરવઠો હજુ સુધી સપ્લાય કરવામાં આવ્યો નથી.

દાદાગીરી કરીને આવી વ્યવસ્થામાં અડચણરૂપ બની રહ્યા છે તેવા શખ્સો સામે પણ કડક કાર્યવાહી કરવી જોઈએ અને વહેલીતકે અનાજ વિતરણની વ્યવસ્થા યોગ્ય રીતે થાય તે માટેતંત્રએ નક્કર પગલા ભરવા જોઈએ તેમ રામદેવભાઈમોઢવાડિયાએ જણાવ્યું હતું.

લૂંટ કરી અપહરણ કરવાના ગુન્હામાં આરોપીઓએ હાઈકોર્ટમાં કરેલ જામીન અરજી વીથડ્રોવલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

ફરિયાદી તેના મિત્ર વાહીદ સાથે હોય દરમ્યાન આરોપી મિલન નિમાવત નામના માણસે ફરિયાદીના મિત્ર વાહીદને ગોંડલ રોડ ચોકડીએ બોલાવતા ફરિયાદી તથા ભોગ બનનાર સાહેદ જતાં આરોપી મિલન નિમાવત તથા તેની સાથેના બે ગાડીમાં આવેલ આશરે બીજા દસેક જેટલા અજાણ્યા શખ્સોએ કે જેમની ઉંમર ૨૦ થી ૨૫ વર્ષ હોય તેઓએ ભોગ બનનાર સાહેદ વાહીદને ઈમરાન બાબતે પુછપરછ કરી, ઈમરાન પાસે પૈસા લેવાના બાકી હોય તે મેળવવા માટે પરાણે વાહીદને વરના કારમાં બેસાડી તેમજ તેની સાથેની અન્ય સ્વીફ્ટ કાર સાથેનું અપહરણ કરી લઈ જઈ ગુન્હો કરેલ હોય જે મતલબની ફરિયાદ ફરિયાદીએ નોંધાવેલ. ત્યારબાદ પોલીસે આરોપીઓની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતાં જેલહવાલે થયેલ. ત્યારબાદ આરોપી મિલત રતિલાલ નિમાવત, રાજુ દેવશી આડેદરા, રાજુ લીલાભાઈ આડેદરા તથા રાયદે દેવશીભાઈ આડેદરાએ સેશન્સ અદાલતમાં જામીન અરજી કરતા આરોપીઓની જામીન અરજી રદ કરવાનો હુકમ ફરમાવેલ હતો. ત્યારબાદ ચારેય આરોપીઓએ હાઈકોર્ટમાં અલગ-અલગ જામીન અરજીઓ કરેલ હતી.

એડવોકેટઃ જીતેન્દ્રસિંહ પરમાર | એડવોકેટઃ ઈકબાલ થૈયમ

ત્યારબાદ બંને પક્ષોની દલીલના અંતે આરોપીઓએ એટલે કે અરજદારોએ તેઓની જામીન અરજીઓ વિથડ્રો કરેલ હતી એટલે કે, પરત ખેંચી લીધેલ હતી.

આ કેસમાં મુળ ફરિયાદી સિકંદર ઈસ્માઈભાઈ ઘાડા વતી ધારાશાસ્ત્રી જીતેન્દ્રસિંહ વી. પરમાર, ઈકબાલ થૈયમ તથા ધ્રુવીનભાઈ ભુપતાણી રોકાયેલ હતા.

દેહદાન મહાદાન

અવસાન નોંધ

રાજકોટ : અક્ષર નિવાસી જ્યોત્સનાબેન કાનાબાર (ઉ.વ.૬૪), તે રમેશચંદ્ર (બુધાભાઇ) વલ્લભજીભાઇ કાનાબાર (તાલાલાવાળા)ના ધર્મપત્ની, તુષારભાઇ, અમિતભાઇ તથા ભાવિનભાઇ (મુંબઇ)ના માતુશ્રી, કિશોરભાઇ, હિરાબેન હરગોવિંદદાસ વિઠલાણી (મુંબઇ) અને અનિલાબેન અરવિંદકુમાર પોપટના ભાભી, તેમજ ચંદનબેન પરેશકુમાર ચોલેરા (વેરાવળ)ના કાકી અને અ.નિ. ગીરધરભાઇ નાગજીભાઇ વિઠલાણી (કેશોદ)ના પુત્રીનો તા.૧૭ને શુક્રવારે અક્ષરવાસ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૧૮ને શનિવારે, સાંજે ૪:૩૦ થી ૬ સુધી શ્રી ફળેશ્વર મહાદેવ મંદિર, પુનિતનગર-૧, બજરંગવાડી પાસે, જામનગર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

મોકાની ઓફીસ વેચવાની છે

રાજકોટના પોશ વિસ્તારમાં ચાલુ ભાડા તેમજ ફર્નીચર સાથે ૧૦૫, રામ ચેમ્બર, ઢેબર રોડ રાજકોટ પહેલા માળે ૧૭૦ સ્કેવર ફુટની ઓફીસ વેચવાની છે.

સંપર્કઃ ૯૫૧૨૮ ૯૫૧૨૫

રાજકોટ હેડ પોસ્ટ ઓફિસ દ્વારા બચત વસંત મહોત્સવ અંતર્ગત યોજાશે મેગા ડ્રાઈવ

બાળકો માટે પબ્લિક પ્રોવિડન્સનો લાભ આપવા ધ્રુવ સંકલ્પ નામક વિશેષ અભિયાન હાથ ધરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

આગામી તા.૨૦ થી ૨૪ ફેબ્રુઆરી દરમિયાન પોસ્ટ ઓફિસ બચત ખાતાઓ ખોલવા માટે વિશેષ અભિયાન અન્વયે રાજકોટ હેડ પોસ્ટ ઓફિસ ખાતે બચત વસંત મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. જેના ભાગરૂપે રૂ.૫૦૦ ના મિનિમમ બેલેન્સ સાથે બચત ખાતું ખોલી નેટબેન્કિંગ, મોબાઇલ બેન્કિંગ, એ.ટી.એમ. જેવી સુવિધાઓનો લાભ આપવામાં આવશે.

ડ્રાઈવ દરમિયાન ખાતા ખોલવા માટે ગુજરાતની તમામ પોસ્ટ ઓફિસમાં વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ રાજ્યના દરેક ભાગમાં વિશેષ શિબિરો અને મેળાઓનું આયોજન કરવામાં આવશે. હાલ ભારતીય ટપાલ વિભાગ સલામતી સાથે તમામ પી.ઓ.એસ.બી. યોજનાઓમાં સૌથી વધુ વ્યાજદર આપી રહ્યું છે.

આ ડ્રાઈવ અંતર્ગત મેગા કેમ્પમાં દરેક કેટેગરીના પોસ્ટ ઓફિસ એકાઉન્ટ ખોલી શકાશે જે માટે જરૂરી ડોક્યુમેન્ટ જેવા કે આધાર કાર્ડ,પાનકાર્ડ અને બે પાસપોર્ટ સાઈઝ ફોટો લાવી કોઈપણ નાગરિક તાત્કાલિક પોતાનું ખાતું ખોલાવી શકશે. બાળકોને પબ્લિક પ્રોવિડન્ટ ફંડનો લાભ આપવા માટે ધ્રુવ સંકલ્પ નામનું અભિયાન ગુજરાત પોસ્ટલ સર્કલ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.

આ યોજનામાં રોકાણ કરાયેલી રકમ બાળકોના મોટા સપનાઓને સાકાર કરવા માટે ખૂબ જ ફાયદાકારક રહેશે. તાજેતરમાં ૨૮ જાન્યુઆરી થી ૩૧ જાન્યુઆરી દરમિયાનમાં ભારતીય ટપાલ વિભાગે સમગ્ર ભારતમાં ૩૫ લાખ પોસ્ટ ઓફિસ બચત બેંક ખાતાઓ ખોલ્યા છે. ગુજરાત પોસ્ટલ સર્કલ ૮૮૪૦ પોસ્ટ ઓફિસના નેટવર્ક સાથે ૧.૩૭ કરોડથી વધુ લાઈવ ખાતા ધરાવે છે.

આ ઉપરાંત આર.ડી., એમ.આઈ.સી, એનએસસી- કેવીપી સર્ટિફિકેટ, ટીડી, પીપીએફ, એસ. એસ.એ જેવા ખાતાની સ્કીમ છે.

ભારતીય ટપાલ વિભાગ સૌરાષ્ટ્ર-કચ્છ ક્ષેત્રીય કચેરી દ્વારા વિશિષ્ટ અભિયાનો અંતર્ગત સામાન્ય જનતા સુધી પોસ્ટલ બચત ખાતાની સેવા, બાળાઓના સુકન્યા સમૃદ્ધિ ખાતાઓ ખોલવા, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકમાં ડિજિટલ ખાતા ખોલી ડીજીટલ વ્યવહારોનો વ્યાપ પધારવા, ઘરે બેઠા બાળકોના આધારકાર્ડ કઢાવી આપવા, અકસ્માત વીમાની યોજના મારફત મહત્તમ લોકોને આવરી લેવા અને પોસ્ટલ વીમા યોજનાનો લાભ વધુને વધુ લોકો સુધી પહોંચાડવાના અભિયાનમાં ઉત્કૃષ્ટ કામગીરી કરેલ કર્મચારીઓને પુરસ્કૃત પણ કરવામાં આવ્યા હતા અને સરકારી યોજનાઓને વધુને વધુ લોકો સુધી પહોંચાડી શકાય તે માટે સૌરાષ્ટ્ર કચ્છની પોસ્ટ ઓફિસો દ્વારા ૨૨,૫૦૦ થી વધારે દીકરીઓને સુકન્યા સમૃદ્ધિ યોજના અંતર્ગત આવરી લેવામાં આવી તેમના ખાતા ખોલવામાં આવ્યા છે તેમ સિનિયર પોસ્ટ માસ્ટર રાજકોટ હેડ પોસ્ટ ઓફિસની યાદી દ્વારા જણાવવામાં આવ્યું છે.

કોટડાપીઠા ગામની માતા અને બાળક માટે આશીર્વાદરૂપ બનતી રાજકોટની ૧૦૮ ઈમરજન્સી સેવા

સફળતાપૂર્વક નોર્મલ પ્રસુતિ કરાવી યોગ્ય સારવાર આપી માતા અને બાળકનો જીવ બચાવ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના કોટડાપીઠા ગામે વાડી વિસ્તારમાં ખેતમજુરી કરતા ૨૬ વર્ષીય પ્રસુતાને પ્રસુતિની પીડા ઉપડતા વાડીનાં માલીક દિલીપભાઈએ ૧૦૮ નો સંપર્ક સાધ્યો હતો. જસદણ તાલુકાની ૧૦૮ ટીમનાં ઈ.એમ.ટી. ઈન્દ્રજીતભાઈ ડાંગર અને પાયલોટ દેવાયતભાઈ રાઠોડ ગણતરીની મિનિટોમાં જ ઘટના સ્થળ કોટડાપીઠા પહોંચી ગયા હતા. આ અંગે વધુ વિગતો આપતાં ૧૦૮ જિલ્લા સુપરવાઈઝર દર્શિત પટેલએ જણાવ્યું હતું કે, પ્રસુતાને અસહ્ય પ્રસવ પીડા ઉપડતાં હોસ્પિટલ પહોંચે તે પહેલા જ ઈ.એમ.ટી. ઈન્દ્રજીતભાઈને પ્રસુતિ કરાવવી જરૂરી જણાતાં રસ્તામાં જ સાઈડમાં એમ્બ્યુલન્સ ઉભી રાખી પ્રસુતિ કરાવી હતી.૧૦૮ હેડ ઓફિસના ડોકટર રવિ ચાવડાની ટેલીફોનીક મદદ મેળવી સફળતાપૂર્વક નોર્મલ પ્રસુતિ કરાવી યોગ્ય સારવાર આપી માતા અને બાળકનો જીવ બચાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, વધુ સારવાર અર્થે માતા અને બાળકને જસદણ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં.જ્યાં હાજર તબીબોએ માતા અને બાળકને જરૂરી સારવાર આપી હતી,હાલ બાળક અને માતા બન્ને સંપૂર્ણપણે સ્વસ્થ છે. આમ,કોટડાપીઠા ગામની માતા અને બાળક માટે રાજકોટની ૧૦૮ ઈમરજન્સી સેવા આશીર્વાદરૂપ બનતાં મહિલાનાં પરિજનોએ ૧૦૮ ના આરોગ્ય કર્મીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

હીરાસર એરપોર્ટની પ્રગતિની માહિતી રજૂ કરતા જિલ્લા કલેકટર

કેન્દ્રીય કેબિનેટ સચિવે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી રાજકોટ જિલ્લાના પ્રગતિ હેઠળના વિકાસ કામોની કરી સમીક્ષા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

ભારત સરકારના કેબિનેટ સચિવ દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ગુજરાત રાજ્ય સરકારને લગતા બાકી રહેલા પ્રગતિ હેઠળના કામોની સમીક્ષા કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લાના કેન્દ્ર સરકારના પ્રગતિ હેઠળના કામોની માહિતી જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુએ આ બેઠકમાં રજૂ કરી હતી. જેમાં રાજકોટના હીરાસર નજીક નિર્માણાધીન એરપોર્ટ નજીક નડતરરૂપ પવન ચક્કી હટાવવા, મોબાઈલ ટાવરની હાઈટ ઓછી કરવા, હીરાસર ગામતળની જમીન સંપાદન અને પુનઃ વસવાટ કરવા,ગોંડલ જેતપુર સિક્સ લેન નેશનલ હાઇવેના બનાવવા વગેરેની વિગતો રજૂ કરી હતી. આ તકે પ્રાંત અધિકારી સંદિપ કુમાર વર્મા, નેશનલ હાઈ-વે ઓથોરિટી ઓફ ઇન્ડિયાના પ્રોજેકટ ડાયરેક્ટર સંજયકુમાર યાદવ તથા અન્ય સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત વર્ક ઈઝી કો-વર્કીંગ સ્પેસ દ્વારા ફ્રીલાન્સર્સ મીટનું આયોજન

વિવિધ ક્ષેત્રમાં કાર્યરત પ્રોફેશનલ્સ એકત્રિત થઈ એકબીજા માટે નેટવર્કીંગ અને માહિતીની આપ-લે કરશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

સૌરાષ્ટ્રનું બિઝનેસ હબ ગણાતા રાજકોટમાં પ્રથમ વખત પ્રોફેશનલ્સ અને ફ્રીલાન્સીંગ કરતા લોકો માટે નવીનતમ ક્ષેત્રો અને તકોની માહિતી મેળવવા, તેમજ નેટવર્કિંગ અને બિઝનેસના વિકાસ માટે ફ્રીલાન્સર્સ મીટનું આયોજન તા.૧૯ ફેબ્રુઆરી, રવિવારના રોજ સવારે ૯ થી સાંજે ૫:૩૦ કલાક દરમિયાન કાલાવડ રોડ ઉપર આવેલ જહુસ રેસ્ટોરન્ટની ઉપર બીજા માળ પર સ્થિત વર્કઈઝી કો-વર્કીંગ સ્પેસ ખાતે કરવામાં આવેલ છે.

આ ફ્રીલાન્સર્સ મીટ અંગે વધુ માહિતી આપતા વર્કઈઝી કો-વર્કીંગ સ્પેસના ઓનર પાવક ઉનડકટ જણાવે છે કે વર્તમાન સમયમાં વધતી જતી ઉદ્યોગ અને વ્યવસાયની જરૂરીયાતને પહોંચી વળવા નાના શહેરો અને ગામોમાંથી યુવા ઉદ્યોગ સાહસિકો અને ફ્રીલાન્સ પ્રોફેશનલ્સ રાજકોટ તરફ પોતાની કારકિર્દીની શોધમાં આવી રહ્યા છે. તેઓના સ્વપનાઓને સાકાર કરવા માટે અને તેમની જરૂરિયાતોને સમજીને સાચું માર્ગદર્શન પુરૂ પાડવા માટે આ ફ્રીલાન્સર્સ મીટનું આયોજન કરવામાં આવેલ છે. આ મીટમાં ભાગ લેવા ઈચ્છતાં પ્રોફેશનલ્સને તેમના ક્ષેત્રના નિષ્ણાંતોને મળવાનો અને માર્ગદર્શન પ્રાપ્ત કરીને નવી તકો મેળવવાનો મોકો મળશે. તેમજ જે-તે ક્ષેત્રના નિષ્ણાતના સહયોગ અને નેટવર્કથી તેમની જરૂરીયાત અને કાબેલીયત અનુસાર સારી કારકિર્દી પસંદ કરવાની તક સાંપડી શકે છે. આ ફ્રીલાન્સર્સ મીટનો લાભ આગામી તા.૧૯ ફેબ્રુઆરી, રવિવારના રોજ સવારે ૯ થી સાંજના ૫:૩૦ કલાક દરમિયાન લઈ શકાશે. જે માટે રજીસ્ટ્રેશન વેબસાઇટ **(www. workeasy.in)** પરથી કરાવવું અનિવાર્ય છે. વધુ માહિતી માટે +૯૧ ૯૯૭૯૯ ૧૦૧૦૧ ઉપર સંપર્ક કરી શકાશે.

જસદણના વાજસુરેશ્વર મંદિરે મહાશિવરાત્રીની ભવ્ય ઉજવણી

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૧૮

જસદણમાં રાજાશાહી સમયના પૌરાણિક વાજસુરેશ્વર મહાદેવ મંદિરે મહાશિવરાત્રીની ભવ્ય ઉજવણી શરૂ થઈ છે.

આ મંદિર ખાતે મહાશિવરાત્રી નિમિત્તે આજે વહેલી સવારે મંગળા આરતી બાદ બપોરે ખાસ આરતી યોજાણી હતી. બપોરે આરતી બાદ લોકોને ભાંગનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. સાંજે ૭ કલાકે આરતી બાદ રાત્રે ૧૨ કલાકે મંદિરના પુજારી જગદીશગીરી મહારાજ દ્વારા વાજસુરેશ્વર મહાદેવને મહાઆરતી કરવામાં આવશે. સાંજે વાજસુરેશ્વર મહાદેવને ફૂલોનો ખાસ આકર્ષક શૃંગાર કરવામાં આવશે.

બુધવારે આઈ.ટી.આઈ. રાજકોટ ખાતે રોજગાર ભરતી મેળો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ અને રાજકોટ આઈ.ટી.આઈ. દ્વારા એમ.જી.મોટર્સ પ્રા. લી.માટે તા.૨૨ ના રોજ સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા સુધી આજીડેમ પાસે આવેલ ગવર્નમેન્ટ આઈ.ટી.આઈ. ખાતે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કંપનીમાં કંપની ટ્રેઇનીની જગ્યાઓ માટે પ્રેસ, બોડી, પેઇન્ટ, વ્હીકલ એસેમ્બ્લી, ક્યુ.એ. મેન્ટેનન્સ અને યુટીલિટીઝ વર્ક માટે સીધી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેમાં ધોરણ ૧૦ અને કોપા સિવાયના તમામ આઈ.ટી.આઈ. ટ્રેડના પાસ થયેલા ૧૮ થી ૨૬ વર્ષની ઉંમરના ઉમેદવારો ભાગ લઈ શકશે.ફ્રી કેન્ટીન અને ટ્રાન્સપોર્ટેશન સહિતની અન્ય સુવિધાઓ પણ મળવાપાત્ર છે. કંપની વિશે વધુ વિગતો **www.mgmotor.co.in** વેબસાઈટ પરથી મળી રહેશે.

આ ભરતી મેળામાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોએ ધોરણ ૧૦ ની માર્કશીટ, આઈ.ટી.આઈ.ની તમામ માર્કશીટ,આધાર કાર્ડ, પાસપોર્ટ ફોટોગ્રાફસ-૫ નંગ, અનુભવના પ્રમાણપત્રો, બાયોડેટા અથવા રીઝયુમ સહિતના ડોક્યુમેન્ટ્સ ઓરીજીનલ તથા એક સેટ ઝેરોક્ષનો સાથે લાવવાનો રહેશે. રજીસ્ટ્રેશન, ફોર્મ ફીલિંગ, મૌખિક ઈન્ટરવ્યુ દ્વારા સ્ક્રીનીંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. પસંદગી પામેલ ઉમેદવારોએ કંપનીમાં તાત્કાલિક ધોરણે જોઈનીંગ કરવાનું રહેશે. આ અંગે વધુ માહિતી માટે આઈ.ટી.આઈ. રાજકોટમાં પ્લેસમેન્ટ વિભાગનો સંપર્ક કરવો તેમ આઈ.ટી.આઈ.ના આચાર્ય નિપુણ રાવલની યાદીમાં જણાવાયું છે.

યુથ ફોર ડેમોક્રેસી દ્વારા યુવા નેતૃત્વ તાલિમ શિબિર અને યુવા સંસદ યોજાઈ

જુદી જુદી કોલેજોના શિસ્તબધ્ધ એનએસએસના ૧૫૦થી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

સ્વામી વિવેકાનંદજી, પૂજ્ય મહાત્મા ગાંધીજી અને લોકનાયક જયપ્રકાશ નારાયણના વિચારોને મૂર્તિમંત કરવા અને સમાજ, રાષ્ટ્ર માટે નવું નેતૃત્વ જાહેર જીવનમાં મળે તેવા સંકલ્પ સાથે કાર્યરત સંસ્થા યુથ ફોર ડેમોક્રેસી રાજકોટ દ્વારા બાલભવનના સભા ગૃહમાં યુવા સંસદ-૨૦૨૩ નું આયોજન કરવામાં આવેલ. જેમાં રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓ જે સ્વયં શિસ્ત, સેવા અને પરિશ્રમના સિધ્ધાંતોને વરેલા છે તેવા રાજકોટની જુદી-જુદી કોલેજોના ૧૫૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. સંસ્થાના પ્રમુખ એડવોકેટ હિંમતભાઈ લાબડીયાની સીધી દેખરેખ અને યુવા માર્ગદર્શક યશવંતભાઈ જનાણીના સીધા માર્ગદર્શન હેઠળ તથા રાષ્ટ્રીય સેવા યોજનાના પૂર્વ નિયામક પ્રા. જે. એમ. પનારાના તથા ડો. યશવંતભાઈ ગોસ્વામીના પ્રેરક સંચાલનથી યોજાયેલ આ યુવા સંસદના અધ્યક્ષ તરીકે હિરલ એચ. બસોપિયા (સદગુરૂ મહિલા કોલેજ) ની વરણી થતા તેઓએ સભાગૃહનું કામકાજ સંભાળી જણાવ્યું હતું.

આ યુવા સંસદનું ઉદઘાટન કરતા રાજકોટના યુવા મેયર ડો.પ્રદીપભાઈ ડવે જણાવેલ કે સંસદીય લોકશાહી શાસન વ્યવસ્થાની જાણકારી માટેની તાલીમ રાષ્ટ્ર અને સમાજ માટે એક જવાબદાર નાગરિકત્વ અને નેતૃત્વનું નિર્માણ કરશે.

આ પ્રસંગને માર્ગદર્શક વક્તાઓ તરીકે પૂર્વ કુલપતિ તરીકે ડો. કમલેશભાઈ જોશીપુરા, પૂર્વ કુલનાયક અનામિકભાઈ શાહ, વરિષ્ઠ પત્રકાર કૌશિકભાઈ મહેતા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના પ્રા.સંજયભાઈ પંડ્યા અને યુવા સંયોજક અતુલભાઈ જોશી ઉપસ્થિત રહેલ. આ તકે પોલીસ વિભાગના સાયબર એક્સપર્ટ અભિષેક કલ્યાણી તથા જેમિશ પાડલિયાએ સાયબર ગુનાઓ કેમ અટકે તેની વિસ્તૃત માહિતી આપેલ.

આ પ્રસંગે વિવિધ કોલેજોના રાષ્ટ્રીય સેવા યોજનાના અધિકારીઓ ડો. હરીશભાઈ રાબા અને ડો. એચ. આર. ભાલીયા (કુંડલીયા કોલેજ), ડો. નવનીતભાઈ ચૌધરી (મીનાબેન કુંડલિયા મહિલા કોલેજ), ગીતાબેન વાઘેલા અને ડો. રાધિકાબેન ગોહિલ (સદગુરૂ મહિલા કોલેજ), ડો. જીગ્નેશભાઈ ગાદેશા, ડો. મહેશભાઈ યાદવ (સદગુરૂ કોલેજ), ડો.પી.એમ. સખીયા (આર.આર. પટેલ કોલેજ) ડો.યશવંત ગોસ્વામીની સાથે મદદમાં રહેલ.

કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ એડવોકેટ હિંમતભાઈ લાબડીયા સાથે પ્રિ.ડો.યજ્ઞેશભાઈ જોષી, કિશોરભાઈ ચંદારાણા, એડવોકેટ પથીકભાઈ દફતરી, ઉર્મિલાબેન લાબડીયા, આર.વી. સોલંકી, ડો. શાંતિભાઈ વિરડીયા, વામનભાઈ પંડ્યા, ધર્મેન્દ્રભાઈ ગઢવી, લખમણભાઈ બારીયા, પરેશભાઈ પંડ્યા, જીતુભાઇ લખતરીયા, રીટાબેન લખલાણી વગેરેએ જહેમત ઉઠાવેલ. કાર્યક્રમમાં ડો.પ્રદીપભાઈ કણસાગરા, જનાર્દનભાઈ પંડ્યા, રાજુભાઇ વ્યાસ, દિનેશભાઈ કોરિંગા વગેરે ઉપસ્થિત રહેલ. છેલ્લે રાષ્ટ્રગીતનું ગાન કરી યુવા સંસદ પૂર્ણ કરવામાં આવેલ.

લો કોલેજમાં ગ્રાહકો સાથે થતી છેતરપિંડીની ફરિયાદ ઓનલાઈન મોડમાં કરવા અંગે કાયદાકીય જાગૃતતા કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ જિલ્લા ગ્રાહક સુરક્ષા ફોરમ-લો કોલેજ તેમજ એન.આર.વેકરીયા માસ્ટર ઓફ લો પી.જી. સેન્ટરના સંયુક્ત ઉપક્રમે શિબિર યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

જૂનાગઢ, તા.૧૮

જિલ્લા ગ્રાહક સુરક્ષા ફોરમ તેમજ લો કોલેજ જૂનાગઢ અને એન.આર.વેકરીયા માસ્ટર ઓફ લો પી.જી. સેન્ટરના સંયુક્ત ઉપક્રમે ગ્રાહકોના હકકો-અધિકારો અંગે કાયદાકીય જાગૃતતા અંગે કાનુની શિબિર યોજાય હતી. જેમાં ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને ગ્રાહક સુરક્ષા ફોરમમાં ફરિયાદ કરવા અંગેના નમુનાની નકલ તેમજ કેરી બેગ અને હાથ રૂમાલ આપ ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં કાયદાકીય જાગૃતતા માટેના પ્રોજેકટ ઓફિસર વી.ડી.કારીયાએ ઓનલાઈન એપ્લીકેશન કઈ રીતે કરવી તેની સમજ આપી હતી.

ભાવનગરનો યુવા ભારત દેશનું પ્રતિનિધિત્વ કરશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ભાવનગર, તા.૧૮

યુથ ઓપોર્ચ્યુનિટીઝ પ્લેટફોર્મ દ્વારા ભાવનગરના યુવા અને યુનાઈટેડ નેશન્સના સ્વયંસેવક કેવલસિંહ કિશોરસિંહ પાવરાની યુથ ઓપોર્ચ્યુનિટીઝ ગ્લોબલ એમ્બેસેડર પ્રોગ્રામ માટે નિમણૂંક કરવામાં આવી છે. તેઓ એક વર્ષ માટે કન્ટ્રી એમ્બેસેડર તરીકે ભારતમાં યુવા તકોનું પ્રતિનિધિત્વ કરશે. યુથ ઓપોર્ચ્યુનિટીઝએ વિશ્વ ભરના યુવાનો માટે સૌથી મોટું તક શોધ પ્લેટફોર્મ છે. વૈશ્વિક યુવા વિકાસ પ્લેટફોર્મ તરીકે યુથ ઓપોર્ચ્યુનિટીઝ લાખો યુવાનોને મફતમાં અમર્યાદિત તકોની સરળ અને ત્વરિત એક્સેસ સેવા પ્રદાન કરે છે. જેમાં યુવાનોને તકોથી વાકેફ કરવા માટે તેઓ સોશિયલ મીડિયા, કોલેજ મુલાકાત, સામાજીક કાર્યક્રમો, વ્યાવસાયિક પ્રવાસ, તાલીમ સત્ર, પરિષદો દ્વારા યુવાનોને વિશ્વ સાથે જોડાવાનું કાર્ય કરશે. તેમની નિમણૂંક થવા બદલ પરિવાર અને મિત્રો દ્વારા અભિનંદન પાઠવી લાંબી અને સફળ કારકિર્દીની ઈચ્છા વ્યક્ત કરવામાં આવી હતી.

સિન્ધી મેરેજ બ્યુરોની ફ્રી સેવા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

શ્રી નાનકરામ મોટવાણી દ્વારા સિન્ધી સમાજના યુવક-યુવતીઓને જીવનસાથી પસંદગી માટે ઉપયોગી થવા વિનામૂલ્યે મેરેજ બ્યુરોની સેવા ફ્રી આપી રહ્યા છીએ અને વધુને વધુ સમાજના લોકો લાભ લેવા માટે આપના બાળકોની બાયોડેટા જન્માક્ષર સાથે લાવવા અથવા અમારા સરનામે મોકલવા વિનંતી. આ કાર્યમાં છુટાછેડા, સગાઈ, વિધવા, ખોડખાપણ, ડાયાબીટીસ, વિકલાંગ વગેરેનું કાર્ય ફ્રી સેવામાં કરવામાં આવે છે તે લોકોને પણ લાભ લેવા અનુરોધ કરાયો છે. અને વધુ વિગતો માટે ૯૨૨૮૮૮૫૮૪૩ પર સંપર્ક કરવો.

પાટણવાવ ખાતે પાંચ જિનાલયોનો ધ્વજારોહણ કાર્યક્રમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના પાટણવાવ ગામે ઓસમ જૈન ટેમ્પલ ટ્રસ્ટના પાંચ જિનાલયોનો ફાગણસુદ ત્રીજને તા.૨૨ બુધવારે સવારે ૮:૩૦ કલાકે ધ્વજારોહણના કાર્યક્રમનું આયોજન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે.

ઢંક ગિરીરાજ મહાતિર્થના પ્રેરણાદાયી સાધ્વીરત્ના પૂ. ચારૂવ્રતાશ્રીજી મહારાજ સાહેબ દ્વારા નિર્માણ પામેલા શ્રી સિધ્ધચક્ર યંત્રમય જિનાલયની ૧૩મી સાલગિરા તેમજ ઓસમ પર્વત પર આવેલા શાંતિ સ્નાત્રમય જિનાલયની ૮મી સાલગિરા અને પાટણવાવ ગામ અને તળેટીમાં આવેલા ઋષભકૂટ જિનાલય મળી કુલ પાંચ જિનાલયો પર ધ્વજારોહણનો પ્રસંગ યોજાવાનો છે.

આ શુભ દિનનો લાભ લેવા માટે શ્રાવક અને શ્રાવિકાઓને ઓસમ જૈન ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

જસદણ નગરપાલિકાની આગામી અઠવાડીયે ભાજપના શાસનની મુદ્દત પૂર્ણ

વહીવટદારનું શાસન આવે એવી શકયતા

(હુસામુદ્દીન કપાસી દ્વારા)

જસદણ, તા.૧૮

જસદણ નગરપાલિકામાં છેલ્લાં પાંચ વર્ષથી ચાલતાં ભાજપના શાસનનો આગામી વિકમાં અંત આવી જશે કારણ કે, થોડાં દિવસોમાં ચૂંટણીની મુદ્દતનો સમય પાંચ વર્ષ પુરા થશે જસદણ નગરપાલિકામાં ગત ચૂંટણીમાં કુલ મળી ૨૮ નગરસેવકો ચૂંટાયા હતા જેમાં ભાજપમાંથી ૨૩ અને કોંગ્રેસમાંથી પાંચ સભ્યો ચૂંટાયા હતાં ચૂંટણી બાદ પ્રથમ પ્રમુખ તરીકે જીજ્ઞેશભાઈ જીવનભાઈ હીરપરાએ અઢી વર્ષ સુધી બીજા તબક્કામાં અનિતાબેન અલ્પેશભાઈ રૂપારેલિયા અઢી વર્ષ માટે પ્રમુખપદે રહી તેમણે અનેક રેકોર્ડ સ્થાપિત કર્યાં હતા અનિતાબેનના શાસન દરમિયાન તેમણે રોડ રસ્તા પાણી ગટર જેવાં અનેક કામો જે લાંબા સમયથી અણઉકેલ હતાં તેને વેગવંતા બનાવી તે કરોડો રૂપિયાના ખર્ચે બનાવી લોકોમાં રાહત પ્રસરાવી ખાસ કરીને અનિતાબેનના શાસનકાળ દરમિયાન ૧૨ જેટલી ખાસ અને સામાન્ય સભા યોજાય જેમાં દરેક સભામાં ભાજપ અને કોંગ્રેસના સભ્યોએ જે વિકાસના કાર્યોમાં જે સહકાર આપ્યો હતો તે પણ પાલિકાના ઇતિહાસમાં એક રેકોર્ડ છે ત્યારે આગામી સમયમાં જસદણમાં વહીવટદારનું રાજ આવશે તે નક્કી છે.

આજ મધ્યરાત્રિએ શાહી સ્નાન સાથે શિવરાત્રી મેળાની થશે પૂર્ણાહૂતિ

ગરવા ગિરનારના સાનિધ્યમાં મહાશિવરાત્રીનો મેળો હવે અંતિમ ચરણમાંઃ શિવરાત્રીના મેળાના ત્રીજા દિવસે ચાર લાખથી વધુ ભક્તોએ લીધો લાભ

તસવીરઃ દિલીપ ગોહેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૮

ગરવા ગિરનારનાં સાનિધ્યમાં મહાશિવરાત્રીના મેળો હવે અંતિમ ચરણમાં છે.મેળાનો પ્રારંભ અખાડાના મહા મંડલેશ્વર હરીગીરી મહારાજ અને મહામંડલેશ્વરો, ભક્તો, ભવનાથના સાધુ સંતોએ કરાવ્યો હતો.આ મેળામાં ભાગ લેવા માટે દેશના ખૂણે ખૂણેથી ભાવિકોનો અભૂતપૂર્વ ધસારો થયો હતો અને ભજન ભોજન અને ભકિતનો ત્રિવેણી સંગમ રચાયો છે.વિવિધ ક્ષેત્રના રાજકીય આગેવાનોની હાજરીમાં ભવનાથ મંદિર ઉપર ધાર્મિક વિધિથી ધ્વજારોહણ કરી પારંપરિક અને ભાતીગળ મેળાનો શુભારંભ કરાવ્યો હતો.

ત્યારે હવે આજ મધ્યરાત્રિએ શાહી સ્નાન સાથે મેળાની પૂર્ણાહૂતિ કરવામાં આવશે.ભવનાથ મહાદેવના મેળાની શરૂઆત થતાની સાથે જ લાખોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હોય ભવનાથમાં પગ મૂકવાની જગ્યા પણ રહી નથી.ચારો તરફ માનવ મહેરામણ જોવા મળી રહ્યો છે. બીજીતરફ અનેક સ્થળે ભજનના કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.અનેક નામી અનામી કલાકારો સંતવાણી, ભજનની રમઝટ બોલાવી રહ્યા છે.જ્યારે અન્નક્ષેત્રોમાં ભાવિકોને ભાવતા ભોજનિયા પિરસાઇ રહ્યા છે.ઉપરાંત સાધુ, સંતોએ ધ્રુણા ધખાવ્યા હોય અનેક લોકો સાધુના દર્શન,સેવા કરી રહ્યા છે.

ચકડોળ સહિતની અનેક રાઇડ્સમાં પણ ભારે ગિરદી જોવા મળી રહી છે.ખાસ કરીને રાત્રિના સમયે કરાયેલ રોશનીના કારણે ભવનાથ ક્ષેત્ર ઝળહળી ઉઠ્યું છે. ભવનાથમાં રાત્રિના સમયે પણ દિવસ ઉગ્યો હોય તેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે.દરમિયાન મહા શિવરાત્રિ મેળો તેના અંતિમ ચરણમાં પહોંચ્યો છે.આજ શનિવારે સાધુ સંતોની રવેડી,બાદમાં મૃગીકુંડ ખાતે શાહી સ્નાન સાથે મેળાની પૂર્ણાહૂતિ થશે. ત્યારે ત્રણ દિવસથી ચાલતા આ મેળામાં અત્યાર સુધીમાં ચાર લાખથી પણ વધારે શ્રદ્ધાળુ એ જૂનાગઢ ભવનાથ મંદિર અને અલગ અલગ તીર્થ સ્થાનોના દર્શન કર્યા છે.ભજન કીર્તન તેમજ ભોજન સાથે મહાદેવનો જય જયકાર કર્યો હતો. મહાશિવરાત્રીના આ મેળામાં આવતીકાલે રાત્રીના નીકળતી રવેડીમાં નાગા સાધુનું સૌથી આકર્ષણનું કેન્દ્ર બની રહેતું હોય છે. ખાસ કરીને અંગ કશરતના દાવ તલવાર પટાબાજી ઉપરાંત નાગા સાધુઓ પોતાની ઈન્દ્રીવડે લાકડી બાંધી તેના પર અન્ય સાથીઓને માથે ચડાવી ટ્રક જીપ પોતાના અંગ સાથે બાંધીને ખેંચતા હોય તેવી અનેક હરકતો જોવા માટે લોકોની ભીડ ઉમટી પડે છે. આવતીકાલે બપોરના ૧૨ કલાકથી રાત્રીના ૧૨ કલાક સુધી લોકો રવેડીના દર્શન કરવા માટે રોડની બન્ને સાઈટમાં ભુખ્યા તરસ્યા બેસી રહે છે કારણ કે કોઈને કોઈ વેશમાં જટાજોગીઓના દર્શન થઈ જાય ખુદ ભગવાન શિવજી પણ આ મેળામાં પધારતા હોય તેવી માન્યતા છે.

મહા શિવરાત્રીની રાત્રિના મુખ્યત્વે ૪ અખાડાની રવેડી નિકળે છે. આમાં જૂના અખાડા,આહ્વાન અખાડા, અગ્નિ અખાડા અને કિન્નર અખાડાનો સમાવેશ થાય છે. જૂના અખાડાના ઈષ્ટ દેવ દત્ત મહારાજ, આહ્વાન અખાડાના ઈષ્ટદેવ ગણેશજી, અગ્નિ અખાડાના ઈષ્ટદેવ ગાયત્રી માતાની પાલખી નિકળે છે. જૂનાગઢના ભવનાથ ખાતે યોજાઇ રહેલા મહા શિવરાત્રી મેળાના ત્રીજા દિવસે પણ લાખ્ખોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. ખાસ કરીને બપોરના સમયે ૩૮.૩ ડિગ્રી કાળઝાળ ગરમીમાં પણ રસ્તા પેક ગિર્દી જોવા મળી હતી. ૨ દિવસમાં ૬ લાખ લોકોએ મેળાની મોજ માણી છે. જ્યારે ત્રીજા દિવસે પણ ભાવિકોની ભીડ જોવા મળી હતી. અનેક દિગંબરો, સાધુ, સંતો, મહંતો, મહા મંડલેશ્વરો જોડાશે. અનેક સાધુઓ, દિગંબરો હેરત અંગેઝ દાવ રજૂ કરી અનેક કરતબ બતાવશે. વિવિધ વિસ્તારમાં ફર્યા બાદ રવેડી ભવનાથ મંદિર ખાતે સંપન્ન થશે. બાદમાં મૃગીકુંડ ખાતે સાધુ, સંતો, મહંતો, દિગંબરો શાહી સ્નાન કરશે.

બાદમાં મેળાની પૂર્ણાહૂતિ થશે. રવાડી, શાહી સ્નાન પૂર્ણ થયા બાદ મેળો પૂર્ણ થશે. ત્યારે મેળામાં આવેલા લાખ્ખો ભાવિકો વતનની વાટ પકડશે. પરિણામે હાલ જ્યાં પગ મૂકવાની પણ જગ્યા નથી એ ભવનાથ ક્ષેત્ર ધીમે ધીમે ખાલી થવા લાગશે. આ તમામ ભીડ શહેર તરફ વળશે પરિણામે શહેરમાં ટ્રાફિક જોવા મળશે.

કન્સ્ટ્રકશન સાઈટ પર ત્રીજા માળેથી પટકાતા દેવિપુજક યુવકનું ઘટના સ્થળે મોત

રાજકોટઃ મવડીમાં બાપાસિતારામ ચોક પાસે આવેલ બાંધકામ સાઈટ પર ત્રીજા માળેથી પટકાતા શ્રમિક દેવિપુજક યુવકનું ઘટના સ્થળે જ મોત નિપજતાં પરીવારમાં આક્રંદ છવાયો હતો.પ્રાપ્ત વિગત અનુસાર, ગુરૂકુળ રોડ પર લોહાનગરમાં રહેતાં કાનાભાઈ ચોથાભાઈ કલાડીયા (ઉ.વ.૨૯) ગઈકાલે મવડીમાં બાપાસિતારામ ચોક પાસે આવેલ સાનીધ્ય કન્ટ્રકશન સાઈટ પર લાદીકામ કરવા માટે ગયો હતો. ત્યારે તે ત્રીજા માળે વાટા ભરવાનું કામ કરતો હતો ત્યારે તેનો પગ લપસતાં નિચે પટકાયો હતો. જેમાં તેને ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ પ્રાણપંખેરૂ ઉડી ગયુ હતું. ઘટના સ્થળે એકઠા થયેલ લોકોએ ૧૦૮ને જાણ કરતા ૧૦૮ના ઈએનટીએ યુવકને તપાસી મૃત જાહેર કર્યો હતો.બનાવ અંગે જાણ થતાં તાલુકા પોલીસનો સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાગળો કરી મૃતદેહને પી.એન.અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડાયો હતો. વધુમાં મૃતક છભાઈમાં વચ્ચે અને સંતાનમાં એક પુત્રી છે બનાવથી પરીવારમાં કાળો કલ્પાંત ફરી વળ્યો હતો.

રાજકોટના આજીડેમ પોલીસ ચોકીના પીઆઈને ઉપલેટા કોર્ટે રૂ.૧૦ હજારનો દંડ ફટકાર્યો

રકમ ન ભરે તો પગારમાંથી કાપી લેવા સી.પી.ને આદેશ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૮

રાજકોટ પોલીસમાં કોર્ટ દ્વારા દાખલારૂપ કાર્યવાહી કરાઈ હોવાની બાબત સામે આવી છે.રાજકોટના આજીડેમ પોલીસ ચોકીના પીઆઈને ઉપલેટા કોર્ટે રૂ.૧૦ હજારની કોસ્ટ ફટકારી હતી અને આ રકમ ન ભરે તો પગાર માંથી કાપી લેવા સી.પી.ને આદેશ કરાયો હતો. ત્રણ-ત્રણ વાર આરોપીને વોરંટ બજવણી તો ન કરી સાથે સંતોષકારક જવાબ પણ ન આપ્યો હતો ફરજની કોઈ ગંભીરતા જ ન હોય તેમ ચાર-ચાર મુદ્દત સુધી ખુલાસો આપવા કોઈ કોર્ટમાં હાજર જ ન થતા અદાલતે આકરી કાર્યવાહી કરવી પડી હતી.આ કાર્યવાહીથી પોલીસ બેડાંમાં સોંપો પડી ગયો હતો. પોલીસ સ્ટેશનોમાં હાજર કર્મચારી-અધિકારી ફરિયાદી - ભોગ બનનારને સંતોષકારક પ્રતિક્રિયા કે જવાબ નથી આપતા એવું તો તમે અનેક વખત સાંભળ્યું હશે.

જો કે હવે પોલીસે એથી પણ વધુ આગળ પોતાની (કુ)વ્યવસ્થામાં સુધારો કર્યો હોય તેમ ન્યાયાલયને પણ સંતોષકારક પ્રતિક્રિયા કે જવાબ નથી આપતી. ઉપલેટાની કોર્ટમાં એક ફરિયાદીએ ચેક રિટર્નનો કેસ કર્યો છે.આરોપી રાજકોટના આજીડેમ પોલીસ મથક વિસ્તારમાં રહેતા હોય વોરન્ટ સમન્સ ઈસ્યુ કરાયા હતા.ત્રણ-ત્રણ વાર આરોપીને વોરંટ બજવણી કરવામાં નિષ્ફળ રહેલા રાજકોટ શહેર પોલીસના આજીડેમ પોલીસ મથકે આ અંગે કોર્ટને સંતોષકારક જવાબ પણ ન આપ્યો. જેથી કોર્ટે આ અંગે ખુલાસો આપવા આજીડેમ પોલીસના જવાબદાર કર્મચારી-અધિકારીને કોર્ટમાં હાજર રહેવા સ્વમાનભેર આમંત્રણ આપ્યું પણ મોંઘેરા મહેમાન હોય તેમ પ્રથમ મુદ્દતે કોઈ હાજર ન રહેતા અદાલતે બીજી મુદ્દત આપી હતી.એ પછી ત્રીજી મુદ્દત અને અંતે તા.૧૭ ની ચોથી મુદ્દત આપી હતી.

ચેક રિટર્ન કેસના ૬૪ વર્ષીય ફરિયાદી સવારે ૧૧ વાગ્યે જ કોર્ટમાં હાજર થઈ ગયા હતા.૧૧ વાગ્યે કોર્ટ માંથી આજીડેમ પોલીસ માંથી કોઈ હોય તો હાજર થવા પોકાર કરાઈ હતી પણ કોઈ આવ્યું નહોતું.૩.૨૧ વાગ્યે અંતે સરકારી વકીલ આજીડેમ પોલીસ મથકે ફોન કરતા સુરેશભાઈ ઝાપડીયાનો નંબર આપવામાં આવ્યો હતો.

આ પોલીસ કર્મીને ફોન કરતા તેઓએ રસ્તામાં હોવાનું કહ્યું હતું.એ પછી ફરી સાંજે ૫.૫૦ એ ફોન કરતા એ પોલીસ કર્મી હજુ પણ રસ્તામાં જ હતા.જેથી અંતે કોર્ટે આકરી અને દાખલા રૂપ કાર્યવાહી કરવી પડી હતી અને આજીડેમ પોલીસ મથકના પી.આઈ.ને રૂ.૧૦ હજારની કોસ્ટ ઉપલેટા તાલુકા કાનૂની સેવા સત્તા મંડળમાં જમા કરવા હુકમ થયો હતો.

આ રકમ ન ભરે તો પી.આઈ.ના પગાર માંથી કાપી લેવા પોલીસ કમિશનરને યાદી કરવા ઉપલેટાના એડિશનલ સિવિલ ન્યાયમૂર્તિ એસ.એસ.અજમેરીએ આદેશ કર્યો છે.આ દાખલ રૂપ કાર્યવાહીથી રાજકોટ શહેર પોલીસ બેડામાં સોંપો પડી ગયો છે.

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ એવં શતામૃત મહોત્સવ સાળંગપુરધામ ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી મહાશિવરાત્રિ નિમિતે આજરોજ શ્રી કષ્ટભંજનદેવ દાદાને દિવ્ય શૃંગાર કરી સવારે મંગળા આરતી તથા શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવેલ મંદિરના પરિસર મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. શ્રી નિલકંઠ મહાદેવ મંદિરને ફૂલોથી વિશેષ શણગાર કરી મંદિરમાં રાત્રે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન પૂજન-અર્ચન-મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ.જેના દર્શન-આરતીનો લાભ હજારો હરિભક્તો લઇ ધન્યતા અનુભવી હતી. તેમ જણાવ્યું હતું.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફકત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાસે)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

શિવાનંદ મિશન વિરનગરની હોસ્પિટલમાં હવે ઝામરનું આધુનિક પધ્ધતિથી સચોટ નિદાન થશે

જિલ્લા પંચાયત આરોગ્ય શાખાએ નોન કોન્ટેકટ ટોનોમીટર મશીન હોસ્પિટલને કર્યું અર્પણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૮

શિવાનંદ મિશન વિરનગરની હોસ્પિટલમાં સૌરાષ્ટ્રભરમાંથી આંખના દર્દીઓ આંખના નિદાન,સારવાર અને આંખના ઓપરેશન માટે આવતાં હોય છે. હોસ્પિટલમાં આંખના ઓપરેશનો નિઃશુલ્ક કરી આપવામાં આવે છે. ઝામરના આંખના રોગથી પીડાતાં સૌરાષ્ટ્ર ભરના દર્દીઓ માટે રાહતના સમાચાર એ છે કે,રાજય સરકારની ડો.શ્યામાપ્રસાદ અર્બન યોજના અંતર્ગત શિવાનંદ મિશન વિરનગરની જાણીતી આંખની હોસ્પિટલને રૂ.ચાર લાખના ખર્ચે ઝામરનું નિદાન કરતું મશીન અર્પણ થયું છે. જિલ્લા પંચાયતના આરોગ્ય અધિકારી ડો.રાઠોડ, વહીવટી અધિકારી ગોંડલીયા અને ફાર્માસીસ્ટની કાર્યવાહીથી આ શકય બન્યું હતુ.

ઝામરના દર્દીઓનું નિદાન પહેલાં મેન્યુઅલ પધ્ધતિથી થતું હોય છે,જેમાં આંખના ટીપાં નાંખી કેટલોક સમય રાહ જોઇ પછી ઝામરનું નિદાન કરવામાં આવતું હતું. આ મશીન આવતાં હવે માત્ર થોડી સમયમાં જ દર્દીઓને કોઇ તકલીફ વગર સચોટ નિદાન કરી સારવાર માટે પધ્ધતિ નકકી કરી શકાય છે.

શિવાનંદ મિશન વિરનગરની આંખની હોસ્પિટલના ચીફ સર્જન અને મેડીકલ ડાયરેકટર ડો.વર્મા અને ટેકનીશ્યન રણજીતસિંહ ગોહિલે હોસ્પિટલ માટે મશીન સ્વીકારી રાજય સરકાર અને જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અધિકારી, પ્રમુખ તેમજ આરોગ્ય શાખાના અધિકારી કર્મચારીઓનો આભાર વ્યકત કર્યો હતો.(૪.૧)

સરકારી ભરતી પરીક્ષા માટે નવી પદ્ધતિ અપનાવવા વિચારણા

તલાટીની પરીક્ષા બે તબક્કામાં યોજવા કરાઈ ચર્ચા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૮

રાજ્યમાં હવે સરકારી ભરતી પરીક્ષા માટે નવી પદ્ધતિ અપનાવવા વિચારણા ચાલી રહી છે. તલાટીની પરીક્ષા બે તબક્કામાં યોજવા ચર્ચા કરાઈ હતી. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ગુજરાત સરકાર વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાના સ્પર્ધકોના ભાવિ સાથે ચેડાં કરનારા વિરૂદ્ધ કડક કાયદાઓ બનાવવા જઈ રહી છે જેનું બિલ ગઈ કાલે વિધાનસભાગ્રુહમાં રજૂ કરાયું હતું.

આ વચ્ચે સરકારી ભરતીને લઈને વધુ એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. છેલ્લા ઘણા સમયથી પરીક્ષાઓમાં પેપર લીકની ઘટનાઓ બની રહી છે આ કારણે યુવાનોના ભવિષ્ય સાથે છેડા થઈ રહી છે અને સરકારની છબી પણ ખરડાઈ રહી છે.ત્યારે રાજ્ય સરકાર નવી પદ્ધતિથી પરીક્ષા યોજવા તૈયારીઓ કરી રહી છે.

ઉમેદવારોની સંખ્યામાં વધારો નોંધાતા નવી પદ્ધતિને લઈ સરકાર દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી છે તલાટીની પરીક્ષાની નવી પદ્ધતિથી યોજવાની લઈને પણ વિચારણા ચાલી રહી છે. સરકાર બે તબક્કામાં પરીક્ષાનું આયોજન કરવાની પદ્ધતિ પર વિચારણા કરી રહી છે.

જેમાં પ્રથમ પરીક્ષામાં પાસ થનાર ઉમેદવાર બીજી પરીક્ષા આપી શકશે.તમામ ભરતી પ્રક્રિયાને લઇ ચોક્કસ પોલીસી બનાવવા માટે સરકાર દ્વારા વિચારણા શરૂ કરવામાં આવી છે.એવી સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે કે ભરતી પરીક્ષાઓમાં થતી બેદરકારી અને ગેરરીતિ અટકાવવા માટે આગામી બજેટ સત્રમાં સરકાર મોટી જાહેરાત કરી શકે છે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

સમગ્ર ગુજરાત શિવભક્તિમાં તલ્લીન, ઠેરઠેર 'હર હર મહાદેવ'નો જયઘોષ

રાજ્યભરમાં ઠેરઠેર શિવાલયોમાં ચાર પ્રહરની વિશેષ પૂજા, આરતી, મહામૃત્યુંજય યજ્ઞ, પાલખી યાત્રા, ધ્વજારોહણ અને શોભાયાત્રાના કાર્યક્રમોથી ભોળાનાથની ભક્તિમાં તલ્લીન થઇ જતા શિવભક્તો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

બમ બમ ભોલે, શિવ કે નામ સે તન ડોલે અને હર હર મહાદેવના પ્રચંડ જયઘોષ સાથે સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતમાં મહાશિવરાત્રીના પાવન પર્વની આસ્થા સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. શિવભક્તિમાં ગુજરાત જાણે કે તલ્લીન બની ગયું છે.

રાજકોટ સહિત ઠેરઠેર શિવાલયોમાં સવારથી શિવભક્તોનો મહેરામણ ઉમટી રહ્યો છે. ઠેરઠેર ભોળાનાથના મંદિરોમાં ચાર પ્રહરની વિશેષ પૂજા, આરતી, મહામૃત્યુંજય યજ્ઞ, પાલખી યાત્રા, ધ્વજારોહણ અને પાઘ પૂજનના ધાર્મિક કાર્યક્રમો સાથે મહાશિવરાત્રી પર્વની ઉજવણીમાં આખું ગુજરાત શિવમય બની ગયું છે. ઠેરઠેર શોભાયાત્રાઓ નીકળી છે અને વાતાવરણ હર હર મહાદેવના નાદ સાથે ગુંજી ઉઠ્યું છે.

આજે જૂનાગઢમાં ભવનાથ તળેટી ખાતે સાધુ-સંતોની રવેડી, મૃગીકુંડમાં સંતોનું પવિત્ર શાહી સ્નાન અને મહાપૂજાના કાર્યક્રમો સાથે મહાશિવરાત્રીના ઐતિહાસિક મેળાની પૂર્ણાહુતી થશે. રવેડી નિહાળવા અને સંતોના દર્શન માટે લાખો ભાવિકો ભવનાથ તળેટીમાં ઉમટી પડ્યા છે. ભારતના ૧૨ જ્યોતિર્લિંગ પૈકીના દ્વાદશ નાગેશ્વર જ્યોતિર્લિંગ ખાતે શિવભક્તોનો જાણે કે મેળો જામ્યો છે. દેવોના દેવ મહાદેવની ઉપાસના માટે આજે સવારથી સોમનાથ મંદિર સહિત તમામ નાના-મોટા શિવાલયોમાં શિવભક્તો અભૂતપૂર્વ આસ્થા અને પ્રચંડ ઉત્સાહ સાથે ઉમટી પડ્યા છે. પૂજા અને ભષ્મઆરતી, શિવલિંગનો દુગ્ધાભિષેક, હોમાત્મક યજ્ઞ, લઘુરૂદ્ર, બીલીપત્ર અર્પણવિધિ સાથે મહાઆરતી, દીપમાળા અને શોભાયાત્રાના આયોજનો થઇ રહ્યા છે. શિવભકતો ભાંગની પ્રસાદી લઈને ભોળાનાથની ભક્તિમાં તલ્લીન થઇ ગયા છે.

જૂનાગઢમાં ગીરનારની ગોદમાં અલખ નિરંજનના ગગનભેદી નાદ સાથે લાખો શ્રધ્ધાળુઓ પરંપરાગત મેળામાં ઉમટી પડ્યા છે. આજે રાત્રે નાગાબાવાઓની રવેડી અને સાધુ-સંતોના દર્શન માટે ભાવિકો તત્પર બન્યા છે. રાત્રે રવેડી, શાહી સ્નાન અને મહાપૂજા સાથે મેળાનું સમાપન થશે. ૪ દિવસથી પોતપોતાના અખાડામાં સાધુ-સંતો શિવભક્તિની ધૂણી ધખાવીને સાધનામાં લીન થઇ ગયા છે. સંતવાણીની સરવાણી વહી રહી છે. સંતોની રવેડી નીકળે ત્યારે કોઈ વિક્ષેપ ન સર્જાય એ માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. તળેટીમાં વાહનોની પ્રવેશબંધી કરવામાં આવી છે. રવેડીમાં જુના અખાડા, આહ્વાન અખાડા, પંચઅગ્નિ અખાડા, કિન્નર અખાડાની રવેડી નીકળશે. જેમાં દિગંબર સાધુઓ, સંતો-મહંતો અને મહા, મંડલેશ્વરો જોડાશે. રવેડી ભવનાથ મંદિરે પૂર્ણ થશે. સંતો મૃગીકુંડમાં શાહી સ્નાન કરીને ભવનાથ દાદાની મહાઆરતી કરશે.

મહાશિવરાત્રીના દિને ભગવાન શિવ હિમાલયમાંથી અદ્રશ્ય થતા ગીરનાર તીર્થ ક્ષેત્રમાં રેવતાંચળ પર્વતમાં સાધના કરવા લાગ્યા હતા. માતા પાર્વતીને જાણ થતા ૩૩ કોટી દેવતા સાથે માતા પાર્વતી અહીં પધારે છે અને પોતાના ઇષ્ટને મેળવવા તપ શરૂ કરી દયે છે. બરાબર મહાશિવરાત્રીના દિવસે મહાદેવ જાગૃત થઇ પ્રગટ થાય છે અને પોતાનું વાગ્ચર્મમાં પ્રસાદી રૂપે આપે છે. એટલે આ સ્થાનનું ખુબ જ મહત્વ છે. અહીં અધ્યાત્મના આનંદની જાણે કે પરાકાષ્ટ સર્જાઈ છે.

સોમનાથ મહાદેવ મંદિર ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આખો વિસ્તાર જય સોમનાથના નાદથી ગુંજી ઉઠ્યો છે. રંગબેરંગી ફૂલો અને લાઈટથી સમગ્ર મંદિર અને પરિસરને સુશોભિત કરવામાં આવ્યા છે. મહાશિવરાત્રી દિને સવારે ૪ વાગ્યાથી લઇ ૪૨ કલાક સુધી સતત મંદિર શિવભક્તો માટે ખુલ્લું રહેશે. પાઘપૂજનનું વિશેષ મહત્વ હોવાથી ભાવિકો માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ભાવિકો પૂજાવિધિ કાઉન્ટર પર નોંધણી કરાવી પાઘ પૂજન કરી શકશે. એ પાઘનો મહાદેવના શણગારમાં ઉપયોગ કરવામાં આવશે. અહીં વાજતે-ગાજતે શોભાયાત્રા નીકળી છે અને સોમનાથ સંસ્કૃત પાઠશાળાના ઋષિકુમારો શાંતિપાઠ કરી રહ્યા છે. સમુદ્ર તટ પર ભવ્ય રેતીશિલ્પ મહોત્સવ આકર્ષકનું કેન્દ્ર બન્યું છે. અત્યાર સુધીમાં એક લાખ ભક્તોએ ઓનલાઈન બિલ્વપૂજા નોંધાવી છે. આ પૂજાને ઘરે બેઠા

(અનુ.પાના નં.૪ ઉપર)

સોમનાથ મહાદેવ મંદિરના દ્વાર સતત ૪૨ કલાક ખુલ્લા રહેશે, રાજકોટ, અમદાવાદ, જૂનાગઢ, જામનગર, અમરેલી સહિતના તમામ શહેરોમાં ભવ્ય શિવ શોભાયાત્રા અને ચાર પ્રહરની પૂજા

તસવીરઃ દિલીપ ગોહેલ

તસવીરઃ પંકજ ડાભી

વાસી માખણ, મીઠાઈ, ખમણ સહિત ૧૭૬ કિગ્રા અખાદ્ય પદાર્થોનો સ્થળ પર નાશ

રાજકોટ મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા શહેરમાં અલગ અલગ સ્થળે ગુણવત્તા ચેકિંગ; ૨૦ ધંધાર્થીઓને ત્યાં ખાદ્ય પદાર્થોની ચકાસણીઃ ૧૩ સ્થળેથી ફૂડના નમુના લેવાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા શહેરમાં અલગ અલગ સ્થળે ખાણી-પીણીના ધંધાર્થીઓને ત્યાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તાનું સઘન ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. આજે વાસી મીઠાઈ, વાસી માખણ, કોપર ખમણ, લીલી ચટણી સહિત કુલ ૧૭૬ કિગ્રા જેટલા અખાદ્ય માલુમ પડેલા ખાદ્ય પદાર્થના જથ્થાનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો છે. કુલ ૨૦ ધંધાર્થીઓને ત્યાં ચકાસણી કરવામાં આવી હતી.

યોગેશ્વર પાર્ક-૨, રામપાર્કમાં મધુરમ ડેરી ફાર્મમાંથી મળી આવેલા વાસી ફૂગવાળા માખણ, વાસી મીઠાઈ તથા એક્સપાયરી ડેટના કોપર ખમણના કુલ ૧૭૬ કિગ્રા જથ્થો માનવ આહાર માટે અયોગ્ય જણાતા સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. પેઢીને હાઈજીનીક કંડીશન જાળવવા નોટીસ આપવામાં આવી હતી.

ચૌધરી હાઈસ્કૂલ પાસે જયઅંબે ફૂડ ઝોનમાં વાસી થયેલ લીલી ચટણીના ૩ કિગ્રા જથ્થાનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. તદ્ઉપરાંત સાંગણવા ચોક ઇલેક્ટ્રિક બજાર ખાતે ભાવેશ પાન સેન્ટરમાંથી એક્સપાયરી થયેલ બે લીટર કોલ્ડ્રીંકસનો સ્થળ પર નાશ કરાયો હતો. કુલ ૨૦ ધંધાર્થીઓને ત્યાં ચકાસણી કરીને ઠંડાપીણા, ખાદ્યતેલ, મસાલા વગેરેના ૧૩ સેમ્પલ ચકાસણી માટે લેવામાં આવ્યા હતા.

જલારામ ચોક ગીતામંદિર વિસ્તારમાં કોલેજીયન પાન, કોલ્ડ્રીંકસ, ડાયમંડ શીંગ, પૂજા પાન, પટેલ પાન અને રાજુ પાનને લાયસન્સ મેળવવા સુચના આપવામાં આવી હતી. મહેશ ડેરી ફાર્મ, જે માર્ટ, રાજમંદિર કોલ્ડ્રીંકસ, અંકુર ખમણ, ગોરધનભાઈ ગોવિંદજી ચેવડાવાળા, જોકર ગાઠીયા, ધક્કામુક્કી એન્ટ્રી, મોમાઈ કોલ્ડ્રીંકસ વગેરેમાં ચકાસણી કરવામાં આવી હતી.

પેડક રોડ જવાહર સ્કૂલ પાસે અભય આઈસ્ક્રીમ પાર્લર, જનરલ સ્ટોર્સમાંથી આઈસ્ક્રીમ અને રજવાડી કેન્ડી તેમજ સહકાર સોસાયટી મેઈન રોડ શ્રીસ્વામીનારાયણ ડેરીફાર્મમાંથી મિક્સદૂધ લૂઝના નમુના લેવામાં આવ્યા હતા.(૨.૧૨)

રાજકોટ જિલ્લા પંચાયતમાં ઉકળતો ચરૂઃ જીભાજોડીના દ્રશ્યોથી ભારે ચર્ચા

કારોબારીના ચેરમેન અને મહિલા સમિતિના ચેરમેનના પતિ વચ્ચે સ્ટાફની હાજરીમાં બોલાચાલી થતા પંચાયતભવનમાં ખળભળાટ

આંગણવાડીઓને મોડેલ બનાવવાની યોજનાના કામોની મંજૂરી અંગે બે જૂથ વચ્ચે વિખવાદ સર્જાયો હોવાની ભારે ચર્ચાઃ મામલો હજુ ઉગ્ર બનશે તેવી સંભાવના

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

રાજકોટ જિલ્લા પંચાયતમાં મોડેલ આંગણવાડીના રૂ.૪૯ લાખના ટેન્ડરના મામલે ઉકળતો ચરૂ જેવી પરિસ્થિતિ નિર્માણ થઇ હોવાનું બહાર આવ્યું છે. ટેન્ડરના મામલે જિલ્લા પંચાયતમાં કારોબારી ચેરમેન અને મહિલા બાળ વિકાસ સમિતિના ચેરમેનના પતિ વચ્ચે ઉગ્ર રીતે બોલાચાલી અને જીભાજોડીના દ્રશ્યો સર્જાયા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. એક તબક્કે ચાલુ ઓફિસમાં સ્ટાફની હાજરીમાં મામલો ઉગ્ર બની જતા આખો સ્ટાફ ભેગો થઇ ગયો હતો. માંડ-માંડ સમજાવટ કરીને બંનેને છુટા પાડવામાં આવ્યા હતા. બંનેએ સામસામા આક્ષેપો કરતા જિલ્લા પંચાયતના વાતાવરણમાં ગરમાવો આવી ગયો હતો.

આ ઘટના અંગે ચર્ચાતી વિગતો એવી છે કે, આંગણવાડીઓને મોડેલ બનાવવાનું નિર્ણય લેવાયો હોવાથી કારોબારી સમિતિની બેઠકમાં રૂ.૪૯ લાખના કામોને મંજૂરી આપવામાં આવી હતી. ટેન્ડર પ્રક્રિયા પૂરી થઇ ગઈ હતી. દરમ્યાન મહિલા સમિતિના ચેરમેનના પતિ ત્યાં ધસી આવ્યા હતા અને અમને પૂછ્યા વગર આ બધું કેવી રીતે થઇ ગયું એવા સવાલ કર્યા હતા. આઈસીડીએસ વિભાગના અધિકારીઓ અને સ્ટાફ સાથે મહિલા બાળવિકાસ સમિતિના ચેરમેનના પતિ વાતચીત કરી રહ્યા હતા ત્યાં જ કારોબારી સમિતિના ચેરમેન ધસી આવ્યા હતા અને કહ્યું હતું કે, બધું નિયમસર નક્કી થયું છે તમને શું વાંધો છે. એવો સવાલ ઉઠાવી સ્ટાફમાંથી એકપણને છુટા તો કરી જો જો. એવો પડકાર કર્યો હતો. આથી ઉગ્ર બોલાચાલી થઇ હતી.

મહિલા સમિતિના ચેરમેનના પતિનું એવું કહેવું છે કે, કોંગ્રેસના વિસ્તારમાં જ કામ મંજૂર થયું હોવાથી મેં સવાલ પૂછ્યા હતા. ખર્ચની મર્યાદામાં સમિતિના પાવર બાબતે ભલે અમારું કાર્યક્ષેત્ર ન હોય પણ પૂછવું તો પડે ને. જયારે કારોબારી ચેરમેને એવો ખુલાસો કર્યો હતો કે, આંગણવાડીની છત જર્જરિત થઇ ગઈ હોય અને બાળકના માથા પર પડે તેવી સ્થિતિ હોય ત્યારે ભાજપ અને કોંગ્રેસ ન જોવાનું હોય. આ મામલ-ામાં વધુ ઉગ્રતા આવી જાય એવી શક્યતા છે. આઈસીડીએસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની સંયુક્ત સહીથી મહિલા ચેરમેનના પતિ વિરૂધ્ધ કારોબારી ચેરમેનને લેખિત રજૂઆત કરવામાં આવી હોવાનું કહેવાય છે. આવેદનમાં જણાવ્યું છે કે, મહિલા બાળવિકાસ સમિતિના ચેરમેનના પતિ વારંવાર વિભાગમાં આવીને સ્ટાફને જાહેરમાં ખખડાવે છે અને અરૂચીગર ભાષા બોલે છે. એક સમયે ચેરમેનના પતિએ સ્ટાફને એવી સુચના આપી હતી કે, મને પૂછ્યા વગર પોર્ટલ પર એક પણ બીડ કરવાની નથી. હું કહું તેમજ કરવાનું છે અને હું કહું એ જ એજન્સીને આપવાનું છે. આ અંગે આ વિભાગના અધિકારીઓએ જિલ્લા પંચાયત પ્રમુખ સમક્ષ પણ રજૂઆત કરી છે. ચેરમેનના પતિની દખલગીરી સામે વિભાગમાં ભારે ઉશ્કેરાટ જોવા મળી રહ્યો છે.(૨.૧૨)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.